**-: નમુનો - અ :-**

| સ્પેશિયલ જજ, સ્પેશયલ કોર્ટ (પોક્સો) અને અધિક સત્ર ન્યાયાધીશ, આણંદના ન્યાયાલયમાં<br>શ્રી એસ. આઈ. ભોરણીયા | |
|---|---|
| ચુકાદાની તારીખ | તા. ૨૯/૦૬/૨૦૨૬ |
| સ્પેશયલ (પોક્સો) કેસ નંબર | ૨૬/૨૦૨૪ |
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ ૩૫૪ તથા પોક્સો એક્ટની કલમ ૧૨ અને ૧૮ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ફર્સ્ટ ૧૧૨૧૫૦૦૧૨૪૦૧૩૦/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | આણંદ રૂરલ પોલીસ સ્ટેશન, જીલ્લો-આણંદ |
| ફરિયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિદ્ધાન સ્પે. પબ્લિક પ્રોસીક્યુટર<br>શ્રી જે. એચ. રાઠોડ |
| આરોપીપક્ષ | વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયા<br>હાલ રહે. જય અંબે ચોકડી પાસે, વાઘોડીયા બસ સ્ટેશનની બાજુમાં, તા. વાઘોડીયા, જી. વડોદરા<br>મુળ રહે. લફની, ડુમા, મસાબાર, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ |
| રજુઆત | આરોપી તર્ફે વિદ્ધાન વકિલશ્રી<br>વી. એસ. ડાભી |

| -: નમુના- બ :- | |
|---|---|
| ગુન્હાની તારીખ | તા. ૦૬/૦૩/૨૦૨૪ ના કલાક ૧૭:૩૦ થી ૧૮:૦૦ વાગ્યાના સુમારે |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૭/૦૩/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૦૪/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૮/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ----- |

-: આરોપીની વિગત :-

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયા | તા. ૦૭/૦૩/૨૪ | તા. ૧૪/૦૩/૨૪ | ઈ.પી.કો. કલમ- ૩૫૪ તથા પોક્સો એક્ટની કલમ ૧૨ અને ૧૮ મુજબ | | આખરી હુકમ મુજબ | ૭ દિવસ |

**<u>-: નમુનો - ક :-</u>**

ફરિયાદી/ બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદીઓ
(અ) ફરિયાદપક્ષ :-

| અનુક્રમ નંબર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૧ | સુરેશ અરજણભાઈ સોલંકીની જુબાની | પંચ સાહેદ |
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૨ | ભોગ બનનારના પિતા ફરિયાદીની જુબાની | ફરિયાદી |
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૩ | ભોગ બનનારની જુબાની | ભોગ બનનાર |
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૪ | ઝાલા તખતસિંહ મોહનભાઈની જુબાની | સાહેદ |
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૫ | પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીની જુબાની | સાહેદ |
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૬ | પિયુષકુમાર જયંતિભાઈ પરમારની જુબાની | સાહેદ |
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૭ | અનિરૂધ્ધસિંહ રાજસિંહની જુબાની | પોલીસ સાહેદ |
| ફરિયાદપક્ષ સાહેદ નં. ૮ | એન્ડ્રુઝ જેરોમ અસારીની જુબાની | પોલીસ સાહેદ |

(બ) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | ક્યા પ્રકાનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| -- | -- | -- |

(ક) કોર્ટ સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | ક્યા પ્રકાનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| -- | -- | -- |

<table>
<tr><td rowspan="5">GJAN010013772024</td><td colspan="4">રજુ તારીખ : ૧૮/૦૪/૨૦૨૪</td></tr>
<tr><td colspan="4">નોંધ્યા તારીખ : ૧૮/૦૪/૨૦૨૪</td></tr>
<tr><td colspan="4">ફેસલ તારીખ : ૨૯/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td>સમયગાળો</td><td>વર્ષ</td><td>મહીના</td><td>દિવસ</td></tr>
<tr><td></td><td>૦૨</td><td>૦૨</td><td>૧૧</td></tr>
</table>

सत्यमेव जयते

**આણંદના મહે. જજ, સ્પેશયલ કોર્ટ (પોક્સો) અને એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં મુ. આણંદ**

સ્પે.પોક્સો કેસ નંબર : ૨૬/૨૦૨૪

આંક :-

**ફરિયાદી :-** **શ્રી સરકારશ્રી**

-: વિરુધ્ધ :-

**આરોપી :-** વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયા

હાલ રહે. જય અંબે ચોકડી પાસે, વાઘોડીયા બસ સ્ટેશનની બાજુમાં, તા. વાઘોડીયા, જી. વડોદરા

મુળ રહે. લફની, ડુમા, મસાબાર, તા. જાંબુઘોડા, જી. પંચમહાલ

ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૫૪ તથા જાતિય ગુન્હા સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ- ૨૦૧૯ ની કલમ - ૧૨ અને ૧૮ મુજબ.

---

**ફરિયાદપક્ષ તર્ફે વિ. એ.પી.પી.શ્રી જે. એચ. રાઠોડ**

**આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી વી. એસ. ડાભી**

---

**–ઃ <u>ચુકાદો</u> ઃ–**

**(૧)** આ કામના આરોપી વિરુધ્ધ આણંદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૦૧૨૪૦૧૩૦/૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૫૪ તથા જાતિય ગુન્હા સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ – ૨૦૧૯ ની કલમ – ૧૨ અને ૧૮ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.

**(૨)** નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને રાખી તેમજ જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ– ૩૩(૭) ની જોગવાઈ અનુસાર આ ચુકાદામાં ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેમના નામની જગ્યાએ “ભોગ બનનાર” તરીકે હવે પછીથી ઉલ્લેખ કરેલ છે તેવી જ રીતે ભોગ બનનારના પિતાના નામની જગ્યાએ "ભોગ બનનારના પિતા" તરીકે હવે પછીથી ઉલ્લેખ કરેલ છે.

**<u>ફરિયાદ પક્ષના કેસની હકીકતઃ</u>–**

**(૩)** આ કામના ફરિયાદીએ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ ફરિયાદ આપેલ. જે ફરિયાદની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપી વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયાનાઓ તા.૦૬/૦૩/૨૦૨૪ કલાક ૧૭ઃ૩૦ થી ૧૮ઃ૦૦ વાગ્યાના સુમારે મોજે ચીખોદરા ચોકડી શવ શાંતિ કલબ પાસે, મીરા પાર્ક બાજુમાં લગ્નના મુખ્ય દરવાજા પાસે ફરિયાદીની સગીરવયની દિકરી ભોગ બનનારને ઘર આગળ બાંધેલ લગ્નના મુખ્ય દરવાજા પાસે ઉભી હતી ત્યારે આરોપીએ તેણીનો હાથ પકડી મોઢું દબાવી બદ ઈરાદાથી ખેચતાણ કરી સગીર ભોગ બનનારની જાતિય સતામણી કરી ગુન્હો કરેલ. જે સબબની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર– ૧૧૨૧૫૦૦૧૨૪૦૧૩૦/૨૦૨૪ થી આરોપી વિરુધ્ધ હાલનો ગુન્હો નોંધાયેલો છે.

**(૪)** ફરિયાદીએ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ તેઓની ફરિયાદ લખાવ્યા મુજબ લખી લઈ અને ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૫૦૦૧૨૪૦૧૩૦/૨૦૨૪ થી ઈ.પી.કો. કલમ ૩૫૪ અને પોક્સો એક્ટની કલમ–૧૨ અને ૧૮ મુજબનો ગુન્હો નોંધી તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ ત્યારબાદ

લાગતા વળગતા સાહેદોના નિવેદન તેમજ ભોગ બનનારનું નિવેદન તેના લખાવ્યા મુજબ લખી લીધેલ ત્યારબાદ ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવવા તલાટી કમ મંત્રીનાઓને યાદી પાઠવેલ અને તપાસના કામે ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવેલ ત્યારબાદ આરોપીની અટક કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ ત્યારબાદ ફરિયાદી બનાવવાળી જગ્યા બતાવવા માંગતા હોય બે સરકારી પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ ત્યારબાદ ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ અને આ ગુન્હાની તપાસ પુર્ણ કર્યા બાદ આરોપી સામે પુરતો પુરાવો જણાતા સમય મર્યાદામાં અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટ સમક્ષ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજુ કરેલ. જે ચાર્જશીટ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ પોક્સો કેસ નં. ૨૬/૨૦૨૪ થી નોંધવામાં આવેલ.

**<u>ફરિયાદપક્ષના કેસની શરૂઆત અને તહોમતનામું</u>** :–

(૫) ત્યાર બાદ અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટ દ્વારા આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ કેસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલ. ત્યાર બાદ, હાલના આરોપી સામેના ગુનાના આક્ષેપો અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૬ અને ૨૨૭ ની જોગવાઇને આધીન બંને પક્ષને સાંભળ્યા બાદ, આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પ્રથમ દર્શનીય રીતે પુરતો કેસ જણાતાં, મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશ દ્વારા સદર ગુન્હા સંબંધે તા. ૧૮/૦૭/૨૦૨૪ ના રોજ આંક–૦૫ થી આરોપી સામે તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવી તહોમતનામા સંબંધે આંક–૦૬ થી આરોપીની પ્લી (નિવેદન) નોંધતા આરોપીએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતા હાલના આરોપી વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી અત્રેની સ્પેશ્યલ પોક્સો કોર્ટ દ્વારા આગળ ચલાવવામાં આવેલ.

**<u>ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ</u>** :–

(૬) આ કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૦ વંચાણે લઇ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૧ મુજબ ફરિયાદપક્ષ દ્વારા પોતાનો કેસ

પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોના મૌખિક પુરાવાઓ તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવાઓ :–**

| અ.નં. | નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ સુરેશ અરજણભાઈ સોલંકીની જુબાની | ૦૭ |
| ૨ | ભોગ બનનારના પિતા – ફરિયાદીની જુબાની | ૧૧ |
| ૩ | ભોગ બનનારની જુબાની | ૧૪ |
| ૪ | જન્મ મરણ રજીસ્ટ્રાર ઝાલા તખતસિંહ મોહનભાઈની જુબાની | ૧૬–એ |
| ૫ | સાહેદ પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીની જુબાની | ૧૯ |
| ૬ | સાહેદ પિયુષકુમાર જયંતિભાઈ પરમારની જુબાની | ૨૧ |
| ૭ | પી.એસ.ઓ. અનિરૂધ્ધસિંહ રાજસિંહની જુબાની | ૨૩ |
| ૮ | તપાસ કરનાર અધિકારી એન્ડ્રુઝ જેરોમ અસારીની જુબાની | ૨૬ |

**–: દસ્તાવેજી પુરાવાઓ :–**

| **અ.નં.** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૦૮ |
| ૨ | સરકારી પંચો ફાળવવા માટે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીને કરેલ યાદી | ૦૯ |
| ૩ | અસલ ફરિયાદ | ૧૨ |
| ૪ | ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર | ૧૩ |
| ૫ | ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૧૬૪ મુજબનું નિવેદન | ૧૬ |
| ૬ | ભોગ બનનારની જન્મની નોંધ વાળા જન્મ રજીસ્ટરની ખરી નકલ | ૧૭ |
| ૭ | સ્ટેશન ડાયરી ની નકલ | ૨૪ |
| ૮ | ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્રની ખરાઈ કરી આપવા માટે તલાટી કમ મંત્રીશ્રી ચિખોદરાનાઓને કરેલ યાદી | ૨૭ |
| ૯ | ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતનો નામદાર કોર્ટને કરેલ યાદી | ૨૮ |

**(૭)** ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી. શ્રી દ્વારા આ કામે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુરો થયા અંગેની પુરસીસ આંક–૨૯ થી રજુ કરેલ છે.

(૮) ત્યાર બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપી વિરૂદ્ધના સંજોગો અંગે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરિયાદ પક્ષના પુરાવાની હકિકતોનો ઈન્કાર કરેલ છે. આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં તેઓ તેમના બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું અને તેઓ તેમના બચાવમાં સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે. વધુમાં આરોપીએ જણાવેલ છે કે,

> "અમો નિર્દોષ છીએ. માત્ર ફરિયાદીએ અમોને હેરાન–પરેશાન કરવાના ઈરાદે ખોટી ફરિયાદી કરી ખોટો કેસ ઉભો કરેલ છે. અમોને ખોટી રીતે અટક કરી ખોટું ચાર્જશીટ કરેલ છે."

**<u>કેસના નિર્ણય માટેના મુદ્દાઓઃ–</u>**

(૯) આ કામે ફરિયાદ પક્ષના પુરાવાઓ તેમજ ઉભય પક્ષકારોની રજુઆતો ધ્યાને રાખી આ કેસનો નિર્ણય કરવા માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

**મુદ્દા નં.૦૧.** શું ફરિયાદપક્ષ એ હકિકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયના હતા ?

**મુદ્દા નં.૦૨.** શું ફરિયાદપક્ષ એ હકિકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયાનાઓ તા. ૦૬/૦૩/૨૦૨૪ કલાક ૧૭:૩૦ થી ૧૮:૦૦ વાગ્યાના સુમારે મોજે ચીખોદરા ચોકડી શવ શાંતિ કલબ પાસે, મીરા પાર્ક બાજુમાં લગ્નના મુખ્ય દરવાજા પાસે ફરિયાદીની સગીરવયની દિકરી ભોગ બનનારને ઘર આગળ બાંધેલ લગ્નના મુખ્ય દરવાજા પાસે ઉભી હતી ત્યારે આરોપીએ તેણીનો હાથ પકડી મોઢું દબાવી બદ ઈરાદાથી ખેચતાણ કરી જાતિય સતામણી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૦૩.** શું ફરિયાદપક્ષએ હકિકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયાનાઓ તા. ૦૬/૦૩/૨૦૨૪ કલાક ૧૭:૩૦ થી ૧૮:૦૦ વાગ્યાના સુમારે મોજે ચીખોદરા ચોકડી શવ શાંતિ કલબ પાસે, મીરા પાર્ક બાજુમાં લગ્નના મુખ્ય દરવાજા પાસે ફરિયાદીની સગીરવયની દિકરી ભોગ બનનારને ઘર આગળ બાંધેલ લગ્નના મુખ્ય દરવાજા પાસે ઉભી હતી ત્યારે આરોપીએ તેણીનો હાથ પકડી મોઢું દબાવી બદ ઈરાદાથી ખેંચતાણ કરી ભોગ બનનાર સગીર હોવાનું જાણવા છતાં જાતિય સતામણી કરી જાતિય ગુન્હા સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ- ૨૦૧૯ ની કલમ-૧૨ અને ૧૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૦૪.** આખરી શું હુકમ ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો હવે પછી જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

**-::<u>નિર્ણય માટેના કારણો</u> ::-**

**<u>ઉભય પક્ષકારોની મૌખિક દલીલોઃ-</u>**

**<u>ફરિયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલોઃ-</u>**

**(૧૧)** ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી. શ્રી જે.એચ.રાઠોડે તેમની મૌખીક રજુઆતમાં જણાવેલ છે કે, આરોપી વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયાએ તા.

૦૬/૦૩/૨૦૨૪ કલાક ૧૭:૩૦ થી ૧૮:૦૦ વાગ્યાના સુમારે મોજે ચીખોદરા ચોકડી શવ શાંતિ કલબ પાસે, મીરા પાર્ક બાજુમાં લગ્નના મુખ્ય દરવાજા પાસે ફરિયાદીની સગીરવયની દિકરી ભોગ બનનારને ઘર આગળ બાંધેલ લગ્નના મુખ્ય દરવાજા પાસે ઉભી હતી ત્યારે આરોપીએ તેણીનો હાથ પકડી મોઢું દબાવી બદ ઈરાદાથી ખેચતાણ કરી જાતિય સતામણી કરી ગુન્હો કરેલો છે. આ ગુનાહીત કૃત્ય અંગે ફરિયાદીએ ફરિયાદ આપેલી તેથી આણંદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિરૂદ્ધ ગુન્હો દાખલ થયેલો અને ત્યાર બાદ તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની વિસ્તૃત તપાસ કરવામાં આવેલી અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતાં ચાર્જશીટ કરવામાં આવેલુ.

**(૧૧.૧)** વિધ્વાન એ.પી.પી. શ્રી જે.એચ.રાઠોડે વધુમાં રજુઆત કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ આંક-૦૫ થી આક્ષેપીત ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે તેના આધારે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત તહોમતની હકિકતો નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલી છે.

**(૧૧.૨)** તેઓએ તેમની વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં. ૦૧ તરીકે ગુન્હા વાળી જગ્યાના પંચ સાહેદ સુરેશ અરજણભાઈ સોલંકીને તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદે ગુન્હાવાળી જગ્યાના પંચનામાની હકિકતોને સંપુર્ણ સમર્થન આપેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ચિખોદરા ચોકડી પાસે આવેલ ધરતી બંગ્લોઝના ખાંચામાં અવસર પાર્ટી પ્લોટના પાર્કીંગવાળી જગ્યાએ પોલીસ પંચ તરીકે લઈ ગયેલ તે વખતે ત્યાં ફરિયાદી હાજર હતા અને તેઓએ અવસર પાર્ટી પ્લોટના પાર્કીંગવાળો વિસ્તાર બતાવેલ અને કહેલ કે તેમની ભોગ બનનાર દિકરીને આરોપી મોઢું દબાવી હાથ પકડી લઈ ગયેલ. આમ, આ પંચ સાહેદના મૌખિક પુરાવાથી પંચનામાને સંપુર્ણ સમર્થન મળે છે.

**(૧૧.૩)** વિધ્વાન એ.પી.પી.શ્રી રાઠોડે વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષ તર્ફે ભોગ બનનારના પિતા અને આ કામના ફરિયાદીને સાહેદ નં. ૦૨ તરીકે તપાસેલા છે. ફરિયાદીએ તેમની જુબાની દરમ્યાન આંક-૧૩ થી ભોગ બનનારના જન્મનું

પ્રમાણપત્ર રજુ થયેલ છે જે ધ્યાને લેતા ભોગ બનનારની જન્મ તા. ૨૩/૦૨/૨૦૦૭ દર્શાવેલ છે. જે ધ્યાને લેતાં, બનાવના દિવસે ભોગ બનનાર સગીર વયના હોવાનું સ્થાપિત થાય છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ફરિયાદીએ તેમની જુબાનીમાં સ્પષ્ટપણે બનાવની સમગ્ર હકિકતો જણાવેલ છે અને તે હકિકતોના આધારે આરોપી સામેના આક્ષેપિત તહોમતની હકિકતો નિઃશંકપણે પુરવાર થાય છે. તેઓએ જણાવેલ છે કે, ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે લગ્ન પ્રસંગમાં વિદાયના સમયે ગામની બીજી દિકરીઓ જતી રહેલ પછી આરોપી વિષ્ણુ તેમની ભોગ બનનાર દિકરીને મો દબાવીને હાથ પકડીને ખેંચીને લઈ ગયેલ. આમ, ફરિયાદીના મૌખિક પુરાવાથી આરોપીએ ભોગ બનનાર સાથે જાતિય સતામણીનું કૃત્ય આચરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદીએ તેમની જુબાની દરમ્યાન ફરિયાદમાં રહેલ તેમની સહી ઓળખી બતાવેલ છે તેમજ આરોપીને પણ ઓળખી બતાવેલ છે. આમ, ફરિયાદી તેમની ફરિયાદને તથા ફરિયાદ પક્ષના કેસને ચુસ્ત સમર્થન આપે છે.

**(૧૧.૪)** વિધ્વાન એ.પી.પી.શ્રી રાઠોડે વધુમાં જણાવેલ છે કે, આ કામના મુખ્ય સાહેદ ભોગ બનનારને સાહેદ નં. ૦૩ તરીકે તપાસવામાં આવેલા છે. ભોગ બનનારની જુબાની સમયે ભોગ બનનાર માનસિક રીતે સ્થિરતા ધરાવતા નહી જણાતા ભોગ બનનારની જુબાની સાઈકિયાટ્રીક ડો. કિશન એચ. પટેલ અને ચાઈલ્ડના સ્પેશ્યલ એજ્યુકેટર રણજીતસિંહ વાઘેલાની હાજરીમાં નોંધવામાં આવેલ. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે સવાલ જવાબ સ્વરૂપની તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેણી લગ્નમાં ગયેલી ત્યારે તેણીને ઢસડીને પાર્કીંગમાં લઈ ગયેલા. આમ, ભોગ બનનારના પુરાવાથી ભોગ બનનાર સાથે હાથ પકડી ઢસડી લઈ જવાનો જાતિય સતામણીનો ગુન્હો બનેલ હોવાનું સ્પષ્ટ થાય છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે સાયકિયાટ્રીક તેમજ સ્પેશ્યલ એજ્યુકેટરની હાજરીમાં આ કામના આરોપીને આંગળી સીંધીને તેણીને ઢસડીને લઈ જનાર તરીકે ઓળખી બતાવેલ છે. ભોગ બનનારે તેમની જુબાનીમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, તેણીને ઢસડીને લઈ ગયેલ ત્યારે ત્યાં તેને બચાવવા માટે તેના કાકા કલ્પેશભાઈ આવેલા અને તેણીએ બનાવની જાણ તેણીના પપ્પાને કરેલી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં તેણીને જજ સાહેબ પાસે લઈ ગયેલ હોવાનું મોઢું હલાવીને જણાવેલ છે. ભોગ બનનારે

તેમની જુબાની દરમ્યાન આંક–૧૬ વાળું તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન જોઈ તેમાં તેમના અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ છે. આમ, ભોગ બનનાર અસ્થિર મગજના હોવા છતાં તેમની સાથે તેમને ઢસડીને લઈ જવાના બનાવને સમર્થન આપેલ છે અને આ રીતે તેણીને ઢસડીને લઈ જનાર વ્યક્તિ તરીકે આરોપીને ઓળખી બતાવેલ છે. આમ, ભોગ બનનાર સાહેદનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય અને માનવાલાયક છે. ભોગ બનનારે સ્પષ્ટપણે તેમની સાથે આરોપી દ્ધારા આચરવામાં આવેલ કૃત્યની હકિકતો જણાવેલ છે. આથી, ભોગ બનનારના મૌખિક પુરાવાથી આરોપી સામેના આક્ષેપિત તહોમતની હકીકત પુરવાર થાય છે.

**(૧૧.૫)** વિધ્વાન એ.પી.પી.શ્રી રાઠોડે વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૪ તરીકે ઝાલા તખતસિંહ મોહનભાઈને તપાસવામાં આવેલા છે. તેઓ તલાટી ક્રમ મંત્રી, ચીખોદરા તરીકે ફરજ બજાવે છે અને તેઓએ તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમના રેકર્ડ મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૦૨/૨૦૦૭ છે અને જે જન્મ તારીખની નોંધણી તા. ૦૧/૦૩/૨૦૦૭ ના રોજ થયેલી અને નામના કોલમમાં ભોગ બનનારનું નામ તથા માતા પિતાના કોલમમાં ભોગ બનનારના માતા પિતાનું નામ અને માહિતી આપનારના નામના કોલમમાં ભોગ બનનારના પિતાનું નામ રહેલ છે અને માહિતી આપનાર તરીકે ભોગ બનનારના પિતાની સહી છે. આમ, આ સાહેદના મૌખિક પુરાવાના આધારે ભોગ બનનારની જન્મ તારીખની તથા ભોગ બનનાર ૧૭ વર્ષની સગીર વયના હોવાની સાબિતી થયેલ છે.

**(૧૧.૬)** તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સ્વતંત્ર સાહેદ પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીને સાહેદ નં. ૦૫ તરીકે આંક–૧૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને આંશિક સમર્થન આપેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, લગ્ન પ્રસંગમાં વિદાય ચાલતી હતી ત્યારે કોઈ બનાવ બનેલો અને માણસો ભેગા થઈ ગયેલા અને ભેગા થયેલા માણસોના મનમાં એવુ થયેલ કે છોકરાએ છોકરીને છેડતી કરેલ છે. આ સાહેદના પુરાવાથી પણ લગ્ન પ્રસંગમાં વિદાય સમયે ભોગ બનનાર સાથે કોઈ બનાવ બનેલ હોવાની હકીકત સ્થાપિત થાય છે.

**(૧૧.૭)** વિદ્વાન એ.પી.પી. શ્રી એ વિશેષમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૬ તરીકે આંક–૨૧ થી અન્ય સ્વતંત્ર સાહેદ પિયુષકુમાર જયંતિભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને આંશિક સમર્થન આપેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ સમયે વિષ્ણુ નામના છોકરાને તેમના કાકાની ભોગ બનનાર દિકરી સાથે ચાલતા ચાલતા જતા જોયેલ અને બનાવ સમયે આરોપી વિષ્ણુ તેમના બીજા કાકા રાજુભાઈની દિકરી દિપીકાના લગ્નમાં જાનમાં વરરાજાના ડ્રાઈવર તરીકે આવેલ. આ સાહેદે પણ આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદના પુરાવાથી પણ બનાવ સમયે આરોપી ભોગ બનનાર સાથે હોવાની હકીકત સાબિત થાય છે.

**(૧૧.૮)** તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૦૭ તરીકે આંક–૨૩ થી ફરિયાદીની ફરિયાદ લેનાર અને ફરિયાદના આધારે ગુન્હો નોંધનાર પોલીસ સાહેદ અનિરૂધ્ધસિંહ રાજસિંહને તપાસવામાં આવેલા છે. આ પોલીસ સાહેદે તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમના રૂબરૂ જાહેર થયેલ ફરિયાદ નોંધી લઈ હાલનો ગુન્હો તેઓએ દાખલ કરેલ. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૨૪ થી સ્ટેશન ડાયરીની ઓનલાઈન નકલ રજુ રાખેલ છે. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, ફરિયાદ સાથે આંક–૧૩ વાળું ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ. આમ, આ પોલીસ સાહેદના પુરાવાથી ફરિયાદની હકીકત પુરવાર થાય છે અને તે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપે છે.

**(૧૧.૯)** વિદ્વાન એ.પી.પી. શ્રી રાઠોડે તેમની મૌખિક રજુઆતોમાં વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૮ તરીકે આંક–૨૬ થી આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી શ્રી એ.જે.અસારીને તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન તેઓએ તપાસના કામે કરેલ તમામ કામગીરીનું વિગતવાર વર્ણન જણાવેલ છે. આ તપાસ કરનાર અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ પુરતા પુરવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. આ તપાસ કરનાર અધિકારીએ તેમના પુરાવા દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે. આમ, તપાસ

કરનાર પોલીસ અધિકારી ના પુરાવાના આધારે પણ ફરિયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન મળે છે.

**(૧૧.૧૦)** વિધ્વાન એ.પી.પી. શ્રી રાઠોડે વિશેષમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ દ્ધારા આરોપી સામે આક્ષેપિત તહોમતની હકિકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ દ્ધારા પુરવાર કરવામાં આવેલ છે. આ કામે રહેલા ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની સંપુર્ણપણે વિશ્વસનીય છે અને કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ જ્યારે ભોગ બનનારનો પુરાવો સંપુર્ણપણે વિશ્વસનીય હોય ત્યારે ભોગ બનનારના એક માત્ર પુરાવાના આધારે પણ આરોપીને સજા કરી શકાય છે. આ કામે ભોગ બનનારે તેમની જુબાનીમાં તેણીની સાથે તેણીને ઢસડીને લઈ જવાનું જાતિય સતામણીનું કૃત્ય આચરેલ હોવાની સ્પષ્ટ હકીકતો જણાવેલ છે. ભોગ બનનારના મૌખિક પુરાવાને તેમના પિતા તથા અન્ય સાહેદોના પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૧૧.૧૧)** વિદ્ધાન એ.પી.પી.શ્રીએ અંતમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારના પુરાવાના આધારે તેઓએ તેમની સાથે બનેલ જાતિય સતામણીના કૃત્યની હકિકતો સત્ય જણાવેલ હોવાનું સ્થાપિત થાય છે અને તેઓએ તેમના પુરાવાથી ફરિયાદની હકિકતોને સમર્થન આપેલ છે. આથી ભોગ બનનારના વિશ્વસનીય પુરાવાના આધારે તેમજ ભોગ બનનારના પિતા તથા તપાસ કરનાર અધિકારીના વિશ્વસનિય સમર્થનકારી પુરાવાઓના આધારે આરોપીએ સગીર ભોગ બનનારને હાથ પકડી મોઢું દબાવી ઢસડી ખેંચી લઈ જઈ આક્ષેપિત જાતિય ગુન્હાનું કૃત્ય કરેલ હોવાનો ફરિયાદ પક્ષનો કેસ સાબિત થયેલ છે. આથી આરોપીને તકસીરવાન ઠરાવી કાયદાથી નિર્ધારીત મહત્તમ સજા કરવી જોઇએ.

**<u>આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ની મૌખિક દલીલો</u> :-**

**(૧૨)** આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી વી.એસ.ડાભીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદીએ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ રજુ કરેલી જેના આધારે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪ તેમજ પોક્સો એક્ટ- ૨૦૧૨ ની કલમ-૧૨ અને ૧૮ હેઠળ

ગુનો નોંધાયેલો. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૨.૧)** તેઓએ રજુઆત કરેલ છે કે, આરોપી વિરુધ્ધ આંક-૦૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, પરંતુ ફરિયાદપક્ષ દ્વારા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી આ તહોમતની હકિકત પુરવાર કરવામાં આવેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૧ તરીકે આંક-૦૭ થી પંચ સાહેદ સુરેશભાઈ અરજણભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ ગુન્હાવાળી જગ્યાના આંક-૦૮ વાળા પંચનામાના પંચ સાહેદ રહેલા છે. આ પંચ સાહેદે તેમની ઉલટ તપાસમાં એ હકીકતો સ્વીકારેલ છે કે, તેઓ આણંદમાં નોકરી કરતા હોવાથી આણંદ શહેરના મોટા ભાગના વિસ્તારોથી પરિચીત છે અને પંચનામાની કાર્યવાહી માટે તેઓ તેમના ઉપરી અધિકારીની સુચનાથી ગયેલા અને પંચનામુ કરતા પહેલા તેમના ઉપરી અધિકારીએ પંચનામાની સમજ પોલીસ સ્ટેશનમાં આપેલી. આ પંચ સાહેદે તેમની જુબાનીમાં સ્વીકારેલ છે કે, પંચનામાની કાર્યવાહી માટે ક્યા સમયે પહોંચેલ તે સમય પંચનામામાં દર્શાવેલ નથી અને પંચનામુ કરવા જે વાહનમાં ગયેલા તે વાહનની વિગત પંચનામામાં દર્શાવેલ નથી. આમ, આ પંચ સાહેદનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય અને માનવાલાયક રહેલ નથી.

**(૧૨.૨)** વિદ્વાન વકિલ શ્રી ડાભીએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૨ તરીકે આંક-૧૧ થી ભોગ બનનારના પિતા એટલે કે ફરિયાદીને તપાસવામાં આવેલા છે અને ફરિયાદીના પુરાવાના આધારે તેમની ફરિયાદ અને જુબાની વચ્ચે વિસંગતતા જોવા મળે છે. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવના દિવસે તેમના કાકાના દિકરાના ઘરે લગ્ન હતાં અને લગ્નમાં તમામ સગાવહાલાઓને, ફળીયાના તેમજ ગામના નજીકના ઘરોમાં સહકુટુંબ આમંત્રણ આપવામાં આવેલુ અને લગ્નમાં ૧૦૦૦ થી ૧૨૦૦ માણસો એકત્રિત થયેલા અને જાનમાં ૧૦૦-૧૫૦ જેટલા માણસો આવેલા અને વરરાજાને ધાર્મિક વિધી કરી લગ્નની ચોરીએ લાવેલા અને મંડપના ગેટથી લગ્નની ચોરીનું અંતર ૧૦૦ મીટર હતુ. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કન્યા વિદાય સમયે તમામ સગાવહાલાઓ અને ગામના માણસો દિકરીને મંડપના ગેટ સુધી મુકવા

ગયેલા અને તેમના પત્નિ અને તેમની ભોગ બનનાર દિકરી બન્ને પણ લગ્નના ગેટ સુધી દિકરીને વિદાય કરવા ગયેલા અને દિકરીની વિદાય આપી તમામ ઘરના માણસો, સગાવહાલાઓ અને ગામના માણસો પરત ફરેલા. તેઓએ જણાવેલ છે કે, ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સાંજે ૦૫:૩૦ થી ૦૬:૦૦ વાગ્યા સુધીના અરસામાં બનેલો અને બનાવ સમયે અજવાળુ હતું તથા લગ્નમાં ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી પણ કરવામાં આવેલ અને મંડપના ગેટ ઉપર લાઈટની સગવડ પણ કરવામાં આવેલી. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. આમ, ફરિયાદી નજરે જોનાર સાહેદ રહેલ નથી અને તેમનો મૌખિક પુરાવો કથોપકથીત સ્વરૂપનો રહેલો છે. ફરિયાદીના પુરાવાથી રેકર્ડ ઉપર એવી હકીકત આવેલી છે કે, લગ્ન પ્રસંગમાં ૧૦૦૦ ઉપરાંતના માણસો આવેલા અને જાનમાં પણ ૧૦૦–૧૫૦ માણસો આવેલા અને વિદાય સમયે ઘરના માણસો, સગાવહાલા અને ગામના માણસો પણ હાજર હતા અને તેથી આટલા માણસોની હાજરીમાં આવો બનાવ બનવો શક્ય જ નથી. આથી સ્પષ્ટ થાય છે કે, ફરિયાદીએ તદ્દન ઉપજાવી કાઢેલ હકીકતો વાળી ખોટી ફરિયાદ કરેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આટલી બધા માણસોની હાજરીમાં જો આવો બનાવ બનેલ હોય તો પણ તે બનાવના સ્થળે હાજર કોઈ સ્વતંત્ર સાહેદોને ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી. આથી પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહી.

**(૧૨.૩)** વિદ્વાન વકિલ શ્રી ડાભીએ વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના ભોગ બનનાર સાહેદને ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૩ તરીકે આંક–૧૪ થી તપાસવામાં આવેલા છે. ભોગ બનનારની જુબાની ધ્યાને લેતા જણાય છે કે, ભોગ બનનાર માનસિક અસ્થિર મગજના છે અને નામદાર અદાલત દ્વારા પણ ભોગ બનનારની જુબાની દરમ્યાન ભોગ બનનાર તેમને પુછવામાં આવતા સવાલોના સાચા અને વ્યવસ્થિત જવાબ આપતા ન હોવાનું નોંધવામાં આવેલ છે. આથી ભોગ બનનારના મૌખિક પુરાવાને એકમાત્ર વિશ્વસનિય પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી.

**(૧૨.૪)** તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર તેમની જુબાનીમાં તેમની જન્મ તારીખ જણાવી શકતા નથી. ભોગ બનનારને તમે કોના લગ્નમાં ગયેલા

તેવો સવાલ સરતપાસમાં પુછવામાં આવતા તેઓએ માત્ર પહેલાના લગ્નમાં જણાવેલ જેથી પેલાના એટલે કોના તેવા સવાલના જવાબમાં તેઓએ વ્યાસ સરના લગ્નમાં એવુ જણાવેલ છે. ભોગ બનનારે તેમની સરતપાસમાં લગ્નમાં જાન આવેલ ન હોવાનું જણાવેલ છે. ભોગ બનનારને લગ્નમાં કઈ થયેલુ તેવો સવાલ પુછવામાં આવતા ભોગ બનનારે પ્રથમ મોઢું હલાવી ના પાડવાનો ઈશારો કરેલો અને ત્યારબાદ વારંવાર પુછવામાં આવતા ભોગ બનનારે ઢસડીને લઈ ગયેલા તેવુ જણાવેલ છે. આમ, ભોગ બનનારનો મૌખિક પુરાવો માનવા લાયક અને વિશ્વસનિય રહેલ નથી. ભોગ બનનાર તેમની જુબાનીમાં તેણીને ઢસડીને પાર્કીંગમાં લઈ ગયેલ હોવાનું જણાવે છે. જ્યારે કે ફરિયાદ પક્ષના કેસ મુજબ વિદાય સમયે લગ્ન મંડપના ગેટ પાસે બનાવ બનેલ છે. જે બાબત પણ ભોગ બનનારના પુરાવામાં રહેલ વિરોધાભાસ દર્શાવે છે. તેઓએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારને તેણીને ઢસડીને કોણ લઈ ગયેલુ તેવુ પુછતા ભોગ બનનારે કોઈ વ્યક્તિનું નામ જણાવેલ નહી અને ત્યારબાદ ભોગ બનનાર તેમના ગામના હોવાનું જણાવે છે. ભોગ બનનારે તેમને ઢસડીને લઈ ગયા પછી તેમની જોડે કશું નહી થયેલ હોવાનું જણાવેલ છે. ભોગ બનનારે તેમને ઢસડીને લઈ જનારનું નામ વારંવાર પુછવામાં આવતા જગદિશ સર એવો જવાબ આપેલ છે. આમ, ભોગ બનનાર દ્વારા ફરિયાદ પક્ષના કેસની હકીકતોને અને આરોપીએ તેણીનો હાથ પકડી ઢસડીને ખેંચી લઈ ગયાની હકીકતોને કોઈ સમર્થન આપેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન આરોપી તરફ આંગળી સીંધીને આરોપીને તેણીને ઢસડીને લઈ જનાર વ્યક્તિ તરીકે ઓળખી બતાવે છે પરંતુ ભોગ બનનારના સમગ્ર પુરાવાને ધ્યાને લેતા તેમના પુરાવામાં રહેલી વિસંગતતા અને વિરોધાભાસી હકીકતો આ હકીકતને માનવાલાયક બનાવતી નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાનીમાં તેમને બચાવવા કલ્પેશકાકા આવેલ હોવાનું જણાવેલ છે પરંતુ આ કલ્પેશભાઈ નામના વ્યક્તિને ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ નથી.

**(૧૨.૫)** તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, દિપીકાનું લગ્ન હતુ અને તેના લગ્ન તેમના ઘર આગળ જ હતા અને લગ્નમાં ગામના માણસો અને સગાવહાલા એમ ઘણા માણસો આવેલા અને લગ્નમાં જાન આવેલી, વરઘોડો આવેલો અને ડી.જે. પણ હતુ. ભોગ બનનારે સ્વીકારેલ છે કે,

લગ્નની ચોરી અને ગેટ નજીક નજીકમાં હતા અને દિપીકાને વળાવવા માટે તેઓ, તેમના માતા, સગાસબંધીઓ અને બહેનપણીઓ લગ્નના ગેટ સુધી ગયેલા અને દિપીકાને ગાડીમાં બેસાડીને વળાવી દીધા બાદ તેઓ બધા ઘરે પરત આવેલા. આમ, ભોગ બનનાર સ્પષ્ટપણે જણાવે છે કે, જે છોકરીના લગ્ન હતા તેને વળાવી દીધા બાદ ગાડીમાં બેસાડીને વિદાય આપવા ગયેલા તમામ લોકો ઘરે પરત આવેલા. આથી પણ ભોગ બનનારના કહેવા મુજબનો ફરિયાદ પક્ષના કેસ મુજબનો બનાવ બનેલ હોવાનું સાબિત થતુ નથી. તેઓએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણીને ત્રણ છોકરા ઢસડીને લઈ ગયેલા. જે બાબત પણ ફરિયાદીના પુરાવાને અવિશ્વસનીય બનાવે છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, આંક–૧૬ થી રજુ થયેલ ભોગ બનનારના કલમ–૧૬૪ ના નિવેદનની હકીકતો ધ્યાને લેતા જણાય છે કે, તે હકીકતો ભોગ બનનારની જુબાનીથી તદ્દન વિરુધ્ધની રહેલી છે. આમ, ભોગ બનનારના મૌખિક પુરાવા તેમજ કલમ–૧૬૪ ના નિવેદનથી ફરિયાદ પક્ષના કેસની હકીકતો સાબિત થતી નથી.

**(૧૨.૬)** તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષ તરફે સાહેદ નં.–૦૪ તરીકે આંક–૧૬–એ થી તલાટી કમ મંત્રી, ચિખોદરા તરીકે ફરજ બજાવતા તખતસિંહ મોહનભાઈ ઝાલાને તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૧૭ થી જન્મ નોંધણી રજીસ્ટરની ખરી નકલ રજુ કરેલ છે. પરંતુ તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, સને ૨૦૦૭ માં તેઓ ચિખોદરા મુકામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા ન હતા અને તેઓ રેકર્ડ આધારે જુબાની આપે છે અને તેમની પાસે તપાસ કરનાર અધિકારીએ ભોગ બનનારના જન્મના દાખલાની માંગણી કરેલ નથી અને આંક–૧૩ વાળા જન્મના પ્રમાણપત્રમાં તેમની સહી નથી અને ભોગ બનનારના જન્મ બાબતે તેઓને અંગત જાત માહિતી નથી. આથી, ભોગ બનનારની જન્મ તારીખ તથા સગીર ઉંમર પુરવાર થયાનું કહી શકાય નહી.

**(૧૨.૭)** વિદ્ધાન વકિલશ્રી ડાભીએ રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૫ તરીકે આંક–૧૯ થી પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષ દ્ધારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. પરંતુ આ સાહેદના પુરાવા મારફતે હકીકતમાં લગ્ન પ્રસંગમાં જે સાચો બનાવ બનેલ તે સાચા

બનાવની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, આ સાહેદે તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, લગ્ન પ્રસંગમાં વિદાય ચાલતી હતી ત્યારે એક માનસિક અસ્થિર છોકરીએ એક છોકરાનો મોબાઈલ ફોન જુટવી લીધેલો જેથી ત્યાં ઝપાઝપી થયેલી અને માણસો ભેગા થયેલા અને તેમના મનમાં એવુ થયેલ કે છોકરાએ છોકરીને છેડતી કરેલ છે પરંતુ તેઓએ આખો બનાવ નજરે જોયેલ અને છોકરાએ છોકરીને કોઈ છેડતી કરેલ ન હતી. આમ, આ સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર સાચી હકીકત આવેલ છે. આ સાહેદના પુરાવાનું મહત્વ એટલા માટે રહેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ આ સાહેદ નજરે જોનાર સાહેદ રહેલા છે.

**(૧૨.૮)** તેઓએ રજુઆત કરેલ છે કે, આ સાહેદ પ્રકાશભાઈએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, લગ્નમાં આશરે ૧૦૦૦ જેટલા માણસો હતા અને વિદાયનો પ્રસંગ સાંજના ૦૬:૩૦ કલાકે હતો અને મોબાઈલ જુંટવી લેવાના બનાવ સમયે અજવાળુ હતુ અને વિદાય સમયે મંડપના ગેટ આગળ ૧૦૦-૨૦૦ જેટલા માણસો ભેગા થયેલ હતા અને વિદાય પ્રસંગ તેઓ, પિયુષભાઈ, અજયભાઈ અને કલ્પેશભાઈ ત્યાં હાજર હતા અને તેઓએ જે બનાવ બનેલ અને જોયેલ તે જ હકીકતો લખાવેલ છે. આમ, ફરિયાદ પક્ષના આ સ્વતંત્ર અને નજરે જોનાર સાહેદ દ્વારા તેમના મૌખિક પુરાવામાં હકીકતમાં જે સાચો બનાવ બનેલ તેની વિગત જણાવવામાં આવેલ છે અને તેના આધારે ફરિયાદ પક્ષનો કેસ ખોટો હોવાનું પુરવાર થાય છે.

**(૧૨.૯)** વિદ્વાન વકિલ શ્રી ડાભીએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા તેમના કેસ મુજબના અન્ય નજરે જોનાર સાહેદ પિયુષકુમાર જયંતિભાઈ પરમારને સાહેદ નં. ૦૬ તરીકે આંક-૨૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન નહી આપતા તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આ સાહેદ તેમની જુબાનીમાં તદ્દન નવી જ હકીકત એવી જણાવે છે કે, વિષ્ણુ નામના છોકરાને તેમના કાકાની ભોગ બનનાર દિકરી સાથે લફરુ હતુ. આથી પણ ફરિયાદ પક્ષના કેસને આ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ સાહેદ તેમની જુબાનીમાં વધુમાં એવી હકીકત જણાવે છે કે, તેઓએ તે દિવસે આ વિષ્ણુ અને તેમના કાકાની ભોગ બનનાર દિકરીને સાથે ચાલતા જતા જોયેલા તે સિવાય બીજુ કશું જોયેલુ નહી અને પાછળથી પણ તેમને બીજુ કશું જાણવા

મળેલ નહી. આમ, ફરિયાદ પક્ષના આ નજરે જોનાર સાહેદના મૌખિક પુરાવાથી પણ આ કામના આરોપીએ બદઈરાદાથી ભોગ બનનારનો હાથ પકડી મોઢું દબાવી ખેંચી લઈ જવા પ્રયાસ કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, આ સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, દિપીકાબેનના લગ્નમાં ૨૦૦૦ જેટલા માણસો હાજર હતા અને વિદાય માટે આશરે ૧૦૦ થી ૧૫૦ માણસો ગયેલા. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, લગ્ન હોવાથી અને વિદાય ચાલતી હોવાથી ઘણા બધા માણસો ચાલતા ચાલતા જતા હોય તે રીતે આ વિષ્ણુ અને ભોગ બનનાર પણ ચાલતા ચાલતા જતા હતા. વિદ્વાન વકિલશ્રી ડાભીએ વધુમાં રજુઆત કરેલ છે કે, આ સાહેદને નામદાર અદાલત દ્વારા સવાલો પુછવામાં આવેલા જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ વિષ્ણુ નામના છોકરાને અને ભોગ બનનારને બન્નેને સાથે ચાલતા ચાલતા જતા જોયેલા અને તે સમયે તેમના મિત્રો અમિત અને કાર્તિક હાજર હતા. ફરિયાદ પક્ષ દ્વારા આ કામે આ અમિત અને કાર્તિક નામના વ્યક્તિઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. આથી ફરિયાદ પક્ષના કેસને આ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી.

**(૧૨.૧૦)** વિદ્વાન વકિલ શ્રી ડાભીએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૭ તરીકે આંક–૨૩ થી પી.એસ.ઓ. અનિરુધ્ધસિંહ રાજસિંહને તપાસવામાં આવેલા. આ સાહેદ ફરિયાદીની ફરિયાદ લેનારા પણ રહેલા છે. આ સાહેદે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ બનેલો અને તેની ફરિયાદ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ આપેલી. આમ, ફરિયાદ એક દિવસના વિલંબથી આપવામાં આવેલ હોવાનું સાબિત થાય છે અને તેના માટે ફરિયાદ પક્ષ દ્વારા કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. ઉપરાંતમાં ફરિયાદીના પુરાવામાં રહેલી વિસંગતતા આ પોલીસ સાહેદના પુરાવાથી સાબિત થયેલ છે.

**(૧૨.૧૧)** વિદ્વાન વકિલ શ્રી ડાભીએ તેમની વિસ્તૃત રજુઆતમાં જણાવેલ છે કે, આ કામના તપાસ કરનાર અધિકારી શ્રી એ.જે.અસારીને ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૦૮ તરીકે આંક–૨૬ થી તપાસવામાં આવેલા છે. આ તપાસ કરનાર અધિકારીએ પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજના બનાવની ફરિયાદ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ નોંધાયેલી અને તેઓએ તપાસ તા.

૦૭/૦૩/૨૦૨૪ ના રોજ સંભાળેલી. તેઓએ રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારીના પુરાવાથી ફરિયાદ પક્ષના સાહેદ પિયુષભાઈની જુબાનીમાં જોવા મળેલ વિસંગતતા અને વિરોધાભાસની હકીકત પુરવાર થાય છે. તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, જે કોઈ બનાવ બનેલો તે લગ્નના દિવસે વિદાય સમયે બનેલ હોવાનું તેમની તપાસમાં ખુલેલુ. આમ, તપાસ કરનાર અધિકારીના પુરાવા પરથી પણ ફરિયાદ વિલંબથી આપવામાં આવેલ હોવાનું અને જે કોઈ બનાવ બનેલ તે દિપીકાબેનના લગ્નમાં વિદાય સમયે બનેલ હોવાનું જણાય છે.

**(૧૨.૧૨)** વિદ્ધાન વકિલ શ્રી ડાભીએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે, સાહેદોના પુરાવાના આધારે વિદાય સમયે ૧૦૦ થી ૧૫૦ માણસો હાજર હોવાનું અને વિદાયમાં દિકરીને વળાવવા ઘરના સભ્યો, સગાવ્હાલાઓ અને અન્ય લોકો મળી ઘણા બધા લોકો ગયેલ હોવાનું પુરવાર થાય છે. આમ, આટલા બધા લોકોની હાજરીમાં ભોગ બનનારને લોકો વચ્ચેથી હાથ પકડી ખેંચી ઢસડી લઈ જવાનો બનાવ બને તે બાબત જ માનવામાં આવે તેવી નથી. વિદાય સમયે આટલા માણસોની હાજરીમાં આવુ કૃત્ય કરવાની કોઈની હિંમત થાય તે બાબત પણ કલ્પનાથી પર છે. તેઓએ રજુઆત કરેલ છે કે, જો આવો કોઈ બનાવ બનેલ હોય તો પણ અસંખ્ય માણસોની હાજરીમાં બનેલો, તેમ છતાં ફરિયાદ પક્ષના આક્ષેપિત તહોમતની હકીકતને કોઈપણ સ્વતંત્ર સાહેદ દ્ધારા વિશ્વસનિય સમર્થન આપવામાં આવેલ નથી. આ કામે તપાસવામાં આવેલા તમામ નજરે જોનાર સાહેદો ફરી ગયેલા સાહેદ જાહેર થયેલા છે. તેઓએ રજુઆત કરેલ છે કે, જો હાથ પકડી ખેંચી લઈ જવાનો ભોગ બનનાર સાથે બનાવ બનેલ હોય તો ભોગ બનનારના માતા–પિતા અને અન્ય કુટુંબીજનો તથા ગામ લોકો હાજર હોવા છતાં તાત્કાલીક ફરિયાદ આપવામાં આવેલ નથી અને આ બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. આથી એ હકીકત પુરવાર થાય છે કે, ફરિયાદ પક્ષના જ સાહેદ પ્રકાશભાઈ સોલંકી દ્ધારા જણાવવામાં આવ્યા મુજબ ભોગ બનનારે જાનમાં આવેલ કોઈ વ્યક્તિનો ફોન જુંટવી લેતા ઘણા માણસો ભેગા થયેલા અને ઝપાઝપી થયેલી તેવો બનાવ બનેલ અને તેને અલગ જ રંગ આપી ફરિયાદી દ્ધારા પાછળથી બીજા દિવસે ખોટી ફરિયાદ ઉભી કરવામાં આવેલ છે.

**(૧૨.૧૩)** વિદ્વાન વકિલ શ્રી ડાભીએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનારનો પુરાવો વિશ્વસનિય અને માનવાલાયક રહેલ નથી અને ફરિયાદીનો મૌખિક પુરાવો કથોપકથીત રહેલો છે અને તે પણ વિશ્વસનિય નથી તેમજ ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા નજરે જોનાર સાહેદ દ્વારા ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપવામાં આવેલ નથી. આથી ફરિયાદ પક્ષના કેસ પરત્વે નિર્માણ થયેલ શંકાનો લાભ આરોપીને આપી છોડી મુકવા જોઈએ.

**<u>ફરિયાદ પક્ષના મૌખિક પુરાવાઓનું નિરૂપણઃ–</u>**

**(૧૩)** ફરિયાદપક્ષનો એવો કેસ છે કે, આરોપી વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયાએ તા. ૦૬/૦૩/૨૦૨૪ કલાક ૧૭:૩૦ થી ૧૮:૦૦ વાગ્યાના સુમારે મોજે ચીખોદરા ચોકડી શવ શાંતિ કલબ પાસે, મીરા પાર્ક બાજુમાં લગ્નના મુખ્ય દરવાજા પાસે ફરિયાદીની સગીરવયની દિકરી ભોગ બનનારને ઘર આગળ બાંધેલ લગ્નના મુખ્ય દરવાજા પાસે ઉભી હતી ત્યારે આરોપીએ તેણીનો હાથ પકડી મોઢું દબાવી બદ ઈરાદાથી ખેચતાણ કરી જાતિય સતામણી કરી ગુન્હો કરી જાતિય સતામણી કરીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ તથા જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની કલમ ૧૨ અને ૧૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

**(૧૪)** ફરિયાદપક્ષ દ્વારા આરોપી સામે આક્ષેપિત તહોમતની હકિકતો પુરવાર કરવા માટે કુલ–૦૮ સાહેદોને તપાસવામાં આવેલ છે. જેઓના પુરાવાઓ નીચે મુજબ છે.

**(૧૫)** ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૧ તરીકે આંક–૦૭ થી ગુન્હાવાળી જગ્યાના પંચ સાહેદ સુરેશભાઈ અરજણભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૦૮/૦૩/૨૦૨૪ ના રોજ આણંદ રુરલ પોલીસ સ્ટેશનમાંથી તેઓના ઉપરી અધિકારી ઉપર ફોન આવેલ અને બે કર્મચારીને આણંદ રૂરલ પોલીસ સ્ટેશન કામગીરી માટે મોકલવાનું જણાવતા તેઓના ઉપરી અધિકારીએ તેઓને તથા તેમની સાથેના શિલ્પાબેન વિઠ્ઠલભાઇ પટેલનાઓને

રૂરલ પોલીસ સ્ટેશન જવાનું કહેતા તેઓ આશરે બપોરના ૧૨:૩૦ કલાકે આણંદ રૂરલ પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યારબાદ આ કેસ બાબતે પોલીસ ધ્વારા જાણકારી આપવામાં આવેલી અને ત્યારબાદ તેઓ બંને પંચોને પોલીસ તેમની સાથે ચીખોદરા ચોકડી પાસે અંબેવિલા સોસાયટી સામે આવેલ ધરતી બંગ્લોઝના ખાંચામાં અવસર પાર્ટી પ્લોટના પાર્કીંગ વાળી જગ્યાએ લઇ ગયેલા તે વખતે ત્યાં ફરિયાદી હાજર હતા અને ફરિયાદીએ અવસર પાર્ટી પ્લોટના પાર્કીંગવાળો વિસ્તાર બતાવેલ અને કહેલ કે આ જગ્યાએથી તેમની ભોગ બનનાર દીકરીને આરોપી વિષ્ણુભાઇ મોઢું દબાવી હાથ પકડીને લઇ જતા હતા ત્યારે ભોગબનનારે બૂમાબૂમ કરતા ત્યાં હાજર વ્યક્તિઓએ ભોગ બનનારને છોડાવેલ જે બાબતે વિગતવારના પંચનામાનું લખાણ કરવામાં આવેલ અને તે લખાણમાં તેઓએ તથા તેમની સાથેના પંચ શિલ્પાબેનનાઓએ સહી કરેલી અને ગુન્હાવાળી જગ્યાએ પંચનામુ બપોરના ૧ થી ૧:૪૫ ની વચ્ચે કરવામાં આવેલ. આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૦૮ થી રજુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ જોઈ જેમાં પંચ નં. ૦૧ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૦૯ થી રજુ સરકારી પંચો ફાળવવાની યાદી જોઈ જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૧૫.૧)** આ પંચ સાહેદની ઉલટતપાસ આરોપી પક્ષ તર્ફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ૭ વર્ષથી આણંદ ખાતે નોકરી કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, આણંદ શહેરના મોટાભાગના વિસ્તારથી તેઓ પરિચિત છે અને પંચનામાની કાર્યવાહી માટે તેઓ તેમના ઉપરી અધિકારીની સૂચનાથી ગયેલા અને પંચનામાની કાર્યવાહી પહેલા પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પંચનામુ ક્યા ગુન્હા સબંધે છે તેની સમજ આપવામાં આવેલ અને પંચનામાની કાર્યવાહી માટે ક્યા સમયે પોલીસ સ્ટેશન પહોંચેલા તે સમય દર્શાવેલ નથી અને પંચનામુ કરવા તેઓ કયા વાહનમાં ગયેલા તે વાહનની વિગત પંચનામામાં દર્શાવવામાં આવેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓ ગુન્હાવાળી જગ્યાએ પહોંચેલા તે પહેલાથી જ ગુન્હાની વિગતોથી તેઓ વાકેફ હતા અને પંચનામાની કોપી પંચનામા સમયે તેઓ પંચોને પણ આપવામાં આવેલ અને જુબાની આપતા પહેલા તેઓએ કેવી જુબાની આપવી તેવી સમજ આપવામાં આવેલી અને સરકારી કર્મચારી હોવાને કારણે ખોટી પંચનામાની હકિકતને સમર્થન આપવા ખોટી જુબાની આપેલ છે અને તેઓની હાજરીમાં પંચનામાની કોઇ

કાર્યવાહી થયેલ જ નથી. તેઓએ સ્વીકારેલ છે કે આંક-૦૯ વાળી યાદીમાં તે યાદી રીસીવ કર્યાનો સમય લખેલો નથી.

**(૧૬)** ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૨ તરીકે આંક-૧૧ થી ભોગ બનનારના પિતા કે જે આ કામના ફરિયાદી રહેલ છે તેઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ રીક્ષા ડ્રાઇવીંગ કરી તેઓનું ગુજરાન ચલાવે છે અને તેઓને સંતાનમાં પાંચ દીકરીઓ છે જેમા સૌથી મોટી દીકરી K, ત્યારબાદ ભોગ બનનાર, ત્યારબાદ બીજી ૩ નાની દીકરીઓ છે અને તેઓની ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ તેઓને યાદ નથી તેની જન્મ તારીખ બાબતે તેઓએ ભોગ બનનારના જન્મનું સર્ટી પોલીસમાં આપેલ છે અને ભોગ બનનાર ૧૮ વર્ષની છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓના કાકાના દીકરા રાજેશભાઇ રમેશભાઇ વાઘેલાની દીકરીના લગ્ન હતા તેની લગ્ન તારીખ તેઓને યાદ નથી પરંતુ તેણીનું લગ્ન માર્ચ-૨૦૨૪ માં હતુ તે વખતે જાન વાળા વાઘોડીયા જીલ્લો વડોદરાથી આવેલ અને જાનૈયા તેમજ વરરાજા તેઓના ઘરે આવેલા અને આ લગ્ન પ્રસંગમાં વિદાય કરવાના સમયે લગ્ન-મંડપના મેઇનગેટ પાસેથી ગામની બીજી દીકરીઓ રવાના થઇ ગયેલ ત્યારે આરોપી વિષ્ણુએ તેઓની ભોગ બનનાર દીકરીનું મો દબાવીને હાથ પકડીને તેણીને ૩૦૦ મીટર આસપાસ ખેંચી ગયેલો તે વખતે સાંજના ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યા હતા અને આ બનાવ તેઓના કાકાનો દીકરો કલ્પેશ, અજય, પ્રકાશ તથા અન્ય એક વ્યકિતએ જોઇ લેતા પ્રકાશે તેઓને રૂબરૂમાં આવીને જાણ કરેલી તેથી તેઓ ભાગીને અવસર પાર્ટી પ્લોટ પાસે પહોંચેલા ત્યાંથી તેઓ તેમની ભોગ બનનાર દીકરીને તેઓના ઘરે પાછી લઇ આવેલા અને આરોપીને કલ્પેશ, અજય, પ્રકાશ વિગેરે નાઓએ મારની બીકે ત્યાંથી ભગાડી દીધેલો. તેઓએ વધુમા જણાવેલ છે કે, ત્યારબાદ તેઓએ તેમની ભોગ બનનાર દીકરીને ઘરે લાવીને પૂછતા જણાવેલ કે જાન માંનો એક છોકરો તેણીનું મોં દબાવીને તેણીને લઇ જતો હતો તેને કલ્પેશ, અજય, પ્રકાશનાઓ જોઇ જતા તેમણે તેણીને બચાવેલી ત્યારબાદ જાન કયાંથી આવેલી, તેમાં કોણ કોણ હતા તેવી તપાસ કરેલી ત્યારબાદ જેના લગ્ન હતા તે વરરાજા ની પૂછપરછ કરવામાં આવેલી પણ તેઓએ પણ કોઇ નામ આપેલ નહી જેથી તેઓએ પોલીસમાં ફરિયાદ આપેલ ત્યારે નયનકુમાર એટલે કે વરરાજાએ "તે છોકરો મારો ભાઇબંધ છે અને તેનુ નામ વિષ્ણુ બારૈયા છે" તેમ જણાવેલુ. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક-૧૨ થી રજુ ફરિયાદ જોઇ જેમાં

તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૧૩ થી રજુ ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર જોઈ તેઓએ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓની ભોગ બનનાર દિકરીનો જન્મ ચિખોદરા મુકામે થયેલો અને તેની જન્મની નોંધણી ચિખોદરા પંચાયતમાં કરાવેલી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ દાખલ કર્યા બાદ અડધો કલાક બાદ પોલીસવાળા તેઓના ઘરે આવેલા અને તેઓની પૂછપરછ કરેલી તે સિવાય બીજુ કઇ બનેલ નહી. ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે.

**(૧૬.૧)** આ ફરિયાદીની ઉલટતપાસ આરોપી પક્ષ તર્ફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ દરબાર જ્ઞાતિના છે અને લગ્ન તેઓના કાકાના દીકરાના ઘરે હતા અને તે આ લગ્નમાં તમામ સગાવહાલાઓને આમંત્રણ આપવામાં આવેલ અને ફળીયામાં તેમજ ગામના નજીકના ઘરોમાં સહકુટુંબ આમંત્રણ આપવામાં આવેલ. તેઓએ જણાવેલ છે કે, આ લગ્નમાં ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા માણસો એકત્રિત થયેલા અને જાનમાં ૧૦૦ થી ૧૫૦ જેટલા માણસો આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે, જાનમાં વરરાજાને ધાર્મિક વિધી કરીને લગ્નની ચોરીએ લાવેલા. તેઓએ જણાવેલ છે કે, મંડપના ગેટથી લગ્નની ચોરીનું અંતર ૧૦૦ મીટરનું હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, કન્યા વિદાય સમયે તમામ સગાવહાલાઓ અને ગામના માણસો દીકરીને મંડપના ગેટ સુધી મુકવા જાય છે અને તેઓના પત્ની કોકીલાબેન અને ભોગ બનનાર દીકરી બંને લગ્ન મંડપના ગેટ સુધી દીકરીને વિદાય કરવા માટે ગયેલા અને દીકરીને વિદાય આપીને તમામ ઘરના માણસો, સગાવહાલાઓ અને ગામના માણસો પરત ફરેલા.

**(૧૬.૨)** ફરિયાદીને તેઓની જુબાની દરમ્યાન સવાલ પુછવામાં આવેલ છે કે, “તમારા પત્ની અને દીકરી પણ મંડપના ગેટથી દીકરીને વિદાય કરીને પરત ફરેલા” જેના જવાબમાં જણાવેલ છે કે, “પત્ની પરત ફરેલી, ભોગ બનનાર દીકરી પરત ફરેલ નહી.” તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સાંજે ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યા સુધીના અરસામાં બનેલો અને બનાવ સમયે અજવાળુ હતુ અને લગ્નમાં ફોટોગ્રાફી અને વીડીયોગ્રાફી પણ

કરવામાં આવેલા અને લગ્ન મંડપમાં અને ગેટ ઉપર લાઇટની સગવડો પણ કરવામાં આવેલા અને આ કામે બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, "મને રુબરુમાં આવીને જાણ કરેલી તેથી હું ભાગીને અવસર પાર્ટી પ્લોટ પાસે પહોંચેલો. ત્યાંથી હું મારી ભોગ બનનાર દીકરીને મારા ઘરે પાછી લઈ આવેલો." અને "ત્યારબાદ જેના લગ્ન હતા તે વરરાજાની પુછપરછ કરવામાં આવેલી પણ તેઓએ પણ કોઈ નામ આપેલ નહી." તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજના નિવેદનમાં એવી હકિકત લખાવેલી કે "મારી ભોગ બનનાર દીકરી નાનપણથી જ અસ્વસ્થ છે." તેઓએ ઈન્કાર કરેલ છે કે, તેઓની ભોગ બનનાર દીકરી નાનપણથી અસ્થિર મગજની છે. તેઓએ સ્વીકારેલ છે કે, વિષ્ણુને તેઓએ સૌપ્રથમ પોલીસ સ્ટેશનમાં જોયેલો અને ત્યારબાદ કોર્ટમાં જોયેલો. તેઓએ ઈન્કાર કરેલ છે કે, તૈયાર લખેલી ફરિયાદમાં તેઓએ ફકત સહી કરેલ અને સોગંદ ઉપર ખોટી જુબાની આપેલ છે.

**(૧૭)** ફરિયાદપક્ષ દ્વારા આંક-૧૪ થી ભોગ બનનાર સાહેદ નં. ૦૩ તરીકે બાળ સાહેદ ભોગ બનનારને તપાસવામાં આવેલ છે. આ ભોગ બનનાર બાળ સાહેદની જુબાની નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ, આણંદના ઓફીસર અને સાયકીયાટ્રીક ડો. કિશન એચ. પટેલ તેમજ બાળકોના સ્પેશ્યલ એજ્યુકેટર રણજીસિંહ વાઘેલાની હાજરીમાં નોંધવામાં આવેલ અને ત્યારબાદ ભોગ બનનાર બાળ સાહેદ રહેલ હોવાથી તેઓ સોગંદ ઉપર જુબાની આપવા સક્ષમ છે કે કેમ? તે બાબતની ચકાસણી અર્થે ભોગ બનનારને સવાલ પુછવામાં આવેલ પરંતુ ભોગ બનનાર સોગંદની ગંભીરતા સમજી શકવા અસમર્થ જણાતા ભોગ બનનારને સોગંદ આપવામાં આવેલ નહી. આ સાહેદના આ સવાલ-જવાબ રૂપી પુરાવાનું નિરૂપણ કરવામાં તેમજ આ પુરાવાનું મુલ્યાંકન કરવામાં કોઈ સંદીગ્ધતા ન રહે તે માટે આ સાહેદનો મૌખિક પુરાવો મુળભુત સ્વરૂપમાં જ અક્ષરસઃ નીચે મુજબ પ્રતિકૃત કરવામાં આવે છે.

સવાલ – તારે કેટલી બહેનો છે અને તેમના નામ શુ છે?
જવાબ– મારે ૩ બહેનો છે . કોમલ, વૈશાલી, મિતાલી અને હુ

સવાલ– તમે કોના લગ્નમા ગયેલા?
જવાબ – પેલા ના લગ્નમાં.

સવાલ– પેલાના એટલે કોના લગ્નમાં?
જવાબ– વ્યાસ સરના લગ્નમાં.

સવાલ – લગ્નમાં જાન આવેલી?
જવાબ– ના.

સવાલ – લગ્નમાં કોની સાથે ગયેલી?
જવાબ– પપ્પા સાથે.

સવાલ – લગ્નમાં કંઇ થયેલુ?
જવાબ– ભોગ બનનાર મોઢુ હલાવીને ના નો ઇશારો કરે છે ત્યારબાદ ફરીથી ભોગ બનનારને લગ્નમાં કઇ થયેલ તેવુ પૂછતા ઢસડીને લઇ ગયેલા તેમ જણાવે છે.

સવાલ– તમે ક્યાં હતા અને તમને ઢસડીને ક્યાં લઇ ગયેલા?
જવાબ– પાર્કિંગમાં.

સવાલ– તમને કોણ ઢસડીને લઇ ગયેલુ?
જવાબ– ભોગ બનનાર કોઇ ચોકકસ વ્યક્તિનું નામ જણાવતી નથી.

સવાલ– ઢસડીને લઇ જનાર તમારા ગામનો હતો?
જવાબ– હા, મારા ગામનો હતો.

સવાલ– ઢસડીને લઇ ગયા પછી તમારી જોડે શુ કરેલુ?
જવાબ– ભોગ બનનાર પોતાનુ મોઢુ હલાવીને "ના" નો ઇશારો કરે છે.

સવાલ– ઢસડીને લઈ જનારનુ નામ શું હતુ?
જવાબ– ભોગ બનનારને વારંવાર આ પ્રશ્ન પૂછતા તેણીએ જગદીશ સર તેવો જવાબ આપેલ છે.

સવાલ– તમને ઢસડીને લઈ જનાર ને તમે ઓળખી શકો?
જવાબ– તમને ઢસડીને લઈ ગયેલ તે આજરોજ કોર્ટમાં હાજર છે તેવા પ્રશ્નના જવાબમાં આરોપી બેઠેલ છે તેની આગળનો પડદો ખોલતા ભોગ બનનારે આંગળી ચીંધીને આરોપીના ખાનામાં બેઠેલ વ્યકતિને ઓળખી બતાવેલ છે. ભોગ બનનાર દ્ધારા ઓળખી બતાવેલ વ્યક્તિને કોર્ટ ધ્વારા તેનું નામ પૂછતા તેણે પોતાનું નામ વિષ્ણુ વીપીનભાઈ બારૈયા હોવાનું જણાવેલ છે. ભોગબનનારે આ કામના આરોપીની સાચી ઓળખ કરી બતાવેલ છે.

સવાલ–ઢસડીને પાર્કીંગમાં લઈ ગયા પછી તમારી જોડે કઈ કરેલુ?
જવાબ– ભોગ બનનારને આ પ્રશ્ન વારંવાર પૂછતા તેણી ફકત ઢસડીને લઈ ગયેલ તેવી હકિકત જણાવે છે.

સવાલ – ઢસડીને લઈ ગયેલ ત્યારે ત્યાં બચાવવા માટે કોણ આવેલ?
જવાબ– મારા કાકા કલ્પેશ આવેલા.

સવાલ– તમે બનાવની જાણ તમારા પપ્પાને કરેલી?
જવાબ– ભોગબનનારે મોઢુ હલાવીને હા પાડેલ છે.

સવાલ – તમને જજસાહેબ પાસે લઈ ગયેલા?
જવાબ– ભોગબનનારે મોઢુ હલાવીને હા પાડેલ છે.

**(૧૭.૧)** ભોગ બનનારે તેઓની જુબાની દરમ્યાન આંક–૧૬ થી રજુ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન બતાવવામાં આવેલ જેમાં અંગુઠાનું નિશાન છે તે કોના અંગુઠાનું નિશાન છે તેમાં ભોગ બનનારે "મારા" એવો જવાબ આપેલ છે.

**(૧૭.૨)** આ ભોગ બનનારની ઉલટ તપાસ આરોપી પક્ષ તર્ફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, લગ્ન દીપીકાનુ હતુ અને દીપીકાના લગ્ન તેઓના ઘર આગળ જ હતા અને આ લગ્નમાં તેઓના ગામના માણસો તથા સગા વહાલા એમ મળીને ઘણા માણસો આવેલા હતા અને દીપીકાના લગ્નમાં જાન આવેલી, વરઘોડો આવેલો અને ડી.જે. પણ હતુ અને વરરાજાને લગ્નની ચોરીએ લાવવામાં આવેલા અને લગ્નની ચોરી અને ગેટ નજીક નજીકમાં હતા અને દીપીકાને વળાવવા માટે તેણી, તેણીના માતા, સગાસબંધીઓ અને બહેનપણીઓ લગ્નના ગેટ સુધી ગયેલા અને દીપીકાને ગાડીમાં બેસાડીને વળાવી દીધા બાદ તેઓ બધા તેમના ઘરે પરત આવેલા. તેણીએ ઈન્કાર કરેલ છે કે, દીપીકાને વળાવી ત્યારે રાત હતી.

**(૧૭.૩)** આ તબકકે એ હકીકત નોંધવી આવશ્યક જણાય છે કે, ભોગ બનનારની ઉલટ તપાસ નોંધવાની પ્રક્રિયા સમયે મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા ભોગ બનનારની સાહેદ તરીકેની સક્ષમતા અને ભોગ બનનારના પુરાવાની વિશ્વસનિયતાને અસર કરતી એવી નોંધ કરવામાં આવેલ કે, "અત્રેથી ભોગ બનનારને જે કોઇ પ્રશ્ન પૂછવામા આવે અને તેના જવાબ માટે જે વિકલ્પો આપવામા આવે તે વિકલ્પોમા છેલ્લે બોલવામા આવતો શબ્દ તેણી પોતાના જવાબ તરીકે રજૂ કરે છે જેમકે દીપીકાને વળાવી ત્યારે દિવસ હતો કે રાત તો ભોગ બનનાર રાત હતી તેમ જણાવે છે તેમજ ભોગ બનનાર ને ફરી પ્રશ્ન તરીકે દીપીકાને વળાવી ત્યારે રાત હતી કે દિવસ તો ભોગ બનનાર દિવસ તેવો જવાબ આપે છે."

**(૧૭.૪)** ભોગ બનનારને તેણીની ઉલટ તપાસ દરમ્યાન સવાલ પુછવામાં આવેલ છે કે, "તને કેટલા છોકરા ઢસડીને લઈ ગયેલ?" જેના જવાબમાં જણાવેલ છે કે, "૩ છોકરા ઢસડી ગયેલા." તેણીએ જણાવેલ છે કે, તેણીને ૩ છોકરા ઢસડી લઈ ગયેલાની હકિકત તેણીએ પોલીસને જણાવેલી. તેણીએ ઈન્કાર કરેલ છે કે, બનાવ વિશે ખોટી જુબાની આપે છે અને આરોપીએ તેણીને કંઈ કરેલ જ ન હતુ.

**(૧૮)** ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૪ તરીકે આંક–૧૬–એ થી તલાટી ક્રમ મંત્રીશ્રી ઝાલા તખતસિંહ મોહનભાઈનાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની

સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૪ માસથી ચીખોદરા ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે તેઓની ફરજ બજાવે છે અને તેઓ વર્ષ ૨૦૦૬-૦૭ નું જન્મ મરણ રજીસ્ટર લઈને આવેલ છે, જેમાં ભોગ બનનારના જન્મની નોંધણી પાના નંબર-૧૩, ઉપર અનુક્રમ નં. ૨૬ પર તા. ૦૧/૦૩/૨૦૦૭, ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૦૨/૨૦૦૭ લખેલ છે અને ભોગ બનનારનું નામ કોલમ નંબર ૫ માં દર્શાવેલ છે. ભોગ બનનારના માતાનું નામ "કે" કોલમ નં. ૦૭ માં દર્શાવેલ છે અને ભોગ બનનારના પિતાનું નામના કોલમ નં. ૬ માં ભોગ બનનાર દર્શાવેલ છે. ભોગ બનનારનું જન્મ સ્થળ ચીખોદરા ચોકડી, ગામ-ચીખોદરા તા.જી. આણંદ કોલમ નં. ૮ માં દર્શાવેલ છે. ભોગ બનનારના જન્મની નોંધણી કરાવનાર વ્યક્તિનું નામ ભોગ બનનારના પિતા છે જે કોલમ નં. ૧૧ માં જણાવેલ છે તથા જન્મની નોંધણી કરાવનાર ભોગ બનનારના પિતા છે જે કોલમ નં ૧૨ માં લખેલ છે અને કોલમ નં. ૧૩ માં જન્મ મરણ રજીસ્ટ્રારની સહી છે અને ભોગ બનનાર ની કોલમ નં. ૪ માં સ્ત્રી જાતિ લખેલ છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક-૧૭ થી જન્મ મરણ રજીસ્ટરના પાના નં. ૧૩ ની પ્રમાણિત નકલ રજુ કરેલ છે.

**(૧૮.૧)** આ સાહેદની ઉલટતપાસ આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી દ્બારા કરવામાં આવેલી. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, સને ૨૦૦૭ ની સાલમાં તેઓ ચીખોદરા મુકામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા ન હતા અને તેઓ તૈયાર રેકર્ડના આધારે જુબાની આપે છે અને આ કામના તપાસ કરનાર અધિકારી દ્બારા તેઓની પાસે આ કામના ભોગ બનનારના કોઈ જન્મના દાખલાની માંગણી કે યાદી કરવામાં આવેલ નથી અને આંક-૧૩ વાળા જન્મના પ્રમાણપત્રમાં તેઓની સહી નથી અને ભોગ બનનારના જન્મ બાબતે તેઓને કોઈ અંગત જાણકારી નથી.

**(૧૯)** ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૫ તરીકે આંક–૧૯ થી પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ નોકરી કરી તેઓનું જીવન ગુજરાન ચલાવે છે અને તેઓની બહેનને ત્યાં ચીખોદરા આજથી ૮ મહિના પહેલા લગ્ન હતું તેમાં તેઓ તેમના પરિવાર સાથે ગયેલ હતા. તેઓએ વધુમાં જણાવેલ છે કે, લગ્નપ્રસંગમાં વિદાય ચાલતી

હતી ત્યારે એક છોકરી કે જે માનસિક રીતે અસ્વસ્થ હતી તેણે એક છોકરાનો મોબાઇલ ફોન ઝૂંટવી લીધેલ તેથી ત્યાં ઝપાઝપી થયેલી અને ઘણા માણસો ભેગા થઇ ગયેલા ત્યાં બધા ભેગા થયેલા માણસોના મનમાં એવું થયેલ કે છોકરાએ છોકરીની છેડતી કરેલ છે પરંતુ તેઓએ આખો બનાવ નજરે જોયેલ અને છોકરાએ કોઇ છોકરીની છેડતી કરેલ ન હતી ત્યારબાદ છોકરીના ઘરવાળાએ પોલીસ કેસ કરેલ અને પોલીસે બનાવ બાબતે તેઓનું નિવેદન લીધેલુ. તેઓએ જણાવેલ છે કે બનાવમાં જે છોકરાનો મોબાઈલ ફોન લઈ લેવામાં આવેલ તે છોકરાને તેઓ ઓળખી શકે નહી. તેઓએ જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે આ કામના આરોપી ભોગ બનનારને મોઢુ દબાવી ખેંચતાણ કરી પાર્ટી પ્લોટની પાછળની બાજુ લઈ જતા હોય અને તેઓએ તેને છોડાવેલ હોય.

**(૧૯.૧)** આ સાહેદની ઉપરોક્ત હકીકત મુજબની સોગંદ ઉપરની સરતપાસની હકીકતોના આધારે ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકિકતોને સમર્થન કરતા ન હોય સાહેદને વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ સાહેદને પુછવામાં આવેલા અને તેમાં પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૧૯.૨)** આ સાહેદની ઉલટતપાસ આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી, જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, લગ્નમાં આશરે ૧૦૦૦ જેટલા માણસો હતા. તેઓએ જણાવેલ છે કે, વિદાયનો પ્રસંગ સાંજના ૬:૩૦ કલાકે હતો. તેઓએ સ્વીકારેલ છે કે, મોબાઇલ ઝૂંટવી લેવાનું તેઓ જે જણાવે છે તે સમયે અજવાળુ હતુ. તેઓએ જણાવેલ છે કે, વિદાય સમયે મંડપના ગેટ આગળ ૧૦૦-૨૦૦ જેટલા માણસો ભેગા થયેલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, વિદાય પ્રસંગે પિયુષભાઇ, અજયભાઇ, કલ્પેશભાઇ અને તેઓ ત્યાં હાજર હતા અને તેઓએ તેમની સરતપાસમાં જે રીતે બનાવ બનેલ અને જોયેલ તે જ હકિકતો લખાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના લગ્ન થઇ ગયેલા છે પરંતુ તેણી માનસિક અસ્થિર હોય તેણીને સાસરે બોલાવતા નથી.

**(૨૦)** ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૬ તરીકે આંક–૨૧ થી પિયુષકુમાર જયંતિભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ચીખોદરા ચોકડી શવશાંતિ કલબની પાસે મીરા પાર્કની બાજુમાં તેમના માતા–પિતા સાથે રહે છે અને તેઓ ૨ ભાઇઓ છે અને તેઓના ઘરની નજીકમાં તેમના કાકા મહેશભાઇ તેમના પત્ની અને પાંચ દીકરીઓ સાથે રહે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એક વર્ષ અને ઉપર બે–ત્રણ મહિના અગાઉ બનેલો અને એક છોકરા નામે વિષ્ણુને તેમના કાકાની ભોગબનનાર દીકરી સાથે લફરુ હતુ અને તે અંગે તેઓને કોઇ જાણ ન હતી અને આ વિષ્ણુ અને તેમના કાકાની ભોગ બનનાર દીકરી બંને સાથે ચાલતા ચાલતા ગયેલા અને બનાવના સમયે તેઓના બીજા કાકા રાજુભાઇની દીકરી દિપીકાનું લગ્ન હતુ અને તે લગ્નમાં આ વિષ્ણુ નામનો છોકરો દિપીકાની જાન આવેલ તે જીજાજી એટલે કે વરરાજાના ડ્રાઇવર તરીકે આવેલ. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ તે દિવસે આ વિષ્ણુ અને તેમના કાકાની ભોગ બનનાર દીકરીને સાથે ચાલતા ચાલતા જતા જોયેલા તે સિવાય બીજુ કશું જોયેલુ નહી અને તેઓને પાછળથી પણ બીજુ કશું જાણવા મળેલ નહી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓના કાકા મહેશભાઇએ પોલીસ કેસ કરેલો તેથી તેઓના ફળીયામાં પોલીસ આવેલી અને પોલીસે ખાલી તેઓનું નામ પૂછેલુ તે સિવાય આગળ બીજુ કશું પૂછેલ નહી. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે.

**(૨૦.૧)** આ સાહેદની ઉપરોક્ત હકીકત મુજબની સોગંદ ઉપરની સરતપાસની હકીકતોના આધારે ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકિકતોને સમર્થન કરતા ન હોય સાહેદને વિદ્ધાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ સાહેદને પુછવામાં આવેલા અને તેમાં પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસની મોટા ભાગની હકીકતોને સમર્થન આપેલ નથી. તેઓએ વિદ્ધાન એ.પી.પી. શ્રી દ્ધારા પુછવામાં આવેલ ઉલટ તપાસના સવાલો દરમ્યાન સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, "ગઈ કાલ તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ અમારા કુટુંબી રાજેશભાઈ રમેશભાઈ વાઘેલાનાઓની દિકરી દિપીકાના લગ્ન હતા જેમાં અમે બધા લગ્નમાં હતા અને વાઘોડીયા જી. વડોદરાથી જાન આવેલી જેમાં ઘણા બધા જાનૈયા આવેલા અને દિપીકાબેનના લગ્નના ફેરા પુરા થઈ

ગયા બાદ જાનમાં આવેલા માણસોને વળાવેલા અને બુધવારનો દિવસ હોય દિપીકાબેનને વળાવેલા નથી." આ સાહેદે આ દરમ્યાન એવી હકીકત સ્વીકારેલ છે કે, તેમના કાકા મહેશભાઈની દિકરી માનસિક અસ્વસ્થ છે તેવી હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી. આ સાહેદે આ દરમ્યાન એવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૨૦.૨)** આ સાહેદની ઉલટતપાસ આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ દરબાર જ્ઞાતિમાં આવે છે અને આ લગ્ન દિપીકાબેનનું હતુ અને આ લગ્નમાં સગાવહાલા અને ગામના લોકોને તેડાવેલા. તેઓએ જણાવેલ છે કે, લગ્નમાં આશરે ૨૦૦૦ જેટલા માણસો હાજર હતા અને સાંજના સમયે દિપીકાબેનની વિદાય માટે આશરે ૧૦૦ થી ૧૫૦ માણસો ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, લગ્ન હોવાથી અને વિદાય ચાલતી હોવાથી ઘણા બધા માણસો ચાલતા ચાલતા જતા હોય અને તે રીતે આ વિષ્ણુ પણ ચાલતો ચાલતો જતો હતો અને તેવી જ રીતે ભોગ બનનાર પણ ચાલતી ચાલતી જતી હતી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર માનસિક રીતે અસ્વસ્થ છે અને ભોગ બનનારના લગ્ન થઈ ગયેલ છે અને હાલમાં ભોગ બનનારને સાસરે વળાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી વિષ્ણુ તેમના કાકાની દિકરી દિપીકાના લગ્ન સમયે જાનમાં આવેલો હોવાથી તેઓ તેને ઓળખે છે.

**(૨૦.૩)** આ સાહેદે તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં એવી હકિકત લખાવેલ નથી કે, "વિષ્ણુ અને મારા કાકાની ભોગબનનાર દીકરીને લફરુ હતુ." અને "વિષ્ણુ અને ભોગબનનાર ચાલતા ચાલતા જતા હતા." અને "વિષ્ણુ નામનો છોકરો દિપીકાના લગ્ન હતા તે જીજાજી એટલે કે વરરાજાના ડ્રાઈવર તરીકે આવેલ હતો."

**(૨૧)** ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૭ તરીકે આંક–૨૩ થી પી.એસ.ઓ. અનિરૂદ્ધસિંહ રાજસિંહને તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં

જણાવેલ છે કે, તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ આણંદ રુરલ પોલીસ સ્ટેશન ખાતે કલાક ૧૪:૦૦ થી ૨૦:૦૦ સુધી પી.એસ.ઓ તરીકે ચાર્જમાં હતા ત્યારે ફરિયાદી પોલીસ સ્ટેશન આવેલા અને તેઓ રૂબરૂ તેઓની ફરિયાદ હકિકત જાહેર કરતા તેઓના લખાવ્યા પ્રમાણે ફરિયાદ હકિકત ટાઈપ કરી લીધેલ ત્યારબાદ ફરિયાદ હકિકતના આધારે ગુન્હો બનતો હોય આણંદ રૂરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૫૦૦૧૨૪૦૧૩૦/૨૦૨૪ થી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૩૫૪ અને જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ- ૧૨ અને ૧૮ મુજબનો ગુન્હો રજીસ્ટર કરેલો અને તે બાબતની નોંધ પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીમાં કરેલી અને ઉપલી અધિકારીને ગુન્હા અંગે મેસેજ કરેલ અને આગળની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આણંદ રુરલ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપેલ. તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક-૨૪ થી સ્ટેશન ડાયરીની ઓનલાઈન નકલ રજુ કરેલ છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક-૧૩ થી રજુ ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર જોઈ જે તેઓએ ફરિયાદની સાથે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૨૧.૧)** આ સાહેદની ઉલટતપાસ આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી. જેમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, ફરિયાદીની ફરિયાદ તેઓએ તેમની જાતે લખી લીધેલ. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ બનેલો અને તેની ફરિયાદ ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ આપેલી અને તેઓએ ગુન્હો દાખલ કર્યા સિવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી અને ફરિયાદી ફરિયાદ આપવા આવેલ ત્યારે ભોગ બનનાર પણ તેમની સાથે હતા.

**(૨૧.૨)** તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદીએ તેઓ રૂબરૂની ફરિયાદમાં એવી હકિકત લખાવેલ નથી કે, "મને રૂબરૂમાં આવીને જાણ કરેલી તેથી હું ભાગીને અવસર પાર્ટી પ્લોટ પાસે પહોચેલો ત્યાંથી હું મારી ભોગબનનાર દીકરીને મારા ઘરે પાછી લઈ આવેલો." અને "ત્યારબાદ જેના લગ્ન હતા તે વરરાજા ની પૂછપરછ કરવામાં આવેલી પણ તેઓએ પણ કોઇ નામ આપેલ નહી જેથી અમોએ પોલીસમાં ફરિયાદ આપેલી. ત્યારે નયનકુમાર એટલે કે વરરાજાએ તે છોકરો મારો ભાઈબંધ છે અને તેનુ નામ વિષ્ણુ

બારૈયા છે તેમ જણાવેલુ." આ સાહેદે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ એ કહી શકે નહી કે ભોગ બનનાર નાનપણથી જ અસ્થિર મગજના હતા.

**(૨૨)** ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૮ તરીકે આંક–૨૬ થી તપાસ કરનાર અધિકારી એન્ડ્રુઝ જેરોમ અસારીને તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ આણંદ રુરલ પોલીસ સ્ટેશને તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે આણંદ રુરલ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૫૦૦૧૨૪૦૧૩૦/૨૦૨૪ ની તપાસ તેઓને સોંપતા તપાસ સંભાળી લીધેલ અને તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન તેમજ ભોગબનનારનું નિવેદન તેના લખાવ્યા મુજબ લખી લીધેલ ત્યારબાદ ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવવા તલાટી કમ મંત્રી શ્રી ચીખોદરાને યાદી પાઠવી તપાસના કામે જન્મનું પ્રમાણપત્ર મેળવેલ ત્યારબાદ આરોપીની અટક કરી સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં રજૂ કરેલ અને ફરિયાદી બનાવવાળી જગ્યા બતાવવા માંગતા હોય બે સરકારી પંચોને હાજર રાખી બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને ભોગ બનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ નું નિવેદન લેવા નામદાર કોર્ટને યાદી પાઠવેલ ત્યારબાદ આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો મળી આવતા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ- ૩૫૪ તથા પોકસોની કલમ- ૧૨ અને ૧૮ મુજબનું ચાર્જશીટ તા. ૧૭/૦૭/૨૦૨૪ ના રોજ કરેલ. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક-૨૭ અને આંક-૨૮ થી રજુ થયેલ યાદી જોઈ જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક-૦૮ થી રજુ પંચનામુ અને આંક-૦૯ થી રજુ યાદી જોઈ જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૨૨.૧)** આ તપાસ કરનાર અધિકારીની ઉલટતપાસ આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તા.૦૬/૦૩/૨૪ ના રોજના બનાવની ફરિયાદ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ નોંધાયેલી અને તેઓએ તપાસ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ સંભાળેલી અને ફરિયાદ આપવા માટે ફરિયાદી

સાથે ભોગ બનનાર પણ આવેલા અને તેઓએ ભોગ બનનારનું નિવેદન તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ લીધેલ. તપાસ કરનાર અધિકારીને ઉલટ તપાસમાં સવાલ પુછવામાં આવેલ છે કે, “ભોગબનનારે તમારા રૂબરૂના નિવેદનમાં તેણીને ૩ છોકરા ઢસડીને લઈ ગયાની હકિકત લખાવેલ નથી?” જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, “એક છોકરો મોઢુ દબાવીને ખેંચતાણ કરીને લઈ ગયેલાનું લખાવેલ છે.” તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ પિયુષભાઈનું નિવેદન તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ લીધેલુ અને પિયુષભાઈએ તેઓ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, "વિષ્ણુ અને મારા કાકાની ભોગબનનાર દીકરીને લફરુ હતુ.” અને "વિષ્ણુ અને ભોગબનનાર ચાલતા ચાલતા જતા હતા.” અને "વિષ્ણુ નામનો છોકરો દિપીકાના લગ્ન હતા તે જીજાજી એટલે કે વરરાજાના ડ્રાઈવર તરીકે આવેલા.’’તેઓએ સ્વીકારેલ છે કે, જે કોઈ બનાવ બનેલો તે લગ્નના દિવસે વિદાય સમયે બનેલ હોવાનું તેઓની તપાસમાં ખૂલેલુ અને ભોગબનનાર માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિ છે’’. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારનું નિવેદન તેની માતાએ લખાવેલ અને આંક-૦૮ નું પંચનામુ તેઓએ ફરિયાદને અનુરૂપ લખી લઈ ફકત પંચોની સહીઓ લીધેલ અને આ કામના તમામ સાહેદના નિવેદન ફરિયાદને અનુરૂપ લખી લઈ ફકત તેના નામઠામ પૂછેલા અને આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**<u>મુદ્દા નં. ૧ – ભોગ બનનાર સગીર હોવા બાબતેઃ-</u>**

**(૨૩)** હાલના આરોપી સામે જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ-૧૨ અને ૧૮ મુજબના ગુન્હાનો આરોપ રહેલો છે. આ અધિનિયમ અન્વયેના ગુન્હાના આક્ષેપિત કથનો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા સૌપ્રથમ ભોગ બનનાર બનાવના સમયે સગીર વયના હોવાની હકિકત સાબિત કરવાની રહે છે. આ અધિનિયમનો હેતુ અને હાર્દ બાળકોને જાતીય ગુન્હાઓ સામે રક્ષણ આપવાનો રહેલો છે. “બાળક" શબ્દની વ્યાખ્યા આ અધિનિયમમાં આપવામાં આવેલી છે. આ મુદ્દાની ચર્ચા કરતા સમયે અને આ મુદ્દાના ન્યાયિક નિર્ણયાર્થે આ અધિનિયમમાં કલમ-૨(૧)(ડી) માં કરવામાં આવેલ “બાળક" શબ્દની વ્યાખ્યા ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે નીચે મુજબ છે.

**કલમ–૨(૧)(ડી)–**

**બાળક** એટલે ૧૮ વર્ષની ઉંમર પુરી કરી ન હોય તેવી કોઇ વ્યકિત.

**(૨૪)** આમ, અધિનિયમની ઉપરોક્ત મુજબની બાળકની વ્યાખ્યાના આધારે બાળક એટલે આ અધિનિયમમાં જોગવાઇ કર્યા મુજબના શિક્ષા ને પાત્ર ગુન્હા સમયે જેણે ૧૮ વર્ષની ઉંમર પુરી કરી ન હોય તેવી કોઇ વ્યકિત. આ સંજોગોમાં ફરિયાદપક્ષ દ્ધારા એ હકિકત પુરવાર કરવાની રહે કે આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનારે ૧૮ વર્ષની ઉંમર પુરી કરી ન હતી અને તેઓ ૧૮ વર્ષથી ઓછી વયના હતા.

**<u>અધિનિયમની કલમ– ૩૪ ની જોગવાઇઃ–</u>**

**(૨૫)** આ તબક્કે આ અધિનિયમની કલમ–૩૪ ધ્યાને લેવી આવશ્યક જણાય છે. જે સરળતાના હેતુસર નીચે દર્શાવવામાં આવેલ છે.

**<u>Section - 34</u> :– Procedure in case of commission of offence by child and determination of age by Special Court:-**

(1) Where any offence under this act is committed by a child, such child shall be dealt with under the provisions of Juvenile Justice (Care & Protection) Act , 2002

(2) If any question arises in any proceedings before the Special Court whether a person is a child or not, such question shall be determined by the Special Court after satisfying itself about the age of such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section(2) was not the correct age of that person.

**(૨૬)** આ અધિનિયમની કલમ–૩૪ માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર જ્યારે કોઇ વ્યકિત બાળક છે કે કેમ તે પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે અદાલત દ્ધારા બાળકની ઉંમર

અંગે સંતોષ થયા પછી તે પ્રશ્ન નિર્ણિત કરવાનો રહે છે. આ અધિનિયમની કલમ– ૩૪(૨) માં જ્યારે કોઈ વ્યકિત બાળક છે કે કેમ? તે સવાલ ઉપસ્થિત થાય ત્યારે બાળકની ઉંમર અંગે અદાલતને સંતોષ થાય તે પછી આ સવાલનો નિર્ણય કરવાનો રહે છે એવી જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ આ કલમની આ જોગવાઇમાં આ સવાલનો નિર્ણય કઇ પ્રક્રિયા કે કઇ કાર્યવાહી અનુસરી કરવાનો રહે છે તે બાબત દર્શાવવામાં આવેલ નથી.

**નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ ભોગ બનનારની વય નિર્ધારણ કરવાની પ્રક્રિયાઃ–**

**(૨૭)** આ સંજોગોમાં આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જરનૈલસીંઘ વિરૂદ્ધ સ્ટેટ ઑફ હરીયાણા ના કેસના (૨૦૧૩) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૬૩ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેવા અનિવાર્ય જણાય છે. નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના આ ચુકાદાવાળા કેસમાં ભોગ બનનારની બળાત્કારના બનાવ સમયેની ઉંમર નિર્ધારિત કરવાનો પ્રશ્ન રહેલો હતો અને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૦ નાં નિયમ ૧૨ ની જોગવાઇ વિચારણમાં લઇ નીચે મુજબ ઠરાવેલ છે.

> "20. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007 (hereinafter referred to as the 2007 Rules). The aforestated 2007 Rules have been framed under Section 68(1) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under:
>
> > “12. Procedure to be followed in determination of Age.?
> > (1) In every case concerning a child or a juvenile in conflict with law, the court or the Board or as the case may be the Committee referred to in rule 19 of these rules shall determine the age of such juvenile or child or a juvenile in conflict with law within a period of thirty

days from the date of making of the application for that purpose.

(2) The court or the Board or as the case may be the Committee shall decide the juvenility or otherwise of the juvenile or the child or as the case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the observation home or in jail.

(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining –

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses (a)(i), (ii), (iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

(4) If the age of a juvenile or child or the juvenile in conflict with law is found to be below 18 years on the date of offence, on the basis of any of the conclusive

proof specified in sub-rule (3), the court or the Board or as the case may be the Committee shall in writing pass an order stating the age and declaring the status of juvenility or otherwise, for the purpose of the Act and these rules and a copy of the order shall be given to such juvenile or the person concerned.

(5) Save and except where, further inquiry or otherwise is required, inter alia, in terms of section 7A, section 64 of the Act and these rules, no further inquiry shall be conducted by the court or the Board after examining and obtaining the certificate or any other documentary proof referred to in sub-rule (3) of this rule.

(6) The provisions contained in this rule shall also apply to those disposed off cases, where the status of juvenility has not been determined in accordance with the provisions contained in sub-rule(3) and the Act, requiring dispensation of the sentence under the Act for passing appropriate order in the interest of the juvenile in conflict with law."

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub-rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate,

> Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. Only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12(3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.

21. Following the scheme of Rule 12 of the 2007 Rules, it is apparent that the age of the prosecutrix VW - PW6 could not be determined on the basis of the matriculation (or equivalent) certificate as she had herself deposed, that she had studied upto class 3 only, and thereafter, had left her school and had started to do household work. The prosecution in the facts and circumstances of this case, had endeavoured to establish the age of the prosecutrix VW-PW6, on the next available basis, in the sequence of options expressed in Rule 12(3) of the 2007 Rules. The prosecution produced Satpal (PW4), to prove the age of the prosecutrix VW – PW6. Satpal (PW4) was the Head Master of the Government High School, Jathlana, where the prosecutrix VW - PW6 had studied upto class 3. Satpal (PW4) had proved the certificate Exhibit-PG, as having been made on the basis of the school records indicating, that the prosecutrix VW - PW6, was born on 15.5.1977. In the scheme contemplated under Rule 12(3) of the 2007 Rules, it is not permissible to determine age in any other manner, and certainly not on the basis of an option mentioned in a subsequent clause. We are therefore of the view, that the High Court was fully justified in relying on the aforesaid basis for establishing the age of the prosecutrix VW – PW6. It would also be relevant to mention, that under the scheme of Rule 12 of the 2007 Rules, it would have been improper for the High Court to rely on any other material including the ossification test, for determining the age of the prosecutrix VW-PW6. The deposition of Satpal-PW4 has not been contested. Therefore, the date of birth of the prosecutrix VW - PW6 (indicated in Exhibit P.G., as 15.7.1977) assumes finality. Accordingly it is clear, that the prosecutrix VW-PW6, was less than 15 years

old on the date of occurrence, i.e., on 25.3.1993. In the said view of the matter, there is no room for any doubt that the prosecutrix VW - PW6 was a minor on the date of occurrence. Accordingly, we hereby endorse the conclusions recorded by the High Court, that even if the prosecutrix VW-PW6 had accompanied the accused-appellant Jarnail Singh of her own free will, and had had consensual sex with him, the same would have been clearly inconsequential, as she was a minor."

**(૨૮)** જાતિય ગુન્હાઓના ભોગ બનનારની વય નિર્ધારણ કરવાની પ્રક્રિયા અને પરિમાણનો મુદ્દો નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સૌપ્રથમ વખત ઉપરોક્ત ચુકાદામાં નિર્ણિત કરવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં અવલોકન કરવામાં આવેલ છે કે, સગીર વયના મુદ્દા માટે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અને ગુન્હાનો ભોગ બનનાર બાળક વચ્ચે કોઇ જ તફાવત રહેલ નથી અને તેથી જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો – ૨૦૦૭ ના નિયમ ૧૨ ની જોગવાઇ ગુન્હાનો ભોગ બનનાર બાળકની વય નિર્ધારણ માટે ન્યાયિક અને યોગ્ય રીતે લાગુ પડે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો–૨૦૦૭ ના નિયમ ૧૨ ની જોગવાઇ મુજબ આ નિયમ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની ઉંમર નિર્ધારણ કરવા માટે પ્રક્રિયા દર્શાવે છે પરંતુ જાતીય ગુન્હાઓના કિસ્સામાં ભોગ બનનારની વય નક્કી કરવા માટે પણ આ નિયમની જોગવાઇ ધ્યાને લેવી જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ ચુકાદામાં ઉપરોક્ત રીતે ઠરાવેલ છે કે, સગીર વયના નિર્ધારણના મુદ્દા માટે માત્ર જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો –૨૦૦૭ ના નિયમ ૧૨ નો સંદર્ભ લેવાની જરૂર છે. ૨૦૦૭ ના આ નિયમોના નિયમ ૧૨(૩) હેઠળ કરવામાં આવેલી જોગવાઇમાં અન્ય કોઇ પણ રીતે ઉંમર નિર્ધારિત કરવાની મંજુરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, નિયમ ૧૨(૩) હેઠળ આપવામાં આવેલ વિકલ્પો તે જ ક્રમમાં વય નિર્ધારણ કરવા માટે ધ્યાને લેવાના રહે છે અને ચોક્કસપણે આ નિયમમાં જે ક્રમમાં વિકલ્પ આપેલ છે તે પછીના ક્રમમાં ઉલ્લેખિત વિકલ્પના આધારે નહી.

**<u>જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ ની કલમ–૯૪:–</u>**

**(૨૯)** જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો–૨૦૦૭ ના નિયમ ૧૨ માં સગીર વય નિર્ધારણ કરવા માટે જે જોગવાઈ કે પ્રક્રિયા નિર્દિષ્ઠ કરવામાં આવેલ છે તેવી જ જોગવાઈ જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ ની કલમ–૯૪ માં કરવામાં આવેલ છે. જુવેનાઈલ જસ્ટીસ નિયમો – ૨૦૧૬ માં વય નિર્ધારણ કરવા બાબતે કોઈ અનુરૂપ નિયમ નથી કે જેના આધારે વય નિર્ધારણ કરી શકાય, આથી જુવેનાઈલ જસ્ટીસ એક્ટ – ૨૦૧૫ ની કલમ – ૯૪ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકો અને પોક્સો એક્ટ અન્વયેના કોઈ ગુન્હાનો ભોગ બનેલા બાળકોની વય નિર્ધારણ કરવા માટેનો આધાર બને છે.

**(૩૦)** ઉપરોક્ત હકિકતે જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૩૪ માં વ્યકિત બાળક છે કે નહીં તે પ્રશ્નના નિર્ધારણ માટે જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ–૩૪(૨) માં વિધાન મંડળ દ્વારા વ્યકિત શબ્દ પ્રયોજવામાં આવેલ છે અને તેથી તે વ્યકિતમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક અથવા આ અધિનિયમ હેઠળના કોઈ ગુન્હાનો કોઈ ગુન્હાનો ભોગ બનનાર બાળકનો સમાવેશ થાય છે. કલમ–૩૪(૧) અને ૩૪(૨) ની જોગવાઈઓ વંચાણે લેતા કોઇ વ્યકિત બાળક છે કે નહી તે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેનું નિર્ધારણ જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ અનવ્યે કરવામાં આવેલી જોગવાઈ અનુસાર કરવાનું રહે છે. આ સંજોગોમાં જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ – ૨૦૧૫ ની કલમ–૯૪ ની જોગવાઈ ધ્યાને લેવી અનિવાર્ય છે. જે સરળતાના હેતુસર નીચે મુજબ દર્શાવેલ છે.

**<u>SECTION: 94</u>**

**PRESUMPTION AND DETERMINATION OF AGE**

> (1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining -

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

**(૩૧)** જુવેનાઈલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને રક્ષણ) એક્ટ–૨૦૧૫ ની ઉપરોક્ત મુજબની જોગવાઈમાં સગીર વય નિર્ધારણ કરવા માટે જે પ્રક્રિયા દર્શાવેલ છે તે મુજબ શાળાનો જન્મનો દાખલો અથવા મેટ્રીક્યુલેશન અથવા તેની સમકક્ષ પ્રમાણપત્ર વય નિર્ધારણ માટે ધ્યાને લેવાનો રહે છે અને જો આવો જન્મનો દાખલો કે પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય ફક્ત તેવા જ સંજોગોમાં ઉપરોક્ત કલમ–૯૪ ની પેટા કલમ–૨ ના ખંડ–૨ માં દર્શાવ્યા મુજબ વય નિર્ધારણ માટે મહાનગરપાલિકા, નગરપાલિકા અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાને લેવાનું રહે છે. આમ, કલમ–૯૪(૨) ના ખંડ–૧ માં દર્શાવ્યા મુજબનું શાળાનું જન્મનું પ્રમાણપત્ર વય નિર્ધારણ કરવા માટે સર્વોપરિતા ધરાવે છે અને આ પ્રમાણપત્ર આખરી અને નિર્ણાયક છે. આવું શાળાનું જન્મનું પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય ફક્ત તેવા સંજોગોમાં જ ખંડ–૨ માં દર્શાવ્યા મુજબના સ્થાનિક સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જન્મનું

પ્રમાણપત્ર વય નિર્ધારણ માટે ધ્યાને લેવાનું રહે છે. આ કલમ–૯૪(૨) ના ખંડ–૩ મુજબ જ્યારે સર્વોપરિતાના ઉતરોત્તર ક્રમાંક પ્રમાણે ખંડ–૧ અને ત્યારબાદ ખંડ–૨ નું જન્મનું પ્રમાણપત્ર પ્રાપ્ય ન હોય તેવા જ સંજોગોમાં ઓસીફીકેશન ટેસ્ટ અથવા અન્ય વય નિર્ણિત કરવા માટેના આધુનિક તબીબી ટેસ્ટના આધારે વય નિર્ધારિત કરવાની રહે છે. હાલના કામે સ્વીકૃત રીતે ફરિયાદ પક્ષ દ્વારા આ કલમ–૯૪(૨) ના ખંડ–૧ માં દર્શાવ્યા મુજબના ભોગ બનનારની જન્મ તારીખ અંગેના કોઈ પ્રમાણપત્ર રજુ કરાયેલ નથી. આ સંજોગોમાં આ કામે એ હકિકત ચકાસવાની રહે છે કે, શું ફરિયાદ પક્ષ આ કલમ–૯૪(૨) ના ખંડ–૨ માં દર્શાવ્યા મુજબના નગરપાલિકા કે પંચાયતના ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રના આધારે ભોગ બનનારની ઉંમર પુરવાર કરી શકેલ છે?

**<u>ભોગ બનનારની જન્મ પ્રમાણપત્ર અને જન્મ રજીસ્ટરમાં રહેલી જન્મ તારીખની નોંધઃ–</u>**

**(૩૨)** ભોગ બનનારનું જન્મ નું પ્રમાણપત્ર જે તલાટી ક્રમ મંત્રી, ચિખોદરા ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ છે તે ચિખોદરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ઝાલા તખતસિંહ મોહનભાઈની ઉપરોક્ત મુજબની સોગંદ ઉપરની જુબાનીના આધારે સ્પષ્ટ થાય છે કે, તેમના દ્વારા તેમની જુબાની દરમ્યાન ચિખોદરા ગ્રામ પંચાયતના વર્ષ ૨૦૦૬–૨૦૦૭ ના જન્મ રજીસ્ટરના પાના નં. ૧૩ ની પ્રમાણિત નકલ રજુ કરવામાં આવેલ છે અને અસલ જન્મ રજીસ્ટરમાં રહેલ ભોગ બનનારના જન્મની નોંધના આધારે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૦૬–૨૦૦૭ ના જન્મ રજીસ્ટરના પાના નં. ૧૩ ઉપર ભોગ બનનારના જન્મની નોંધ ક્રમ નંબર ૨૬ ઉપર રહેલ છે અને ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૦૨/૨૦૦૭ રહેલી છે અને ભોગ બનનારના જન્મની નોંધણી તા. ૦૧/૦૩/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલી છે. ફરિયાદ પક્ષના આ સાહેદના મૌખિક પુરાવા તેમજ આ કામે આંક–૧૩ થી રજુ થયેલ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર અને આંક–૧૭ થી રજુ થયેલ જન્મ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ ધ્યાને લેતાં તેમાં ભોગ બનનારની જન્મ તા. ૨૩/૦૨/૨૦૦૭ હોવાનું સ્પષ્ટ બને છે.

**(૩૩)** આ કામે ઉપરોક્ત વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદ પક્ષ દ્વારા ભોગ બનનારની જન્મ તારીખની નોંધ વિશ્વસનીય પુરાવાઓથી સાબીત કરવામાં આવેલ છે. ભોગ બનનારની જન્મ તારીખની નોંધ બાબતે જાણકાર સાક્ષીઓને ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે. તેમજ તલાટી ક્રમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ચિખોદરાનાઓના મૌખિક પુરાવાથી તેમજ જન્મ પ્રમાણપત્ર અને જન્મ રજીસ્ટરની રજુ થયેલ ખરી નકલ માં રહેલ નોંધથી પણ પુરવાર થયેલ છે. ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નંબર ૦૪ તરીકે તપાસવામાં આવેલ તલાટી મંત્રીના આંક–૧૬–એ ના મૌખિક પુરાવા તેમજ આંક–૧૭ વાળા જન્મ રજીસ્ટરના ક્રમ નંબર ૨૬ ઉપર રહેલ ભોગ બનનારની જન્મની નોંધ તેમજ આંક–૧૭ થી રજુ થયેલ ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રના આધારે એ હકિકત પણ સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારના જન્મની નોંધ તા. ૦૧/૦૩/૨૦૦૭ ના રોજ સક્ષમ જન્મ નોંધણી રજીસ્ટ્રાર દ્વારા ભોગ બનનારના પિતા દ્વારા આપવામાં આવેલ માહિતીના આધારે નોંધવામાં આવેલ છે અને ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૦૨/૨૦૦૭ દર્શાવેલ છે તથા બાળકના નામના કોલમમાં ભોગ બનનારનું નામ તથા બાળકના પિતા અને માતાના નામના કોલમમાં અનુક્રમે ભોગ બનનારના પિતા અને માતાનું નામ દર્શાવેલ છે. આંક–૧૭ વાળા રજીસ્ટરમાં માહિતી આપનારના નામના કોલમમાં ભોગ બનનારના પિતાનું નામ દર્શાવેલ હોવાનું અને માહિતી આપનાર તરીકે તેઓની સહી આ નોંધમાં રહેલ હોવાનું અને ભોગ બનનારના જન્મની નોંધ કરનાર જવાબદાર જન્મ રજીસ્ટ્રારની સહી પણ કોલમ નં. ૧૩ માં રહેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

**(૩૪)** ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર આ કામે ભોગ બનનારના જન્મની નોંધ ચિખોદરા, તા.જી. આણંદ ગ્રામ પંચાયત ખાતે નિયમ અનુસાર કરવામાં આવેલ હોવાનું અને ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૦૨/૨૦૦૭ હોવાનું પુરવાર થયેલ છે. ચિખોદરા ગ્રામ પંચાયતના સને– ૨૦૦૬–૨૦૦૭ ના જન્મ રજીસ્ટર ના અનુક્રમ નં. ૨૬ ઉપર રહેલ ભોગ બનનારના જન્મની નોંધ મુજબ ભોગ બનનારની જન્મ તા. ૨૩/૦૨/૨૦૦૭ હોવાની હકિકત સ્થાપિત થાય છે. આથી જુવેનાઇલ જસ્ટીસ એક્ટ–૨૦૧૫ ની કલમ–૯૪(૨) ના ખંડ–૨ મુજબ ફરિયાદપક્ષ દ્વારા સ્થાનિક ગ્રામ પંચાયત ચિખોદરાના જન્મ રજીસ્ટરમાં રહેલ ભોગ બનનારની જન્મ તારીખની નોંધ અને તેના આધારે આપવામાં આવેલ આંક–૧૩ ના જન્મના પ્રમાણપત્રના આધારે

ભોગ બનનારની જન્મ તા. ૨૩/૦૨/૨૦૦૭ હોવાની હકિકત નિઃશંક પણે પુરવાર કરવામાં આવેલ છે.

**<u>બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાની સાબીતી</u> :-**

**(૩૫)** ઉપરોક્ત હકિકતે આ કામના ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૦૨/૨૦૦૭ હોવાની હકિકત ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ કામના ભોગ બનનાર સાથે બનેલ જાતીય સતામણીનો બનાવ ફરિયાદ આપ્યા પહેલા તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ બનેલ. આમ, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૧૨ દિવસ હોવાનું ફલિત થાય છે.

**(૩૬)** આમ, ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ફરિયાદપક્ષ દ્વારા વિશ્વસનીય અને માનવા લાયક પુરાવાઓના આધારે ભોગ બનનારની જન્મ તારીખ ૨૩/૦૨/૨૦૦૭ હોવાની હકિકત નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ છે અને તેના આધારે ફરિયાદપક્ષ બનાવ સમયે આ કામના ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ થી ઓછી એટલે કે માત્ર ૧૭ વર્ષ ૧૨ દિવસ હોવાની હકિકત પુરવાર કરવામાં પણ સફળ રહેલા છે. આમ, આ કામે આક્ષેપિત બનાવ સમયે ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીર હોવાની હકિકત ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે. આથી, મુદ્દા નં.૦૧ નો નિર્ણય તે મુજબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ અને ૩:-</u>**

**(૩૭)** આ બંને મુદ્દાઓ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા મુકવામાં આવેલ આક્ષેપિત તહોમત સંદર્ભે ઘડવામાં આવેલા હોય અને આ બંને મુદ્દાઓની હકિકતો અને તે પરત્વેના પુરાવાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય તેથી હકિકતોની પુનરૂક્તિ તથા પુરાવાઓની ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરી આ બંને મુદ્દાઓના નિર્ણયના કારણોની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

(૩૮) આ કામે ફરિયાદપક્ષનો આરોપી વિરૂદ્ધ એવો કેસ એવો રહેલ છે કે, આરોપી વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયાનાઓ તા. ૦૬/૦૩/૨૦૨૪ કલાક ૧૭:૩૦ થી ૧૮:૦૦ વાગ્યાના સુમારે મોજે ચીખોદરા ચોકડી શવ શાંતિ કલબ પાસે, મીરા પાર્ક બાજુમાં લગ્નના મુખ્ય દરવાજા પાસે ફરિયાદીની સગીરવયની દિકરી ભોગ બનનારને ઘર આગળ બાંધેલ લગ્નના મુખ્ય દરવાજા પાસે ઉભી હતી ત્યારે આરોપીએ તેણીનો હાથ પકડી મોઢું દબાવી બદ ઈરાદાથી ખેંચતાણ કરી ભોગ બનનાર સગીર હોવાનું જાણવા છતાં જાતિય સતામણી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ તથા જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૧૨ અને ૧૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે.

**<u>કાયદાની જોગવાઈઓઃ–</u>**

(૩૯) ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ જાતીય સતામણીના કૃત્ય તથા તેવા કૃત્યના ગુન્હા માટે સજાની જોગવાઇ દર્શાવે છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી સામે આક્ષેપિત ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ મુજબ આરોપીએ તેણીનો હાથ પકડી મોઢુ દબાવી બદ ઈરાદાથી ખેંચતાણ કરી ભોગ બનનારની જાતીય સતામણી કરવાના આક્ષેપિત ગુન્હાનું તહોમત પુરવાર કરી શકેલ છે કે કેમ? તે બાબત નિર્ણિત કરવા માટે ફરિયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન કરતા સમયે કાયદાની આ જોગવાઈઓ ધ્યાને લેવી અનિવાર્ય જણાય છે. જે સરળતાના હેતુસર અત્રે નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

**કલમ–૩૫૪ કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદે તેની ઉપર હુમલો કે ગુન્હાહીત બળઃ–**

> કોઈ પણ વ્યક્તિ, કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી અથવા તેમ કરવાથી પોતે તેની લાજ લેશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તેના પર હુમલો કરે અથવા ગુન્હાહીત બળ વાપરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

(૪૦) ઉપરોક્ત હકિકતે આરોપી સામે જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ – ૨૦૧૨ ની કલમ – ૧૨ મુજબના ગુન્હાઓનું પણ તહોમત રહેલ છે. આ કામે આરોપી વિષ્ણુભાઈ વિપીનભાઈ બારીયા વિરૂધ્ધના જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૨ મુજબનો આક્ષેપીત ગુનો પુરવાર થાય છે કેમ? તે માટે જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ ૧૧ અને તેમાં દર્શાવેલ ગુનાના આવશ્યક તત્વો પુરવાર થવા પ્રાથમિક રીતે આવશ્યક છે. આ અનુસંધાને પોક્સો એક્ટની કલમ ૧૧ અને ૧૨ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે તે નીચે મુજબ છે.

**Section 11.Sexual harassment.**

A person is said to commit sexual harassment upon a child when such person with sexual intent,--

(i) utters any word or makes any sound, or makes any gesture or exhibits any object or part of body with the intention that such word or sound shall be heard, or such gesture or object or part of body shall be seen by the child; or

(ii) makes a child exhibit his body or any part of his body so as it is seen by such person or any other person; or

(iii) shows any object to a child in any form or media for pornographic purposes; or

(iv) repeatedly or constantly follows or watches or contacts a child either directly or through electronic, digital or any other means; or

(v) threatens to use, in any form of media, a real or fabricated depiction through electronic, film or digital or any other mode, of any part of the body of the child or the involvement of the child in a sexual act; or

(vi) entices a child for pornographic purposes or gives gratification therefor.

*Explanation*-Any question which involves '[sexual intent" shall be a question of fact.

**Section 12.Punishment for sexual harassment.**

Whoever, commits sexual harassment upon a child shall be punished with imprisonment of either description for a term which may extend to three years and shall also be liable to fine.

**(૪૧)** વધુમાં આ કામે આરોપી વિરુધ્ધ પોકસો એકટ ની કલમ ૧૮ મુજબના ગુના કર્યાનો આક્ષેપ છે. જે કલમ નીચે મુજબ છે.

**Section-18. Punishment for attempt to commit an offence**

Whoever attempts to commit any offence punishable under this Act or to cause such an offence to be committed, and in such attempt, does any act towards the commission of the offence, shall be punished with imprisonment of any description provided for the offence, for a term which may extend to one-half of the imprisonment for life or, as the case may be, one-half of the longest term of imprisonment provided for that offence or with fine or with both.

**<u>મૌખિક પુરાવાના મુલ્યાંકન માટે સ્થાપિત માર્ગદર્શક સિધ્ધાંતોઃ-</u>**

**(૪૨)** કાયદાના ઉપરોક્ત મુજબના પ્રબંધોની સાથે ફરિયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન કરતા સમયે સૌપ્રથમ ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા આવશ્યક રહેલા છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ પ્રાથમિક પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સ્પષ્ટપણે અને નિઃશંકપણે પુરાવાઓથી સાબીત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીના કામે આરોપી સામે આક્ષેપિત તહોમતનામાની હકિકતની સાબીતીનો ભાર ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષ દ્વારા આરોપી સામે આક્ષેપિત તહોમતની હકિકતો સંપુર્ણ વિશ્વસનીય અને સચોટ પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર

કરવાની રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી જો ઇચ્છે તો ફોજદારી કાર્યરીતિ સંહિતા અને પુરાવા અધિનિયમની જોગવાઇઓને આધીન પોતાના બચાવનો પુરાવો રજુ કરી શકે છે, પરંતુ જો આરોપી મૌન રહેવા માંગતા હોય તો તેમને ફરજ પાડી શકાય નહીં. કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે આરોપીના બચાવની નબળાઇનો લાભ ફરિયાદ પક્ષ મેળવી શકે નહી. ફોજદારી કાર્યવાહીના કામે ફરિયાદપક્ષના પુરાવાઓનું મુલ્યાંકન અદાલત દ્વારા એક માનસિક પ્રક્રિયાને આધીન કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ કરવાનું રહે છે. આવું મુલ્યાંકન કરવા માટે કોઇ નિશ્ચિત પ્રક્રિયા હોય શકે નહી. પુરાવાઓનું મુલ્યાંકન દરેક કેસની હકિકતો, સંજોગો, રજુ થયેલા પુરાવાઓ અને કેસના ગુણદોષને આધીન કરવાનું રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા અનેકવિધ ચુકાદાઓમાં ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો ધ્યાને લઇ એવો સિધ્ધાંત પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, સો ગુનેગારો ભલે નિર્દોષ છુટી જાય, પંરતુ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઇએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે, પરંતુ અદાલતની એ પણ ફરજ છે કે, ગુન્હો કરનાર વ્યકિત સજામાંથી છટકી પણ જવો જોઇએ નહી અને પહેલો સિધ્ધાંત જેટલો અગત્યનો છે તેટલો જ બીજો સિધ્ધાંત પણ અગત્યનો છે. ફોજદારી ન્યાયશાસ્ત્રમાં પુરાવાઓની સંખ્યા કે જથ્થાને મહત્વ આપવામાં આવેલ નથી, પરંતુ પુરાવાની ગુણવત્તાની પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીના કામે પુરાવાઓના મુલ્યાંકન સમયે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અગત્યની બાબત રહેલા છે. પુરાવા અધિનિયમના સ્તુત્ય પ્રબંધો અનુસાર તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત અને આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલા સિધ્ધાંતો મુજબ વિશ્વસનીય, માનવાલાયક અને સત્ય સ્થાપિત કરનારા એક માત્ર સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે પુરાવાઓનો જથ્થો રજુ કરવો જરૂરી નથી. તેવી જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ આપણી નામદાર ઉચ્ચ અદાલત અને અન્ય નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા એ સિધ્ધાંત પણ પ્રસ્થાપિત કરાવમાં આવેલ છે કે, જાતીય ગુન્હાઓના કીસ્સામાં એક માત્ર ભોગ બનનારનો પુરાવો જો વિશ્વાસ સંપાદિત કરનારો અને માનવાલાયક તેમજ સત્ય સ્થાપિત કરનારો હોય તો ભોગ બનનારના પુરાવાના આધારે પણ આરોપીને કસુરવાર ઠરાવી શકાય છે અને તેના માટે ભોગ બનનારના પુરાવાને સમર્થનકારી પુરાવાની અપેક્ષા રાખવાની નથી. જાતીય

ગુન્હાઓના કામે રહેલ ભોગ બનનારના પુરાવામાં નાની, ક્ષુલ્લક કે તુચ્છ વિસંગતતાઓ અને વિરોધાભાસ હોય તો તે અપ્રસ્તુત છે.

**(૪૩)** આ તબક્કે આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા કાભાઇભાઇ ઉર્ફે કાળીયો પુનમભાઇ પરમાર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના કેસના ૨૦૧૪ (૧) જી.એલ.એચ. ૫૭૪ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સાહેદના મૌખિક પુરાવાના મુલ્યાંકન અંગેના સિધ્ધાંતો અને તે સંબંધેના માર્ગદર્શક દિશાસુચનો ધ્યાને લેવા અનિવાર્ય રહેલા છે. આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા નીચે મુજબના દિશાસુચનો ઠરાવવામાં આવેલા છે.

> "i. While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief.
>
> ii. If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial Court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.
>
> iii. When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the Court is justified in jettisoning his evidence.
>
> iv. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the

investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.

v. Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

vi. By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

vii. Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

viii. The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

ix. By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

x. In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.

xi. Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

xii. A witness, though wholly truthful, is liable to be over awed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-

conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

xiii. A former statement though seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness."

**(૭૪)** આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા ઉપરોક્ત રીતે પ્રસ્થાપિત કરાયેલ સાહેદના મૌખિક પુરાવાના મુલ્યાંકનના માર્ગદર્શક સિધ્ધાંતો લક્ષમાં રાખી ધ્યાને લઈ આ કામે રહેલા ફરિયાદ પક્ષના મૌખિક પુરાવાઓનું મુલ્યાંકન કરવાનું રહે છે. ફરિયાદપક્ષ દ્વારા આ કામે આરોપી સામે આક્ષેપિત તહોમતની હકિકત પુરવાર કરવા માટે જે સાહેદોને તપાસવામાં આવેલ છે. તેમાં સૌથી મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર રહેલા છે. આથી સૌપ્રથમ ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવું અનિવાર્ય છે.

**<u>ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**(૭૫)** ભોગ બનનાર સાહેદના મૌખિક પુરાવાનું મુલ્યાંકન ઉપરોક્ત મુજબના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર તેમજ જાતિય ગુન્હાઓનો ભોગ બનનાર સ્ત્રી કે બાળકીના મૌખિક પુરાવાના મુલ્યાંકન બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો લક્ષમાં લઈ કરતા પહેલા એ બાબત નોંધવી અત્યંત આવશ્યક રહેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓના આધારે એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામના ભોગ બનનાર બાળપણથી જ માનસિક અસ્વસ્થતા ધરાવનાર રહેલ છે. આ કામના ભોગ બનનારની જુબાની મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રી સમક્ષ નોંધવાના સમયે કરવામાં આવેલ નોંધ મુજબ ભોગ બનનાર સંવેદનશીલ સાહેદની જુબાની નોંધવા માટેના ખાસ સેન્ટરમાં જુબાની આપવા સમર્થ નહી જણાતા ભોગ બનનારને અદાલતમાં કોર્ટના ડાયસ ઉપર બેસાડી નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ, આણંદના ઓફીસર અને સાયકીયાટ્રીક ડો. કિશન એચ. પટેલ

તેમજ બાળકોના સ્પેશ્યલ એજ્યુકેટર રણજીત વાઘેલાની હાજરીમાં નોંધવામાં આવેલ છે. એ હકીકત પણ નોંધનિય છે કે, ભોગ બનનાર બાળ સાહેદ રહેલ હોય તેમની જુબાની નોંધતા સમયે તેઓ સોગંદનું મહત્વ સમજે છે કે કેમ? તે બાબતે મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા પ્રાથમિક સવાલો પુછવામાં આવેલ તે દરમ્યાન ભોગ બનનાર સોગંદનું મહત્વ સમજી શકે તેમ નહી જણાતા ભોગ બનનારની જુબાની ભોગ બનનાર બાળ સાહેદને સોગંદ આપ્યા વિના નોંધવામાં આવેલ છે. આ ચુકાદાના કામે અગાઉ ભોગ બનનારના મૌખિક પુરાવાના નિરૂપણ સમયે નોંધવામાં આવેલ હકીકત મુજબ ભોગ બનનારની આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસ નોંધવાની પ્રક્રિયા સમયે મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા ભોગ બનનાર સવાલ સમજી શકતા ન હોય ભોગ બનનારની સાહેદ તરીકેની સક્ષમતા અને ભોગ બનનારના પુરાવાની વિશ્વસનિયતાને અસર કરતી નોંધ પણ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા સાહેદ પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકી તેમજ પિયુષકુમાર જયંતિભાઈ પરમારના મૌખિક પુરાવાઓ દરમ્યાન પણ એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામના ભોગ બનનાર માનસિક રીતે અસ્વસ્થ છે. સાથોસાથ એ હકીકત પણ નોંધનિય છે કે, ભોગ બનનારની માનસિક અસ્વસ્થતા અંગે કોઈ તબીબી સ્વરૂપનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. પરંતુ ઉપરોક્ત તમામ હકીકતો ભોગ બનનારની માનર્સિક અસ્વસ્થતતાની બાબત દશા વનારી રહેલ છે. મહત્વની રીતે આ ગુન્હાની તપાસ કરનાર અધિકારી શ્રી એ. જે. અસારી ધ્વારા પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલ છે કે, ભોગ બનનાર માનસિક રીતે અસ્વસ્થ વ્યકિત છે.

**(૪૬)** ઉપરોક્ત હકીકતોના પરિપેક્ષ્યમાં ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ નં. ૦૩ તરીકે તપાસવામાં આવેલા આ કામના સૌથી મહત્વના સાહેદ એવા ભોગ બનનારના આંક-૧૪ ના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવાનું થાય છે. આ કામના ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા પ્રથમ દર્શનિય રીતે ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય, માનવાલાયક, ખાતરી કરાવનારો અને શ્રેષ્ઠ ગુણવતાવાળો રહેલ ન હોવાનું પ્રતિત થાય છે. ભોગ બનનારના મૌખિક પુરાવામાં ફરિયાદ હકીકત મુજબના આક્ષેપિત બનાવ બાબતે તેમજ આરોપીની ઓળખ બાબતે ખુબ જ મહત્વની વ્યાપક વિસંગતતાઓ રેકર્ડ ઉપર આવેલ છે. જે વિસંગતતાઓ અને વિરોધાભાસ

ફરિયાદ પક્ષના કેસની પાયાની હકીકતને વિપરીત અસર કરનાર રહેલ હોવાનું જણાય છે.

(૪૭) ફરિયાદ પક્ષના કેસ મુજબ આક્ષેપિત બનાવ ફરિયાદીના કાકાના દિકરા રાજેશભાઈ રમેશભાઈ વાઘેલાની દિકરી દિપીકાના લગ્નના દિવસે કન્યા વિદાયના સમયે બનવા પામેલ છે. ભોગ બનનારના મૌખિક પુરાવાને વંચાણે લેતા જણાય છે કે, ભોગ બનનારની જુબાની દરમ્યાન તેમને સવાલ પુછવામાં આવેલ કે, “તમે કોના લગ્નમાં ગયેલા?” જેના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે, “પેલાના લગ્નમાં." ત્યારબાદ ભોગ બનનારને એવો સવાલ પુછવામાં આવેલ કે, “પેલાના એટલે કોના લગ્નમાં?” જેના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે, “વ્યાસ સરના લગ્નમાં." આમ, ભોગ બનનાર તેમની જુબાનીમાં જેમના લગ્નમાં આક્ષેપિત બનાવ બનેલ તે કોના લગ્ન હતા તે બાબતે જ ફરિયાદ પક્ષના કેસથી તદ્દન વિસંગત અને અલગ જ હકીકત તેમની જુબાનીમાં જણાવે છે. તો વળી ભોગ બનનાર તેમની ઉલટ તપાસમાં લગ્ન દીપીકાનું હોવાનું સ્વીકારે છે. જે બાબત ભોગ બનનારના પુરાવાની વિશ્વસનીયતાને પ્રત્યક્ષ અસર કરનારી રહેલી છે. ફરિયાદ પક્ષનો એવો પણ કેસ રહેલ છે કે, આ કામના આરોપી લગ્ન સમયે જાનમાં આવેલા. આ હકીકત બાબતે ભોગ બનનારને તેમની સરતપાસમાં સવાલ પુછવામાં આવેલ કે,”લગ્નમાં જાન આવેલી?” જેના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે,”ના". જયારે કે ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, દીપીકાના લગ્નમાં જાન આવેલી. જે બંન્ને બાબત પરસ્પર વિરોધાત્મક રહેલ છે. આમ, ભોગ બનનાર ફરિયાદ પક્ષના કેસની પાયાની એ હકીકત કે, બનાવના દિવસે લગ્નમાં જાન આવેલી અને તેમાં આરોપી જાનૈયા તરીકે આવેલા તે બાબતે શંકા જન્માવતી હકીકત તેમના પુરાવામાં જણાવે છે.

(૪૮) ભોગ બનનારના મૌખિક પુરાવાના મુલ્યાંકનના આધારે ફરિયાદ હકીકત મુજબના આક્ષેપિત બનાવ બનવા અંગે પણ આશંકા જન્માવનારી હકીકતો રેકર્ડ ઉપર આવતી હોવાનું જણાય છે. ભોગ બનનારને તેમની સરતપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ કે, ”લગ્નમાં કંઇ થયેલુ?” જેના જવાબમાં ભોગ બનનારે મોઢુ હલાવીને "ના" નો ઈશારો કરેલ છે. ત્યારબાદ ફરીથી ભોગ બનનારને લગ્નમાં કંઇ થયેલ તેવુ પુછતા ભોગ બનનારે "ઢસડીને લઈ ગયેલા" તેમ જણાવેલ છે. ફરિયાદ પક્ષ તરફેની

સરતપાસમાં ત્યારબાદ ભોગ બનનારને એવો સવાલ પુછવામાં આવેલ કે, “તમે ક્યાં હતા અને તમને ઢસડીને ક્યાં લઈ ગયેલા?” જે સવાલના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે,”પાર્કીંગમાં". ભોગ બનનાર ધ્વારા તેમની જુબાનીમાં જણાવવામાં આવેલ આ હકીકત ફરિયાદ પક્ષના કેસ મુજબના આક્ષેપિત તહોમતની હકીકતથી અલગ રહેલ છે. ફરિયાદી કે જેઓ આ કામના ભોગ બનનારના પિતા રહેલા છે, તેઓએ તેમની આંક – ૧૨ વાળી ફરિયાદમાં એવી હકીકત જણાવેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરીને હાથ પકડી મોઢુ દબાવી ખેંચતાણ કરી અવસર પાર્ટી પ્લોટ બાજુ લઈ જતા હતા. આમ, આ હકીકત પણ ભોગ બનનારના પુરાવામાં જોવા મળતી મહત્વની વિસંગતતા દર્શાવે છે. ઉપરોક્ત હકીકતે ભોગ બનનારે તેમના પુરાવામાં પ્રથમ લગ્નમાં કંઈ થયેલ હોવા બાબતે નકારાત્મક હકીકત જણાવેલ છે અને ત્યારબાદ તેમને ફરીથી પુછવામાં આવતા તેઓને ઢસડીને લઈ ગયેલા તેવી હકીકત જણાવેલ છે. જે બાબત ઉપરોક્ત રીતે નોંધવામાં આવેલ હકીકતોના પરિપેક્ષ્યમાં ભોગ બનનારની સાહેદ તરીકેની અસક્ષમતા અને તેમના પુરાવાની વિશ્વસનિયતા બાબતે પ્રશ્નાર્થ ઉભા કરે છે.

(૪૯) ભોગ બનનારના મૌખિક પુરાવાના ઝીણવટભર્યા વિશ્લેષણ અને મુલ્યાંકનના આધારે એ હકીકત પણ ફલીત થાય છે કે, ભોગ બનનારે તેમની સરતપાસમાં પાછળથી જણાવેલ હકીકત કે, તેમને પાર્કીંગમાં ઢસડીને લઈ ગયેલા તેને આનુષંગીક ભોગ બનનારને તેમની સરતપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ કે, ”તમને કોણ ઢસડીને લઇ ગયેલુ?” જેના જવાબમાં ભોગ બનનારે કોઇ ચોક્કસ વ્યક્તિનું નામ જણાવેલ નથી. જયારે કે ત્યારબાદના સરતપાસના સવાલમાં ભોગ બનનારને એવો સવાલ પુછવામાં આવેલ કે, “ઢસડીને લઈ જનાર તમારા ગામનો હતો?” જેના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે, ”હા, મારા ગામનો હતો." ભોગ બનનાર ધ્વારા જણાવવામાં આવેલ આ હકીકત ફરિયાદ પક્ષના કેસની એ હકીકત કે, દીપીકાના લગ્નમાં વડોદરા જીલ્લાના વાઘોડીયા તાલુકામાંથી આવેલ જાનમાં આવેલ આરોપી વિષ્ણુ વીપીનભાઇ બારીયાએ ભોગ બનનારનો હાથ પકડીને મોઢુ દબાવીને એકાંતમાં લઈ જવાનો પ્રયાસ કરેલ તેને ખુબ જ શંકાસ્પદ બનાવનારી રહેલી છે.

(૫૦) ભોગ બનનારના મૌખિક પુરાવાના આધારે ફરિયાદ પક્ષના કેસ મુજબના આક્ષેપિત બનાવ અને આરોપી ધ્વારા આચરવામાં આવેલ જાતીય સતામણીના કૃત્ય

બાબતે જન્મેલ શંકા ભોગ બનનારના પુરાવાના આગળના ભાગના મુલ્યાંકનના આધારે વધુ પ્રગાઢ બને છે. ભોગ બનનારે ઉપરોકત હકીકતે તેમને ઢસડીને લઈ જનાર વ્યકિત તેમના ગામના જ હોવાનું જણાવેલ છે. ભોગ બનનારને ફરિયાદ પક્ષ તરફે તેમની સરતપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ કે, “ઢસડીને લઈ ગયા પછી તમારી જોડે શું કરેલુ?” જેના જવાબમાં ભોગ બનનારે ફરિયાદ પક્ષના કેસ મુજબના આક્ષેપિત બનાવને સમર્થનકારી કોઈ જ હકીકત જણાવેલ નથી અને ફકત પોતાનું મોઢુ હલાવીને "ના" નો ઈશારો કરેલ છે. જે નકારાત્મક ઈશારો એ બાબત દર્શાવે છે કે, ભોગ બનનારે તેમના મૌખિક પુરાવામાં તેમને ઢસડીને લઈ ગયા પછી તેમને સાથે કશું કરવામાં આવેલ નહી તેવું જણાવેલ છે. ફરિયાદ પક્ષ ધ્વારા આક્ષેપિત બનાવની હકીકત ભોગ બનનારના મૌખિક પુરાવા મારફતે સ્થાપિત કરવા માટે પુન: પ્રયત્ન કરવામાં આવેલ હોવાનું પણ ભોગ બનનારની સરતપાસની વિગતો ધ્યાને લેતા જણાય છે. ફરિયાદ પક્ષ તરફે ભોગ બનનારને તેમની સરતપાસમાં ફરીથી એવો સવાલ પુછવામાં આવેલ છે કે, “ઢસડીને પાર્કિંગમાં લઈ ગયા પછી તમારી જોડે કંઈ કરેલુ?” જેના જવાબમાં ભોગ બનનારે કોઈ જ ફળદાયી હકીકત જણાવેલ નથી અને આ સવાલ ભોગ બનનારને વારંવાર પુછવામાં આવેલ હોવા છતાં ભોગ બનનારે ફકત ઢસડીને લઈ ગયેલ તેવી જ હકિકત જણાવેલ છે. ફરિયાદ પક્ષનો કેસ ભોગ બનનારને તેમની સરતપાસમાં પુછવામાં આવેલ એ સવાલ કે, “ઢસડીને લઈ જનારનું નામ શું હતુ?” તેના આપવામાં આવેલ જવાબના આધારે નિષ્પ્રાણ બની રહે છે. ભોગ બનનારે તેમને પુછવામાં આવેલ આ સવાલ અંગે વારંવાર પુછવામાં આવ્યા બાદ તેમના જવાબમાં ''જગદીશ સર'' તેવો જવાબ આપેલ છે. આમ, ભોગ બનનાર તેમના મૌખિક પુરાવામાં ખુબ જ અલગ અલગ અને ફરતી ફરતી હકીકતો આક્ષેપિત બનાવ બાબતે અને તેમને ઢસડી લઈ જનાર વ્યકિતની ઓળખ બાબતે જણાવે છે. જે તમામ હકીકતો ભોગ બનનારના મૌખિક પુરાવાને સંપૂર્ણપણે વિશ્વસનિય અને માનવાલાયક પુરાવાની શ્રેણીમાંથી બાકાત કરે છે.

**(૫૧)** ઉપરોકત હકીકતોના ઉતરાર્ધમાં ફરિયાદ પક્ષ ધ્વારા ભોગ બનનારને આરોપીની ઓળખ બાબતે સવાલ પુછવામાં આવેલ છે. ભોગ બનનારને ફરિયાદપક્ષ તરફે સવાલ પુછવામાં આવેલ કે, “તમને ઢસડીને લઈ જનાર ને તમે ઓળખી શકો?” ભોગબનનારના મૌખીક પુરાવાનું ઉપરોકત રીતે અક્ષરસ: નિરૂપણ કરવામાં આવેલ છે

તેને ખુબજ ચીવટ અને કાળજીપુર્વક વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ભોગબનનારે તેમને તેમની સરતપાસ દરમ્યાન આરોપીની ઓળખ બાબતે પુછવામાં આવેલ આ સવાલનો કોઇ પણ હકારાત્મક કે નકારાત્મક જવાબ આપેલ નથી. ભોગબનનારનો મૌખીક પુરાવો નોંધવામાં આવેલ તે સમયે ફરિયાદપક્ષના આ સવાલ અન્વયે મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા એવી નોંધ કરવામાં આવેલ છે કે, *''તમને ઢસડીને લઇ ગયેલ તે આજરોજ કોર્ટમાં હાજર છે તેવા પ્રશ્નના જવાબમાં આરોપી બેઠેલ છે તેની આગળનો પડદો ખોલતા ભોગ બનનારે આંગળી ચીંધીને આરોપીના ખાનામાં બેઠેલ વ્યકતિને ઓળખી બતાવેલ છે. ભોગ બનનાર ધ્વારા ઓળખી બતાવેલ વ્યકતિ ને કોર્ટ ધ્વારા તેનુ નામ પૂછતા તેણે પોતાનુ નામ વિષ્ણુ વીપીનભાઇ બારૈયા હોવાનુ જણાવેલ છે. ભોગબનનારે આ કામના આરોપીની સાચી ઓળખ કરી બતાવેલ છે."* આ તબકકે એ હકકીત નોંધનીય છે કે, ભોગ બનનાર ધ્વારા તેમની જુબાનીમાં ફકત તેમને ઢસડીને લઇ ગયેલા તેવી જ હકીકત જણાવવામાં આવેલ છે અને ભોગ બનનારે તેમની જુબાનીમાં તેમને ઢસડીને લઇ જનાર તરીકે આ કામના આરોપીનું કોઇ નામ કે વર્ણન જણાવેલ નથી. ભોગ બનનારને તેમની જુબાની દરમિયાન આરોપીની ઓળખ કરાવવાના સમયે આરોપી અદાલત કક્ષમાં હાજર હોય અને ભોગ બનનાર આરોપીને સીધી રીતે જોઇ શકે નહીં તેવી વ્યવસ્થાના ભાગરૂપે આરોપીને બેસવાની જગ્યાએ આગળના ભાગે પડદો લગાવી દેવામાં આવેલ તે પડદો ખોલતા ભોગ બનનારે તે પડદાની પાછળ બેસેલ આરોપી તરફ આંગળી ચીંધીને આરોપીને ઓળખી બતાવેલ છે. ભોગ બનનાર ધ્વારા જે રીતે તેમની અગાઉની જુબાનીમાં હકીકતો જણાવેલ છે અને તેમને ઢસડીને લઇ જનાર વ્યકિત તરીકે હાલના આરોપીનું નામ કે વર્ણન જણાવેલ નથી અને તેમને ઢસડીને લઇ જનાર તરીકે પ્રથમ જગદીશ સર એવું નામ જણાવેલ છે અને તેમને ઢસડીને લઇ જનાર વ્યકિત તેમના ગામનો હોવાનું જણાવેલ છે અને ભોગ બનનારની જુબાની દરમિયાન ભોગ બનનારની સવાલ સમજવાની તથા જવાબ આપવાની સક્ષમતા બાબતે જે નોંધ કરવામાં આવેલ છે તેને ધ્યાને લેતા ભોગ બનનાર ધ્વારા સીધી રીતે જ આરોપીની ઓળખ કરી દેવામાં આવેલ છે તે બાબત સંદેહાત્મક જણાય છે.

**(૫૨)** ઉપરોકત મુજબના ભોગનનારના મૌખીક પુરાવાના વિશ્લેપણ અને મુલ્યાંકનના આધારે એ હકીકત જણાઇ આવે છે કે, ભોગબનનારનો મૌખીક પુરાવો

સંપુર્ણ પણે વિશ્વસનીય, માનવા લાયક, નિષ્કલંક અને શ્રેષ્ઠ ગુણવત્તા વાળો રહેલ નથી અને ખુદ ભોગબનનારના મૌખીક પુરાવાના આધારે ફરિયાદપક્ષના કેસ પરત્વે વ્યાજબી શંકાનું નિર્માણ થયેલ છે. આ તબકકે ભોગબનનારની આરોપીપક્ષ તરફેની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં જણાય છે કે, ભોગબનનાર ધ્વારા જે સંદેહાત્મક રીતે આરોપીની ઓળખ સ્થાપિત કરવામાં આવેલ છે તે સંદેહ વધુ દ્રઢ અને મજબુત શંકાનું સ્થાન લે છે. ભોગબનનારની તેમની ઉલટ તપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ કે, "તને કેટલાં છોકરા ઢસડીને લઇ ગયેલ?" જેના જવાબમાં ભોગબનનારે જણાવેલ છે કે, "૩ છોકરા ઢસડી ગયેલા." ભોગબનનાર ધ્વારા જણાવાયેલ આ હકીકત માત્ર ભોગબનનારના પુરાવાને અવિશ્વસનીય બનાવનાર રહેલ નથી પરંતુ ફરિયાદપક્ષના કેસને ખુબજ વિપરીત અસર કરનાર મહત્વની વિસંગતતા દર્શવાનાર રહેલ છે.

**(૫૩)** ભોગબનનારના ઉપરોકત મુજબના મૌખીક પુરાવાની સાથે ભોગબનનારના પિતા અને આ કામના ફરીયાદીના મૌખીક પુરાવાનું મુલ્યાંકન કરવું પણ અત્યંત જરૂરી રહેલું છે. ભોગબનનારના પિતા એટલે કે ફરીયાદીના મૌખીક પુરાવાનું મુલ્યાંકન કરતાં પ્રથમ દર્શનીય રીતે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ભોગબનનારના પિતા આક્ષેપિત બનાવ નજરે જોનાર સાહેદ રહેલાં નથી અને તેમનો મૌખીક પુરાવો કથોપકથિત સ્વરૂપનો રહેલો છે. ભોગબનનાર તેમના ઉપરોકત મુજબના મૌખીક પુરાવામાં આક્ષેપિત બનાવની જગ્યા અને સમય બાબતે કોઇ હકીકત જણાવતાં નથી. જયારે કે ભોગબનનારના પિતા લગ્ન પ્રસંગમાં વિદાય કરવાના સમયે લગ્ન મંડપના મેઇન ગેટ પાસેથી ગામની બીજી દીકરીઓ રવાના થઇ ગયેલ ત્યારે આરોપી વિષ્ણુએ તેઓની ભોગ બનનાર દીકરીનું મો દબાવીને હાથ પકડીને તેણીને ૩૦૦ મીટર આસપાસ ખેંચી ગયેલો તે વખતે સાંજના ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યા હતાં તેવી હકીકત જણાવે છે. ભોગબનનારના પિતા ધ્વારા જણાવવામાં આવેલ આ હકીકત મુજબનો ફરિયાદપક્ષનો કોઇ કેસ રહેલ નથી. આ તબકકે ફરિયાદપક્ષ ધ્વારા આંક-૦૮ થી રજુ થયેલ આક્ષેપિત ગુન્હાવાળિ જગ્યાનું પંચનામું તથા આ પંચનામાના પંચ સાહેદ સુરેશ અરજણભાઇ સોલંકીના મૌખીક પુરાવાને ધ્યાને લેવા અનિવાર્ય જણાય છે. ગુન્હાવાળિ જગ્યાના પંચનામાના સાહેદ નંબર-૧ તરીકે આંક-૦૭ થી તપાસવામાં

આવેલાં પંચ સાહેદ સુરેશ અરજણભાઇ સોલંકીએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તા. ૦૮/૦૩/૨૦૨૪ ના રોજ પંચ તરીકે ચિખોદરા ચોકડી પાસે અંબેવિલા સોસાયટી સામે આવેલ ધરતી બંગ્લોઝના ખાંચામાં અવસર પાર્ટી પ્લોટના પાર્કીંગ વાળિ જગ્યાએ ગયેલાં અને ફરીયાદીએ અવસર પાર્ટીપ્લોટના પાર્કીગવાળો વિસ્તાર બતાવી તે જગ્યાએથી તેમની ભોગબનનાર દિકરીને આરોપી વિશણુભાઇ મોઢું દબાવીને લઇ જતાં હતાં તેવી હકીકત જણાવેલ. આંક–૦૮ વાળું આક્ષેપિત ગુનાવાળિ જગ્યાનું પંચનામું વંચાણે લેતાં પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, સદર પંચનામા સમયે આક્ષેપિત બનાવવાળિ જગ્યા આ કામના ફરીયાદીએ બતાવેલ અને તેમના બતાવ્યા મુજબની જગ્યા અવસર પાર્ટી પ્લોટનું પાર્કીગ રહેલ હતું. આમ, ફરીયાદીના મૌખીક પુરાવા તથા ગુન્હાવાળિ જગ્યાના પંચનામા અને ગુન્હાવાળિ જગ્યાના પંચનામાના પંચ સાહેદના મૌખીક પુરાવાના આધારે આક્ષેપિત બનાવવાળિ જગ્યાની સાચી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ફરીયાદી તેમની જુબાનીમાં તેમના કાકાના દિકરા રાજેશભાઇ રમેશભાઇ વાઘેલાની દિકરીના લગ્ન પ્રસંગમાં વિદાય કરવાના સમયે લગ્ન મંડપના મેઇન ગેટ પાસેથી આરોપી તેમની ભોગબનનાર દિકરીને મોઢું દબાવીને હાથ પકડીને ખેંચીને લઇ ગયેલ હોવાની હકીકત જણાવે છે. જયારે કે તેમના ધ્વારા જ તપાસ સમયે ગુન્હાવાળિ જગ્યાના પંચનામા વખતે અવસર પાર્ટી પ્લોટના પાર્કીગ વાળિ જગ્યા બનાવવાળિ જગ્યા તરીકે દર્શાવવામાં આવેલ. જે બાબત પણ વિરોધાત્મક રહેલ છે.

(૫૪) ઉપરોકત હકીકતની નોંધ મુજબ ફરીયાદી એટલે કે ભોગબનનારના પિતા નજરે જોનાર સાહેદ રહેલ નથી અને તેમનો મૌખીક પુરાવો કથોપથિત સ્વરૂનો રહેલો છે અને ભોગબનનારના પિતાના મૌખીક પુરાવાના આધારે એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, પ્રકાશ નામના આ કામના સાહેદે તેમને રૂબરૂમાં આવીને બનાવની જાણ કરેલી. ભોગબનનારના પિતાએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આ બનાવ તેઓના કાકાનો દીકરો કલ્પેશ, અજય, પ્રકાશ તથા અન્ય એક વ્યકિતએ જોઇ લેતા પ્રકાશે તેઓને રૂબરૂમાં આવીને જાણ કરેલી તેથી તેઓ ભાગીને અવસર પાર્ટી પ્લોટ પાસે પહોંચેલા ત્યાંથી તેઓ તેમની ભોગ બનનાર દીકરીને તેઓના ઘરે પાછી લઇ આવેલા અને આરોપીને કલ્પેશ, અજય, પ્રકાશ વિગેરે નાઓએ મારની બીકે ત્યાંથી ભગાડી દીધેલો.

**(૫૫)** ઉપરોકત હકીકતે ભોગબનનારના પિતાને આક્ષેપિત બનાવની જાણ તેમના કાકાના દિકરા પ્રકાશે કરેલી. આ કામે આ પ્રકાશ નામના વ્યકિતને કે જેમનું પુરૂ નામ પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકી છે તેમને સાહેદ નંબર–૫ તરીકે આંક–૧૯ થી તપાસવામાં આવેલા છે. ભોગબનનારના પિતાના કથન અનુસાર આ સાહેદ આક્ષેપિત બનાવ નજરે જોનાર સાહેદ રહેલાં છે અને આ સાહેદના મૌખીક પુરાવાના પ્રથમ દ્રષ્ટીના વિશ્લેષણના આધારે તેઓ નજરે જોનાર સાહેદ રહેલ હોવાની હકીકત ફલીત થાય છે. આ સંજોગોમાં આ સાહેદ ફરિયાદપક્ષના કેસની સાબીતી માટે ખુબજ મહત્વના સાહેદ રહેલાં છે.

**(૫૬)** આ સાહેદ પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીએ તેમના સોગંદ ઉપરના મૌખીક પુરાવામાં જણાવેલ છે કે, તેઓની બહેનને ત્યાં ચીખોદરા આજથી ૮ મહિના પહેલા લગ્ન હતું તેમાં તેઓ તેમના પરિવાર સાથે ગયેલ હતા અને લગ્નપ્રસંગમાં વિદાય ચાલતી હતી ત્યારે એક છોકરી કે જે માનસિક રીતે અસ્વસ્થ હતી તેણે એક છોકરાનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધેલ તેથી ત્યાં ઝપાઝપી થયેલી અને ઘણા માણસો ભેગા થઈ ગયેલા ત્યાં બધા ભેગા થયેલા માણસોના મનમાં એવું થયેલ કે છોકરાએ છોકરીની છેડતી કરેલ છે પરંતુ તેઓએ આખો બનાવ નજરે જોયેલ અને છોકરાએ કોઈ છોકરીની છેડતી કરેલ ન હતી ત્યારબાદ છોકરીના ઘરવાળાએ પોલીસ કેસ કરેલ અને પોલીસે બનાવ બાબતે તેઓનું નિવેદન લીધેલુ. આ સાહેદે તેમના મૌખીક પુરાવામાં વધુમાં સ્પષ્ટ રીતે એવી હકીકત પણ જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે આ કામના આરોપી ભોગ બનનારને મોઢુ દબાવી ખેંચતાણ કરી પાર્ટી પ્લોટની પાછળની બાજુ લઈ જતા હોય અને તેઓએ તેને છોડાવેલ હોય. આમ, ફરિયાદપક્ષના કેસ મુજબના આ નજરે જોનાર સાહેદ ધ્વારા તેમના મૌખીક પુરાવાથી ફરિયાદપક્ષના કેસની આક્ષેપિત બનાવની સમગ્ર હકીકતનો જ ઈન્કાર કરવામાં આવેલ છે. આ સાહેદ ફરિયાદપક્ષના કેસની તદ્દન અલગ જ હકીકત તેમની જુબાનીમાં જણાવે છે. આ સાહેદ ધ્વારા તેમની સરતપાસમાં જે હકીકત જણાવવામાં આવેલ તે હકીકતને તેમની ઉલટ તપાસમાં પણ ચુસ્ત રીતે વળગી રહેલ છે. તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, વિદાય પ્રસંગે પિયુષભાઈ, અજયભાઈ, કલ્પેશભાઈ અને તેઓ ત્યાં હાજર હતા અને તેઓએ તેમની સરતપાસમાં જે રીતે બનાવ બનેલ અને જોયેલ તે જ હકિકતો લખાવેલ છે. આ

સાહેદના મૌખીક પુરાવાના આધારે મહત્વની એ હકીકત પણ સુચક બની રહે છે કે, આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવતાં નથી કે, તેઓએ દિપીકાબેનના લગ્ન ના દિવસે જે કોઇ બનાવ બનેલ તે બનાવની જાણ ભોગબનનારના પિતા એટલે કે આ કામના ફરીયાદીને કરેલી. આમ, જયારે ભોગબનનારના પિતાનો મૌખીક પુરાવો પ્રત્યક્ષ અને નજરે જોનાર તરીકેનો રહેલો નથી અને કથોપથિત સ્વરૂપનો રહેલો છે ત્યારે તેમના એ કથનની હકીકત કે, તેમને આક્ષેપિત બનાવની જાણ આ સાહેદ પ્રકાશભાઇએ કરેલી તે ખોટી ઠરે છે.

(૫૭) ફરિયાદપક્ષના કેસ મુજબના આ ખુબજ મહત્વના અને નજરે જોનાર સાહેદના મૌખીક પુરાવાના આધારે આરોપી પક્ષ તરફેની રજુઆત કે, આ સાહેદના પુરાવા મારફતે હકીકતમાં લગ્ન પ્રસંગમાં જે સાચો બનાવ બનેલ તે સાચા બનાવની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને હકીકતમાં લગ્ન પ્રસંગમાં વિદાય ચાલતી હતી ત્યારે એક માનસિક અસ્થિર છોકરીએ એક છોકરાનો મોબાઈલ ફોન ઝુંટવી લીધેલો જેથી ત્યાં ઝપાઝપી થયેલી અને માણસો ભેગા થયેલાં અને છોકરાએ છોકરીની કોઈ છેડતી કરેલ ન હતી, તે સંભવીતતાની પ્રબળતાની દ્રષ્ટીએ માનવા લાયક જણાય છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આ સાહેદ પ્રકાશભાઇ દેવસીંગભાઇ સોલંકી નજરે જોનાર સાહેદ રહેલા છે અને આ સાહેદના મૌખીક પુરાવાના આધારે પણ કહેવાતાં બનાવના દિવસે લગ્ન સ્થળે આ સાહેદની પ્રત્યક્ષ હાજરી જણાઇ આવેલ છે. ચોકકસ પણે આ સાહેદને ફરિયાદપક્ષ તરફે તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને સમર્થન નહી આપતાં ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. પરંતુ કાયદાના સ્થાપિત સિધ્ધાંત અનુસાર સાહેદ ધ્વારા તેમના પોલીસ રૂબરૂના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૧ હેઠળના નિવેદનની હકીકતોને તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન નહી આપવા માત્ર થી આવા સાહેદનો સમગ્ર પુરાવો રદ કરી શકાય નહી કે ફેંકી દઇ શકાય નહી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર તપાસના કામે પોલીસ અધિકારી ધ્વારા નોંધવામાં આવતા ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઇઓ હેઠળના નિવેદનોને સનાતન સત્ય તરીકે પુરાવાની મુલવણી સમયે સ્વીકારી શકાય નહી અને સાહેદની સત્યતા અને વિશ્વસનીયતાની ચકાસણી ઈન્સાફી કાર્યવાહીના કામે તેમના ધ્વારા સોગંદ ઉપર આપવામાં આવેલ મૌખીક પુરાવાના મુલ્યાંકનના આધારે જ આંકી શકાય છે. આ સાહેદ પ્રકાશભાઇ દેવસીંગભાઇ સોલંકીના પુરાવાનું મહત્વ એટલા માટે

રહેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ આ સાહેદ નજરે જોનાર સાહેદ રહેલા છે અને તે કારણે જ ફરિયાદપક્ષ તરફે તેઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલા છે. ફરિયાદપક્ષના સમગ્ર પુરાવાઓનું આ તકે ચોકસાઈપુર્વક મુલ્યાંકન કરતાં એ હકીકત દેખીતી નજરે તરી આવે છે કે, ફરિયાદપક્ષના પુરાવાઓ આ કામના આરોપી ધ્વારા આક્ષેપિત તહોમત મુજબનો ગુન્હો આચરવામાં આવેલ જ છે તેની સાબીતી માટે વિશ્વસનીય અને પર્યાપ્ત રહેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષના આ મહત્વના સાહેદના મૌખીક પુરાવાને બાજુ પર મુકી શકાય નહી કે નજર અંદાજ કરી શકાય નહી. આ સાહેદનો મૌખીક પુરાવો રેકર્ડ ઉપરના અન્ય પુરાવાઓના આધારે ઉદભવેલી ખામીઓ અને ત્રુટીઓ સાથે સંયુકત રીતે વિચારણામાં લેતાં આ સાહેદનો મૌખીક પુરાવો ફરિયાદપક્ષના કેસ પરત્વે તિવ્ર આશંકા સુચવે છે. આ સંજોગોમાં આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ રજુઆત કે, ફરિયાદ પક્ષના આ સ્વતંત્ર અને નજરે જોનાર સાહેદ દ્ધારા તેમના મૌખિક પુરાવામાં હકીકતમાં જે સાચો બનાવ બનેલ તેની વિગત જણાવવામાં આવેલ છે અને તેના આધારે ફરિયાદ પક્ષનો કેસ ખોટો હોવાનું પુરવાર થાય છે, તે માનવા લાયક જણાય છે.

(૫૮) આ તબકકે ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૬ તરીકે આંક-૨૧ થી અન્ય નજરે જોનાર સાહેદ તરીકે તપાસવામાં આવેલાં સાહેદ પિયુષકુમાર જયંતિભાઈ પરમારના મૌખીક પુરાવાનું મુલ્યાંકન કરવું અતિ આવશ્કય રહેલ છે. ફરિયાદપક્ષના આ સાહેદના પ્રાથમિક મુલ્યાંકનના આધારે જ એવી હકીકત સ્થાપિત થાય છે કે, તેઓએ ફરીયાપક્ષ ધ્વારા આ કામના આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમતની હકીકતોને કોઇ જ સમર્થન આપેલ નથી. ફરિયાદપક્ષના આ સાહેદના મૌખીક પુરાવાના આધારે ફરિયાદ પક્ષના કેસની હકીકતો વિશ્વસનીય રીતે સમર્થીત થવાના બદલે ફરિયાદ પક્ષના કેસથી તદન અલગ જ હકીકત રેકર્ડ ઉપર આવે છે. આ સાહેદ પિયુષકુમાર જયંતિભાઇ પરમારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એક વર્ષ અને ઉપર બે-ત્રણ મહિના અગાઉ બનેલો અને એક છોકરા નામે વિષ્ણુને તેમના કાકાની ભોગબનનાર દીકરી સાથે લફરુ હતું અને તે અંગે તેઓને કોઇ જાણ ન હતી અને આ વિષ્ણુ અને તેમના કાકાની ભોગ બનનાર દીકરી બંને સાથે ચાલતા ચાલતા ગયેલા અને બનાવના સમયે તેઓના બીજા કાકા રાજુભાઈની દીકરી દિપીકાનું લગ્ન હતું અને તે લગ્નમાં આ વિષ્ણુ નામનો છોકરો દિપીકાની જાન આવેલ તે જીજાજી એટલે કે વરરાજાના ડ્રાઈવર તરીકે આવેલ. આમ, ફરિયાદપક્ષના આ મહત્વના

સાહેદ કે જેઓ ભોગબનનારના પિત્રાઇ ભાઇ અને ફરીયાદીના ભત્રીજા રહેલાં છે અને આ કામના નજરે જોનાર સાહેદ રહેલાં છે, તેઓએ ફરિયાદપક્ષના કેસની આક્ષેપિત તહોમતની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ તે દિવસે આ વિષ્ણુ અને તેમના કાકાની ભોગ બનનાર દીકરીને સાથે ચાલતા ચાલતા જતા જોયેલા તે સિવાય બીજુ કશું જોયેલુ નહી અને તેઓને પાછળથી પણ બીજુ કશું જાણવા મળેલ નહી. આમ, આ સાહેદ તેમના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં તેમના કાકાની ભોગ બનનાર દિકરીનો હાલના આરોપીએ હાથ પકડી ભોગ બનનારનું મોઢુ દબાવી ભોગ બનનારને ખેંચી લઇ જતા હોવાની અને આવો કોઇ આક્ષેપિત બનાવ તેઓએ નજરે જોયેલ હોવાની હકીકત જણાવતા નથી. આ મહત્વના સાહેદે આરોપી પક્ષ તરફેની તેમની ઉલટ તપાસમાં પણ એવી હકીકત સ્વીકારેલ છે કે, લગ્ન હોવાથી અને વિદાય ચાલતી હોવાથી ઘણા બધા માણસો ચાલતા ચાલતા જતા હોય અને તે રીતે આ વિષ્ણુ પણ ચાલતો ચાલતો જતો હતો અને તેવી જ રીતે ભોગ બનનાર પણ ચાલતી ચાલતી જતી હતી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના આ નજરે જોનાર સાહેદના મૌખિક પુરાવાથી પણ આ કામના આરોપીએ જાતીય બદઈરાદાથી ભોગ બનનારનો હાથ પકડી મોઢુ દબાવી ખેંચી લઈ જવા પ્રયાસ કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી.

(૫૯) આરોપી તરફે વિદ્વાન વકિલશ્રી ડાભીએ તેમની મૌખિક દલીલોમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા કોઈ નજરે જોનાર સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી અને જે અન્ય વ્યકિતઓએ ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવ નજરે જોયેલ છે તેવા વ્યકિતઓને આ કામે તપાસવામાં આવેલા નથી. આથી, ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આરોપી પક્ષ તરફેની આ રજુઆત અન્વયે રેકર્ડ ઉપરના પુરાવાઓનું મુલ્યાંકન કરતા જણાય છે કે, આ કામે ઉપરોકત હકીકતે ફરિયાદ પક્ષના કેસની સાબીતી માટે સૌથી મહત્વના સાહેદ ખુદ ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપૂર્ણપણે વિશ્વસનિય, માનવાલાયક અને ખાતરી કરાવનારો રહેલ નથી અને ભોગ બનનારના પિતા એટલે કે આ કામના ફરિયાદીનો મૌખિક પુરાવો પણ કથોપકથિત સ્વરૂપનો અને વધારે-ચઢાવી જણાવાયેલ હકીકતો વાળો જણાય આવેલ છે તેમજ ફરિયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલા ઉપરોકત મુજબના બંન્ને નજરે જોનાર સાહેદો

પ્રકાશભાઇ અને પિયુષકુમાર ધ્વારા તેમના મૌખિક પુરાવાઓથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઇ જ સમર્થન આપવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલા સાહેદોના મૌખિક પુરાવાઓ હાલના આરોપી ધ્વારા આક્ષેપિત તહોમત મુજબનું ભોગ બનનાર સાથે જાતીય સતામણી સ્વરૂપનું ગુનાહિત કૃત્ય આચરવામાં આવેલ હોવાની હકીકત નિ:શંકપણે સાબીત કરનારા રહેલા નથી.

**(૬૦)** આરોપી પક્ષ તરફેની ઉપરોકત રજુઆત અન્વયે રેકર્ડ ઉપર ઉદભવેલી હકીકતો થોડા વિસ્તારથી વર્ગીકૃત કરતા જણાય છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબના નજરે જોનાર સાહેદ પ્રકાશભાઇ દેવસીંગભાઇ સોલંકીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, વિદાય પ્રસંગે પિયુષભાઇ, અજયભાઇ, કલ્પેશભાઇ અને તેઓ ત્યાં હાજર હતા અને તેઓએ તેમની સરતપાસમાં જે રીતે બનાવ બનેલ અને જોયેલ તે જ હકિકતો લખાવેલ છે. આ સાહેદના મૌખિક પુરાવા દરમિયાન આક્ષેપિત બનાવ સમયે સ્થળ ઉપર આ સાહેદની સાથે પિયુષભાઇ ઉપરાંત અન્ય બે વ્યકિતઓ અજયભાઇ અને કલ્પેશભાઇ પણ હાજર હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેવી જ રીતે આ કામના ભોગ બનનાર સાહેદે તેમની જુબાનીમાં તેમને પુછવામાં આવેલ સવાલ કે, "ઢસડીને લઇ ગયેલ ત્યારે ત્યાં બચાવવા માટે કોણ આવેલ?" જે સવાલના જવાબમાં ભોગ બનનારે જણાવેલ છે કે,"મારા કાકા કલ્પેશ આવેલા." ફરીયાદીએ પણ તેમના મૌખીક પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ તેમની ભોગ બનનાર દીકરીને ઘરે લાવીને પૂછતાં જણાવેલ કે, જાન માંનો એક છોકરો તેણીનું મો દબાવીને તેણીને લઇ જતો હતો તેને કલ્પેશ, અજય, પ્રકાશનાઓ જોઇ જતા તેમણે તેણીને બચાવેલી. આ હકીકત રેકર્ડ ઉપર રહેલ હોવા છતા ફરિયાદ પક્ષ ધ્વારા આ અજયભાઇ અને કલ્પેશભાઇને આ કામે નજરે જોનાર સાહેદ હોવા છતા તપાસવામાં આવેલા નથી.

**(૬૧)** ફરિયાદ પક્ષ તરફેના સાહેદ પિયુષકુમાર જયંતિભાઇ પરમારના મૌખિક પુરાવાના મુલ્યાંકન સમયે એ હકીકત પણ દર્શીત થાય છે કે, ફરિયાદ પક્ષના આ મહત્વના નજરે જોનાર સાહેદ ધ્વારા તેમના સોગંદ ઉપરના મૌખિક પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને કોઇ સમર્થન નહીં આપવામાં આવતા તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે તેમને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ પુછવામાં આવેલા અને તે દરમિયાન પણ આ સાહેદે ફરિયાદ પક્ષના

કેસની હકીકતને કોઇ સમર્થન નહીં આપતા આ અદાલત ધ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૬૫ ની જોગવાઇને આધીન સત્ય શોધનની પ્રક્રિયાના ભાગરૂપે આ સાહેદને કેટલાક સવાલો પુછવામાં આવેલા અને તેના જવાબો રૂપે આ સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ વિષ્ણુ નામના છોકરાને અને ભોગ બનનારને બન્નેને સાથે ચાલતા ચાલતા જતા જોયેલા અને તે સમયે તેમના મિત્રો અમિત અને કાર્તિક હાજર હતા. આરોપી પક્ષ તરફે પણ આ અનુસંધાને એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા આ કામે આ અમિત અને કાર્તિક નામના વ્યક્તિઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. આરોપી પક્ષ તરફે કરવામાં આવેલી આ રજુઆતને રેકર્ડ ઉપરથી સંપૂર્ણપણે સમર્થન મળે છે કારણકે ફરિયાદ પક્ષ તરફે આ નજરે જોનાર સાહેદ પિયુષકુમાર ધ્વારા જણાવવામાં આવેલ હકીકત મુજબ અમિત અને કાર્તિક નામના વ્યકિત પણ આક્ષેપિત બનાવ સમયે હાજર હોવા છતા અને નજરે જોનાર સાહેદ હોવા છતા તેમને ફરિયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમાં પણ ફરિયાદ પક્ષના કેસ પરત્વે નિર્માણ થયેલ શંકા વધુ દ્રઢ અને મજબુત બને છે.

**(૬૨)** ફરિયાદપક્ષ ધ્વારા એવો કેસ રજુ કરવામાં આવેલ છે કે, ફરીયાદીના કાકાના દીકરાની દીકરી દીપીકાબેનના લગ્ન પ્રસંગે વિદાય સમયે હાલના આરોપી ધ્વારા સગીર ભોગબનનારનો હાથ પકડી, મોઢું દબાવી, ખેંચી લઇ જઇ આક્ષેપિત ગુન્હો આચરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે રજુ કરવામાં આવેલા પુરાવાઓ પણ એ બાબત દર્શાવેલ છે કે, જે કોઇ બનાવ બનેલ છે તે આ દીપીકાબેનના લગ્ન પ્રસંગે સાંજના સાડા પાંચ થી છ વાગ્યાના અરસામાં વિદાય પ્રસંગે બનેલ છે. મહત્વની રીતે આ કામના તપાસ કરનાર અધિકારીએ પણ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, જે કોઈ બનાવ બનેલો તે લગ્નના દિવસે વિદાય સમયે બનેલ હોવાનું તેમની તપાસમાં ખુલેલુ.

**(૬૩)** રેકર્ડ ઉપરની આ હકીકતના પરિપેક્ષ્યમાં આરોપીપક્ષ તરફે વિદ્વાન વકિલ શ્રી ડાભીએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે, સાહેદોના પુરાવાના આધારે વિદાય સમયે ૧૦૦ થી ૧૫૦ માણસો હાજર હોવાનું અને વિદાયમાં દિકરીને વળાવવા ઘરના સભ્યો, સગાવ્હાલાઓ અને અન્ય લોકો મળી ઘણા બધા લોકો ગયેલ હોવાનું પુરવાર થાય છે અને તેથી આટલા બધા લોકોની હાજરીમાં ભોગ બનનારને લોકો વચ્ચેથી હાથ

પકડી ખેંચી ઢસડી લઈ જવાનો બનાવ બને તે બાબત જ માનવામાં આવે તેવી નથી. તેઓએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, જો આવો કોઈ બનાવ બનેલ હોય તો પણ અસંખ્ય માણસોની હાજરીમાં બનેલો, તેમ છતાં ફરિયાદ પક્ષના આક્ષેપિત તહોમતની હકીકતને કોઈપણ સ્વતંત્ર સાહેદ દ્વારા વિશ્વસનિય સમર્થન આપવામાં આવેલ નથી અને આ કામે તપાસવામાં આવેલા તમામ નજરે જોનાર સાહેદો ફરી ગયેલા સાહેદ જાહેર થયેલા છે, આથી ફરિયાદપક્ષનો કેસ ખોટો ઠરે છે.

(૬૪) ફરિયાદપક્ષના કેસની ઉપરોકત મુજબની હકીકત તથા આરોપી તરફેની ઉપરોકત રજુઆત અનુસંધાને એ હકીકત પુન: નોંધવી આવશ્યક છે કે, ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલાં તમામ મહત્વના સાહેદોના મૌખીક પુરાવાઓના આધારે જે કોઈ બનાવ બનેલ તે ફરીયાદીના કાકાના દિકરાની દિકરી દિપીકાબેનના લગ્ન ના દિવસે કન્યા વિદાય સમયે સાંજના આશરે સાડા પાંચ થી છ ના અરસામાં બનેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. ફરિયાદપક્ષના પુરાવાઓના મુલ્યાંકન સમયે આ રજુઆત અંગે વિસ્તૃત છણાંવટ થઇ શકે તે માટે આ મહત્વના સાહેદોના મૌખીક પુરાવાઓ પુન: વિચારણામાં લેવાં આવશ્યક છે.

(૬૫) સૌ પ્રથમ ફરીયાદીના મૌખીક પુરાવાને વંચાણે લેતાં જણાય છે કે, ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, લગ્ન તેઓના કાકાના દીકરાના ઘરે હતા અને આ લગ્નમાં તમામ સગાવહાલાઓને આમંત્રણ આપવામાં આવેલ અને ફળીયામાં તેમજ ગામના નજીકના ઘરોમાં સહકુટુંબ આમંત્રણ આપવામાં આવેલ અને આ લગ્નમાં ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા માણસો એકત્રિત થયેલા અને જાનમાં ૧૦૦ થી ૧૫૦ જેટલા માણસો આવેલા. ફરીયાદીએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, બનાવ સાંજે ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યા સુધીના અરસામાં બનેલો અને બનાવ સમયે અજવાળુ હતુ અને લગ્નમાં ફોટોગ્રાફી અને વીડીયોગ્રાફી પણ કરવામાં આવેલા અને લગ્ન મંડપમાં અને ગેટ ઉપર લાઇટની સગવડો પણ કરવામાં આવેલા અને આ કામે બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૬૬) ત્યારબાદ આ કામના ભોગ બનનારના મૌખીક પુરાવાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે, ભોગબનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, લગ્ન

દીપીકાનુ હતુ અને દીપીકાના લગ્નન તેઓના ઘર આગળ જ હતા અને આ લગ્નમાં તેઓના ગામના માણસો તથા સગા વહાલા એમ મળીને ઘણા માણસો આવેલા હતા અને દીપીકાના લગ્નમાં જાન આવેલી, વરઘોડો આવેલો અને ડી.જે. પણ હતુ અને વરરાજાને લગ્નની ચોરીએ લાવવામાં આવેલા અને લગ્નની ચોરી અને ગેટ નજીક નજીકમાં હતા

(૬૭) ફરિયાદપક્ષ તરફે નજરે જોનાર સાહેદો તરીકે તપાસવામાં આવેલાં સાહેદો પૈકીના સાહેદ પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીના મૌખીક પુરાવાને ધ્યાને લેતાં જણાય છે કે, તેઓએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, લગ્નમાં આશરે ૧૦૦૦ જેટલા માણસો હતા અને વિદાયનો પ્રસંગ સાંજના ૬:૩૦ કલાકે હતો અને તેઓ મોબાઇલ ઝૂંટવી લેવાના બનાવ અંગે જણાવે છે તે સમયે અજવાળુ હતુ. આ નજરે જોનાર સાહેદે તેમની ઉલટ તપાસમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, વિદાય સમયે મંડપના ગેટ આગળ ૧૦૦-૨૦૦ જેટલા માણસો ભેગા થયેલા હતા.

(૬૮) તેવી જ રીતે અન્ય નજરે જોનાર સાહેદ પિયુષકુમાર જયંતિભાઈ પરમારે પણ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ લગ્ન દિપીકાબેનનું હતું અને આ લગ્નમાં સગાવહાલા અને ગામના લોકોને તેડાવેલા તથા લગ્નમાં આશરે ૨૦૦૦ જેટલા માણસો હાજર હતાં અને સાંજના સમયે દિપીકાબેનની વિદાય માટે આશરે ૧૦૦ થી ૧૫૦ માણસો ગયેલા.

(૬૯) ફરિયાદ પક્ષના ઉપરોકત મુજબના સાહેદોના મૌખિક પુરાવાઓના આધારે આક્ષેપિત બનાવ સમયનું જે ચીત્ર ઉપસી આવે છે, તે એ દર્શાવે છે કે, ફરિયાદ પક્ષ જે કેસ સાથે આવેલ છે તેવો આક્ષેપિત બનાવ ફરિયાદીના કાકાના દિકરા રાજેશભાઈ રમેશભાઈ વાઘેલાની દિકરી દીપીકાબેનના લગ્નના દિવસે બનવા પામેલ અને તે લગ્નમાં વરરાજાની જાન વડોદરા જીલ્લાના વાઘોડીયા ખાતેથી આવેલ તથા લગ્નમાં કુટુંબના, સગાવહાલાના, ફળીયાના, ગામના તથા આમંત્રીતો બહુ મોટી સંખ્યામાં આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા માણસો આવેલા અને લગ્ન સંપન્ન થયા બાદ સાંજના આશરે સાડા પાંચ થી છ વાગ્યાના અરસામાં વિદાયના સમયે દિવસના

અજવાળામાં બનવા પામેલ અને તે વિદાય આપવા માટે આશરે ૧૦૦ થી ૨૦૦ માણસો એકત્રીત થયેલા અને ઘરના, કુટુંબના, ફળીયાના તેમજ ગામના માણસો વિદાય આપવા લગ્ન મંડપના મુખ્ય દ્વાર સુધી ગયેલા. આ ચિત્ર અનુસાર ફરિયાદ પક્ષના કેસ મુજબનો આક્ષેપિત બનાવ સાંજના અજવાળામાં લગ્ન પ્રસંગે કન્યા વિદાય માટે ઉપસ્થિત આશરે ૧૦૦ થી ૨૦૦ માણસોની હાજરીમાં બનવા પામેલ છે. ફરિયાદ પક્ષના સાહેદો ધ્વારા સ્વીકારવામાં આવેલ છે કે, બનાવ સમયે અજવાળું હતુ અને ખુદ ફરિયાદીએ પણ સ્વીકારેલ છે કે, બનાવ સમયે અજવાળુ હતુ અને લગ્નમાં ફોટોગ્રાફી અને વીડીયોગ્રાફી પણ કરવામાં આવેલા અને લગ્ન મંડપમાં અને ગેટ ઉપર લાઇટની સગવડો પણ કરવામાં આવેલ. આ હકીકતો રેકર્ડ ઉપર રહેલ હોવા છતા ફરિયાદ પક્ષ ધ્વારા આવા કન્યા વિદાય પ્રસંગે હાજર રહેલ અન્ય કોઇ નજરે જોનાર સાહેદોને તપાસવામાં આવેલ નથી. જે બાબતે ફરિયાદ પક્ષ તરફે કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. જયારે ઉપરોકત મુજબની હકીકતો ખુદ ફરિયાદ પક્ષના પુરાવાઓના આધારે સ્થાપિત થયેલ હોય ત્યારે સવાલ એ ઉત્પન્ન થાય કે, શું આટલા બધા માણસોની હાજરીમાં કોઇ વ્યકિત લગ્ન પ્રસંગે કન્યાને વિદાય આપવા એકત્રીત થયેલ માણસો વચ્ચે ઉભેલ એક ૧૬-૧૭ વર્ષની સગીર કન્યાનો કોઇ ઇરાદા વિના કે બદઇરાદાથી હાથ પકડી મોઢુ દબાવી ખેંચીને દુર સુધી લઇ જાય તેવો બનાવ બની શકે ? આ સવાલની સાથે પુરક સવાલ એવો પણ ઉપસ્થિત થાય કે, જો માનવા ખાતર માની લેવામાં આવે કે, આ રીતે બનાવ બનેલ તો શું ત્યાં હાજર માણસો કે જેમાં મોટા ભાગના ભોગ બનનારના કુટુંબીઓ, સગાઓ અને પરીચીતો હતા અને તેમાં પુરુષો અને સ્ત્રીઓ પણ હતા તો તેઓ પૈકી માત્ર બે-ચાર માણસો, કે જેઓએ પણ ફરિયાદ પક્ષના કેસને તેમના પુરાવાઓથી સમર્થન આપેલ નથી, તેઓએ જ આવો બનાવ જોયેલ હોય ? ફરિયાદ પક્ષના પુરાવાઓ જ આ સવાલોના જવાબો દર્શાવે છે અને આ હકીકતોને કલ્પનાતીત બનાવે છે. સામાન્ય સમજ ધરાવનાર માણસ પણ સમજી શકે તેવી વાત રહેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબની હકીકત અનુસાર કોઇ વ્યકિત લગ્ન પ્રસંગે કન્યાને વિદાય આપવા એકત્રીત થયેલ માણસો વચ્ચે ઉભેલ એક ૧૬-૧૭ વર્ષની સગીર કન્યાનો કોઇ ઇરાદા વિના કે બદઇરાદાથી હાથ પકડી મોઢુ દબાવી ખેંચીને ઘણા બધા માણસોની હાજરીમાં દુર સુધી લઇ જાય તેવો બનાવ બની જ શકે નહીં અને કલ્પી પણ શકાય નહીં. જો ક્ષણભર માટે માની લેવામાં આવે કે, કદાચ આ કલ્પનાથી પર હકીકત

વાસ્તવીક હોય તો પણ તે ખુદ ફરિયાદ પક્ષના મહત્વના સાહેદોના મૌખિક પુરાવાઓ મારફતે રેકર્ડ ઉપર આવેલ હકીકતોના આધારે માત્ર ભ્રમણા જ બની રહે છે. ફરિયાદ પક્ષ ધ્વારા જે સાહેદોને નજરે જોનાર સાહેદો તરીકે રજુ કરવામાં આવેલા છે, તે સાહેદો ધ્વારા ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી. જો આ બાબત અન્ય દ્રષ્ટિકોણથી વિચારીએ તો પણ એ બાબત જણાય આવે છે કે, જો આવો કોઇ બનાવ કન્યા વિદાય સમયે એકત્રીત થયેલ માણસોની હાજરીમાં બનેલ હોય તો તેવા કોઇ આક્ષેપિત બનાવ સમયે હાજર કોઇ નજરે જોનાર સાહેદોને ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા નથી અને તેઓને નહીં તપાસવા બાબતે કોઇ ખુલાસો પણ કરવામાં આવેલ નથી. આ હકીકત અન્ય પાસાથી વિચારણામાં લેતા એ જણાય છે કે, ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, લગ્ન પ્રસંગે વિદાય સમયે ફોટોગ્રાફી અને વીડીયોગ્રાફી કરવામાં આવેલી, તો પણ આવા કોઇ ફોટોગ્રાફ કે વીડીયો પુરાવાના કામે રજુ કરી તેના માઘ્યમથી પણ ફરિયાદ પક્ષ આક્ષેપિત તહોમતની હકીકત સાબીત કરી શકયા હોત. જેનો પણ આ કામે અભાવ જોવા મળે છે. જે હકીકત આરોપીના બચાવ કે, હકીકતમાં એક માનસીક અસ્થિર યુવતી ધ્રારા જાનમાં આવેલ એક યુવકનો મોબાઇલ ઝુંટવી લેતા માણસો ભેગા થયેલા અને તેમાં ઝપાઝપી થયેલી તેને વધુ તાર્કીક બનાવે છે.

(૭૦) ફરિયાદ પક્ષના કેસ મુજબની બનાવ સમયેની સ્થિતી બાબતે પણ ફરિયાદી અને ભોગ બનનારના પુરાવાઓમાં વિસંગતતા જોવા મળે છે અને જે બાબત ફરિયાદ પક્ષના કેસને વધુ શંકાસ્પદ બનાવે છે. ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, કન્યા વિદાય સમયે તમામ સગાવહાલાઓ અને ગામના માણસો દીકરીને મંડપના ગેટ સુધી મુકવા જાય છે અને તેમના પત્ની અને તેમની ભોગ બનનાર દીકરી બંને લગ્ન મંડપના ગેટ સુધી દીકરીને વિદાય કરવા માટે ગયેલા અને દીકરીને વિદાય આપીને તમામ ઘરના માણસો, સગાવહાલાઓ અને ગામના માણસો પરત ફરેલા. ફરીયાદીએ તેમની ઉલટ તપાસના એવા સવાલ કે, “તમારા પત્ની અને દીકરી પણ મંડપના ગેટથી દીકરીને વિદાય કરીને પરત ફરેલા” તેના જવાબમાં જણાવેલ છે કે, તેમના પત્ની પરત ફરેલા પણ તેમની ભોગ બનનાર દીકરી પરત ફરેલ નહી. પુનરાવર્તન છતા એ નોંધનીય છે કે, ભોગ બનનારના પિતા (ફરિયાદી) એ આક્ષેપિત

બનાવ નજરે જોયેલ નથી અને તેમના ધ્વારા તેમની ઉલટ તપાસમાં જણાવવામાં આવેલ આ હકીકતને ફરિયાદ પક્ષના અન્ય કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી. ખુદ ભોગ બનનાર પણ આ હકીકતથી તેમજ ફરિયાદ પક્ષના કેસથી વિસંગત હકીકત તેમની જુબાનીમાં જણાવે છે. ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, દીપીકાને વળાવવા માટે તેણી, તેણીના માતા, સગાસબંધીઓ અને બહેનપણીઓ લગ્નના ગેટ સુધી ગયેલા અને દીપીકાને ગાડીમાં બેસાડીને વળાવી દીધા બાદ તેઓ બધા તેમના ઘરે પરત આવેલા. આમ, ભોગ બનનાર તેમની ઉલટ તપાસમાં તેઓ પણ તેમના માતા, સગાસંબંધીઓ અને બહેનપણીઓ સાથે દીપીકાબેનને વળાવી દીધા બાદ ઘરે પરત આવેલ હોવાની હકીકત જણાવે છે. જે હકીકત વિદાય સમયે આરોપી ભોગ બનનારનો હાથ પકડી મોઢુ દબાવી ખેંચીને દુર સુધી લઈ ગયેલ હોવાની હકીકતને સ્વયં નષ્ટ કરનારી રહેલી છે.

**(૭૧)** જો ફરિયાદીના ઉપરોકત કથનની વાત દલીલ ખાતર માની લઈએ કે, તેમની ભોગ બનનાર દિકરી કન્યા વિદાય બાદ અન્ય લોકો સાથે પરત આવેલ નહીં તો સવાલ એ થાય કે, કન્યા વિદાય માટે ઘણા બધા માણસો ગયેલા અને તેઓ બધા સમુહમાં જ ઉભા હતા અને એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે, ભોગ બનનાર એકલા હતા, તો ભોગ બનનાર આ બધા લોકો સાથે પરત ન આવે તો તે માટે કોઈએ તપાસ કરેલ કે નહીં ? આ સહજ સવાલનો કોઈ જવાબ ફરિયાદ પક્ષના રેકર્ડ ઉપરના પુરાવાઓમાં જોવા મળતો નથી. ખુદ ભોગ બનનારના નજીકના સગાઓના પુરાવાઓના આધારે રેકર્ડ ઉપર એ હકીકત આવેલ છે કે, ભોગ બનનાર માનસીક અસ્વસ્થતા ધરાવનાર રહેલા છે અને તેવા સંજોગોમાં સ્વાભાવિકપણે તેમના માતા-પિતા અને કુટુંબીઓ ધ્વારા તેમનું સવિશેષ ધ્યાન રાખવામાં આવે. તો જયારે ભોગ બનનારના પિતાના જણાવ્યા મુજબ ભોગ બનનાર કન્યા વિદાય પછી પરત આવેલ નહીં અને તેમના પત્નિ જ પરત આવેલા તો ભોગ બનનારના માતા કે ભોગ બનનારના અન્ય કોઈ કુટુંબીઓ ભોગ બનનારને લગ્ન મંડપના દ્રાર ઉપર એકલા મુકી તેને સાથે લીધા વિના પરત ફરી જાય તેવી લાપરવાહી દાખવે તેવી વાત સામાન્ય સમજ ધરાવનાર માણસના ગળે ઉતરે તેવી જણાતી નથી. વિશેષમાં જો ભોગબનનારના માતા પણ ભોગબનનાર સાથે વિદાય સમયે હાજર હોય અને ફરિયાદપક્ષના કેસ મુજબનો

બનાવ ભોગબનનારના માતાની હાજરીમાં બનેલ હોય તો પણ આ કામે ભોગબનનારના માતાને ખુબજ મહત્વના નજરે જોનાર સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. જે બાબત પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને વધુ શંકાસ્પદ બનાવે છે.

**(૭૨)** ઉપરોકત રજુઆત સાથે આરોપી પક્ષ તરફે એવી પણ રજુઆત રહેલી છે કે, જો હાથ પકડી ખેંચી લઈ જવાનો ભોગ બનનાર સાથે બનાવ બનેલ હોય તો ભોગ બનનારના માતા–પિતા અને અન્ય કુટુંબીજનો તથા ગામ લોકો હાજર હોવા છતાં કહેવાતા બનાવ અંગે તાત્કાલીક ફરિયાદ આપવામાં આવેલ નથી અને આ બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી અને તેથી એ હકીકત પુરવાર થાય છે કે, ફરિયાદ પક્ષના જ સાહેદ પ્રકાશભાઈ સોલંકી દ્ધારા જણાવવામાં આવ્યા મુજબ ભોગ બનનારે જાનમાં આવેલ કોઈ વ્યક્તિનો ફોન ઝુંટવી લેતા ઘણા માણસો ભેગા થયેલા અને ઝપાઝપી થયેલી તેવો બનાવ બનેલ અને તેને અલગ જ રંગ આપી ફરિયાદી દ્ધારા પાછળથી બીજા દિવસે ખોટી ફરિયાદ ઉભી કરવામાં આવેલ છે.

**(૭૩)** આ રજુઆત અન્વયે રેકર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લેતા જણાય છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબનો આક્ષેપિત બનાવ તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ સાંજના આશરે સાડા પાંચ થી છ વાગ્યાના અરસામાં બનેલ છે અને ફરિયાદી ધ્વારા આ ગુન્હાની ફરિયાદ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ છે. ફરિયાદી ની ફરિયાદ લેનાર પોલીસ સાહેદ અનિરૂધ્ધસિંહ રાજસિંહે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ બનેલો અને તેની ફરિયાદ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ. તપાસ કરનાર અધિકારી શ્રી એ. જે. અસારીએ પણ તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજના બનાવની ફરિયાદ તા. ૦૭/૦૩/૨૦૨૪ ના રોજ નોંધાયેલી. આમ, એ હકીકત સ્થાપિત થાય છે કે, આક્ષેપિત બનાવ બાદ તુરંત જ આક્ષેપિત ગુન્હાની ફરિયાદ આપવામાં આવેલ નથી કે નોંધાવવામાં આવેલ નથી.

**(૭૪)** ફરિયાદ પક્ષ ધ્વારા ફરિયાદીની ફરિયાદ લેનાર અને તેના આધારે ગુન્હો નોંધનાર પોલીસ સાહેદ અનિરૂધ્ધસિંહ રાજસિંહના પુરાવા દરમિયાન આંક – ૨૪ થી સ્ટેશન ડાયરીની ઓનલાઇન નકલ રજુ થયેલ છે, જે ધ્યાને લેતા જણાય છે કે, ક્રમ

નંબર – ૧૦ ઉપર હાલના ગુન્હાની નોંધ થયેલી છે. આ નોંધમાં રહેલી વિગતો એવું દર્શાવે છે કે, ગુન્હાનું સ્થળ ચીખોદરા ચોકડી શવ શાંતી કલબ પાસે મીરા પાર્ક બાજુમાં લગ્નના મુખ્ય દરવાજા પાસે રહેલ છે, ગુન્હા બન્યાનો સમય અને તારીખ તા. ૦૬/૦૩/૨૦૨૪ કલાક ૧૮:૩૦ રહેલ છે. જયારે કે ફરિયાદ આધારે ગુન્હો નોંધ્યાનો સમય અને તારીખ તા. ૦૭/૦૩/૨૦૨૪ કલાક ૧૭:૦૦ વાગ્યાનો દર્શાવેલ છે. આમ, સ્પષ્ટ રીતે આક્ષેપિત બનાવની ફરિયાદ આશરે ૨૪ કલાક આસપાસના વિલંબથી નોંધાયેલ હોવાનું ફલીત થાય છે. ફરિયાદીની આંક – ૧૨ વાળી ફરિયાદ તથા ફરિયાદીના મૌખિક પુરાવામાં આ વિલંબ અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. આથી, આરોપી પક્ષની રજુઆત અનુસાર જો ભોગ બનનાર સાથે તેણીનો હાથ પકડી મોઢુ દબાવી દુર ખેંચી લઈ જવાનો બનાવ બનેલ હોય તો ભોગ બનનારના માતા–પિતા અને અન્ય કુટુંબીજનો તથા ગામ લોકો હાજર હોવા છતાં તાત્કાલીક ફરિયાદ આપવામાં આવેલ ન હોય તેથી ફરિયાદ પક્ષના સાહેદ પ્રકાશભાઈ દેવસીંગભાઈ સોલંકીએ તેમના પુરાવામાં જણાવ્યા મુજબના ભોગ બનનાર ધ્વારા મોબાઈલ ઝુંટવી લેવા બાબતે માણસો ભેગા થયાના અને ઝપાઝપી થયાના બનાવની હકકીત સાચી ઠરે છે તે વજુદવાળી જણાય છે.

**(૭૫)** ઉપરોકત મુજબની ચર્ચા અનુસાર ફરિયાદપક્ષના કેસની હકીત પરત્વે વ્યાજબી અને દ્રઢ શંકાનું નિર્માણ થયેલ છે. જે શંકા ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૬ તરીકે આંક–૨૧ થી નજરે જોનાર સાહેદ તરીકે તપાસવામાં આવેલ સાહેદ પિયુષકુમાર જયંતિભાઈ પરમારના મૌખકી પુરાવાના આધારે રેકર્ડ ઉપર આવેલ વિસંગત હકીકતોથી વધુ મજબુત બને છે. ફરિયાદપક્ષ એવાં સ્પષ્ટ કેસ સાથે આવેલ છે કે, લગ્ન પ્રસંગે વિદાય સમયે ફરિયાદ હકીકત મુજબનો બનાવ બનેલ છે. ઉપરોકત હકીકતે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલાં સાહેદોના મૌખીક પુરાવાઓ તપાસવામાં આવતાં તેના આધારે એવી હકીકત ફલીત થયેલ છે કે, ફરિયાદપક્ષના આક્ષેપિત તહોમત મુજબનો બનાવ ફરીયાદીના કાકાના દિકરાની દિકરી દિપીકાબેનના લગ્નના દિવસે સાંજના સમયે વિદાય સમયે બનવા પામેલ છે. સામન્ય રીતે જયારે એવું કહેવામાં આવે કે, વિદાય સમયે કોઈ ઘટના ઘટેલી તો તેનો સહજ અને સામાન્ય અર્થ એવો થાય કે, લગ્ન બાદ કન્યાને સાસરે વળાવવા કે મોકલવામાં આવે તે સમયે અથવા કન્યાને પિયરમાંથી વિદાય આપવામાં આવે તે સમયે તેવી ઘટના ઘટેલ છે. ભોગબનનાર અને

ભોગબનનારના પિતાના ઉપરોકત મુજબના મૌખીક પુરાવાના આધારે પણ એવી હકીકત ફલીત થાય છે કે, બનાવના દિવસે લગ્ન બાદ જે કન્યાના લગ્ન હતાં તેને વિદાય આપવામાં આવેલ તે સમયે આક્ષેપિત બનાવ બનેલ છે.

**(૭૬)** ઉપરોકત સહજ હકીકતથી વિરૂધ્ધની હકીકત ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ પિયુષકુમાર જયંતિભાઈ પરમારે તેમની જુબાનીમાં જણાવેલ છે. આ સાહેદની ઉપરોક્ત હકીકત મુજબની સોગંદ ઉપરની સરતપાસની હકીકતોના આધારે ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકિકતોને સમર્થન કરતા ન હોય સાહેદને વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી. શ્રી દ્વારા પુછવામાં આવેલ ઉલટ તપાસના સવાલો દરમ્યાન આ સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, "ગઈ કાલ તા. ૦૬/૦૩/૨૦૨૪ ના રોજ અમારા કુટુંબી રાજેશભાઈ રમેશભાઈ વાઘેલાનાઓની દિકરી દિપીકાના લગ્ન હતા જેમાં અમે બધા લગ્નમાં હતા અને વાઘોડીયા જી. વડોદરાથી જાન આવેલી જેમાં ઘણા બધા જાનૈયા આવેલા અને દિપીકાબેનના લગ્નના ફેરા પુરા થઈ ગયા બાદ જાનમાં આવેલા માણસોને વળાવેલા અને બુધવારનો દિવસ હોય દિપીકાબેનને વળાવેલા નથી." જયારે કે, આ કામના ભોગ બનનારે તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, દીપીકાને વળાવવા માટે તેણી, તેણીના માતા, સગાસબંધીઓ અને બહેનપણીઓ લગ્નના ગેટ સુધી ગયેલા અને દીપીકાને ગાડીમાં બેસાડીને વળાવી દીધા બાદ તેઓ બધા તેમના ઘરે પરત આવેલા.

**(૭૭)** ઉપરોકત રીતે ભોગબનનાર, ભોગબનનારના પિતા અને મહત્વના નજરે જોનાર સાહેદના મૌખીક પુરાવામાં લગ્નના દિવસે જેમના લગ્ન હતાં તે દિપીકાબેનને વળાવેલ કે માત્ર જાનના માણસોને વળાવેલાં તે બાબતે મહત્વનો વિરોધાભાષ રેકર્ડ ઉપર જણાઈ આવે છે. આમ, જો દિપીકાબેનને વળાવેલ ન હોય અને માત્ર જાનમાં આવેલા માણસોને ફરિયાદપક્ષના આ નજરે જોનાર સાહેદના કથન અનુસાર વળાવેલા હોય તો આ સાહેદના કહેવા મુજબ દિપીકાબેનની જાનમાં વરરાજાના ડ્રાઈવર તરીકે આવેલ વિષ્ણુ નામના છોકરાએ અને ફરિયાદ પક્ષના કેસ મુજબ દિપીકાબેનની જાનમાં આવેલા વિષ્ણુ નામના છોકરાએ ભોગ બનનારનો હાથ પકડેલ હોવાની વાત સ્વયં શંકાસ્પદ બની રહે છે.

(૭૮) ફરિયાદપક્ષ એવા કેસ સાથે આવેલ છે કે, દિપીકા બેનના લગ્ન સમયે વિદાય સમયે આરોપીએ ભોગબનનારનો હાથ પકડી મોઢું દબાવી ખેંચી દુર લઇ જઇ જાતિય સતામણિનું કૃત્ય આચરેલ છે. ઉપરોકત મુજબની વિસ્તૃત અને ગહન ચર્ચા અનુસાર ફરિયાદપક્ષના કેસની આ હકીકત ખુદ ફરિયાદપક્ષના રેકર્ડ ઉપર ના પુરાવાઓથી ખુબજ શંકાસ્પદ જણાઇ આવે છે અને આ નિર્માણ થયેલ શંકાના નિરાકરણ માટે ફરિયાદપક્ષ ધ્વારા કોઇ વિશ્વસનીય સમર્થનકારી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. રેકર્ડ ઉપર આ શંકાને નિર્મુળ બનાવનાર કોઇ ખંડનાત્મક સ્વરૂપનો પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. રેકર્ડ ઉપર આ હકીકત રહેલ છે, તેમ છતાં કોઇ બાબત ચકાસ્યા વિનાની રહી ન જાય તે માટે આ પાસાને ફરિયાદપક્ષના પુરાવાઓમાં રહેલી હકીકતને અન્ય પાસથી વિચારણામાં લેવી જરૂરી જણાય છે. ફરિયાદપક્ષના સાહેદોના મૌખીક પુરાવાઓમાં એવી હકીકત રહેલ છે કે, લગ્નમાં વરરાજાની જાનમાં વરરાજાના ડ્રાઇવર તરીકે આવેલ વિષ્ણુનામના છોકરાએ ભોગબનનારનો હાથ પકડેલ. રેકર્ડ ઉપરની આ હકીકત અન્ય પાસાથી મુલવણી કરતાં જણાય છે કે, જો હાલના આરોપી બનાવના દિવસે વાઘોડીયાથી આવેલ જાનમા વરરાજાની ગાડીના ડ્રાઇવર તરીકે વરરાજાના મીત્ર તરીકે આવેલ હોય તો ફરિયાદપક્ષના સાહેદોના કથન અનુસાર વિદાય સમયે બનાવ બનેલ હોય તો તે સમયે હાલના આરોપી વરરાજાની ગાડીના ડ્રાઇવર તરીકે ગાડીમાં બેસેલ હોય અને તે સંજોગોમાં તેઓ વિદાય સમયે બહાર ઉભા હોય તેવી વાત માનવા લાયક જણાતી નથી. ભોગબનનારના પિતા તેમજ અન્ય સાહેદના મૌખીક પુરાવા પર થી એવી હકીકત ફલીત થાય છે કે, લગ્નના દિવસે જે કન્યાના લગ્નન હતાં તેને ગાડીમાં વળાવી દીધા બાદ બનાવ બનેલ અને ભોગબનનાર ઘરે પરત આવેલ નહી. ઉપરોકત હકીકતને આ હકીકત સાથે મુલ્યાંકીત કરતાં સ્પષ્ટ થાય છે કે, જો હાલના આરોપી વરરાજાની ગાડીના ડ્રાઇવર તરીકે જાનમાં આવેલ હોય તો વિદાય આપવાના સમયે તેઓ ડ્રાઇવર તરીકે વરરાજાની ગાડીમાં બેસેલ હોય અને કન્યાને વિદાય આપી ગાડીમાં બેસાડી દીધા બાદ વળાવી દેવામાં આવેલ હોય તો સ્વભાવીક રીતે તેઓ વરરાજા અને કન્યાને લઇ વરરાજાની ગાડીના ડ્રાઇવર તરીકે ત્યાંથી નીકળી ગયેલ હોય. આ સંજોગોમાં પણ ફરિયાદપક્ષના આક્ષેપિત કેસની હકીકત મુજબ આરોપી વરરાજાની ગાડીના ડ્રાઇવર તરીકે જાનમા આવેલ હોય તેથી કન્યાને વિદાય આપ્યા બાદ અથવા બીજા શબ્દોમાં જાનને વળાવી દીધા બાદ હાલના

આરોપીની સ્થળ ઉપર હાજરી શંકાસ્પદ બની રહે છે. જે બાબત પણ આરોપીપક્ષની આરોપી વિરૂધ્ધ ખોટો કેસ ઉભો કરેલ હોવાની રજુઆતને બળ પ્રદાન કરે છે.

(૭૯) ઉપરોકત મુજબની ચર્ચા અનુસાર રેકર્ડ ઉપર ઉદભવેલાં સંજોગો આરોપી પક્ષ તરફેની રજુઆત કે, આટલા બધા લોકોની હાજરીમાં ભોગ બનનારને લોકો વચ્ચેથી હાથ પકડી ખેંચી ઢસડી લઈ જવાનો બનાવ બને તે બાબત જ માનવામાં આવે તેવી નથી અને જો આવો કોઈ બનાવ બનેલ હોય તો પણ અસંખ્ય માણસોની હાજરીમાં બનેલો, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસના આક્ષેપિત તહોમતની હકીકતને કોઇ પણ નજરે જોનાર સ્વતંત્ર સાહેદ દ્વારા વિશ્વસનિય સમર્થન આપવામાં આવેલ નથી અને તેથી ભોગબનનારે જાનમાં આવેલ કોઇ યુવકનો મોબાઇલ ઝુંટવી લેતાં નાશભાગ થયેલ અને માણસો ભેગા થયેલા અને ઝપાઝપી થયેલ અને તે બનાવને ખોટું સ્વરૂપ આપી ખોટો કેસ કરેલ હોવાની હકીકત ઘણા અંશે માનવા લાયક જણાય છે.

(૮૦) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા તેમજ આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા અનેક ચુકાદાઓમાં સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો જાતીય ગુન્હાનો ભોગ બનનાર સ્ત્રી કે બાળકીનો મૌખિક પુરાવો વિશ્વાસ સંપાદિત કરનારો, નિષ્કલંક અને માનવાલાયક રહેલો હોય તો તે શ્રેષ્ઠતાવાળો અને ઉત્કૃષ્ઠ પુરાવો છે અને તેના એક માત્ર આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવ્યા મુજબ જાતીય હુમલાનો ભોગ બનેલી સ્ત્રી કે બાળકી, આવા ગુન્હાની સહયોગી નથી પરંતુ અન્ય વ્યક્તિની વાસનાનો શિકાર થયેલ છે અને તેથી આવા ગુન્હાના ભોગ બનનારના પુરાવાનું ગુન્હામાં સાથીદારની જેમ શંકાની સમાન માત્રા સાથે પરીક્ષણ કરવાની જરૂર નથી. ભોગ બનનારના પુરાવાને તેના સમર્થનકારી પુરાવા વિના પણ આરોપીને કસુરવાર ઠરાવવા ધ્યાને લઇ શકાય છે. જાતીય ગુન્હાનો ભોગ બનનારનો મૌખિક પુરાવો અન્ય કેસમાં ઈજા પામનાર સાહેદના પુરાવાથી પણ વધુ ઉંચી માત્રાનો રહેલો છે. પુરાવા અધિનિયમમાં એવી કોઈ જોગવાઇ રહેલી નથી કે જે જાતીય ગુન્હાનો ભોગ બનનારના મૌખિક પુરાવાને સમર્થનકારી પુરાવાનો આગ્રહ રાખે. આમ, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જાતીય ગુન્હાઓના ભોગ બનનારના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવા અંગે અને ભોગ બનનારના મૌખિક પુરાવાનું પુરાવાકીય મુલ્ય કેટલું છે તે અંગે પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ જો ભોગ બનનારનો મૌખિક પુરાવો વિશ્વસનિય, માનવા લાયક, ખાતરી કરાવનારો અને નિષ્કલંક રહેલ હોય તો તેના એક માત્ર આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય છે અને ભોગ બનનારના

મૌખિક પુરાવાને સમર્થનકારી કોઇ પુરાવાની આવશ્યકતા નથી. પરંતુ જ્યારે ભોગબનનારનો મૌખિક પુરાવો વિશ્વસનિયતાની કસોટીના એરણ ઉપર પસાર થઈ શકે તેવો રહેલો ન હોય કે તેવો મૌખિક પુરાવો માનવાલાયક કે ખાતરી કરાવનારો ન હોય ત્યારે ચોક્કસપણે ભોગબનનારના મૌખિક પુરાવાને વિશ્વસનિય સમર્થનકારી પુરાવાઓથી સમર્થન મળવુ પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ આવશ્યક છે.

(૮૧) ઉપરોક્ત મુજબની ચર્ચા અનુસાર ફરિયાદી અને ભોગબનનારના મૌખિક પુરાવાની વિશ્વસનિયતા સંદેહાત્મક જણાય છે ત્યારે ફરિયાદપક્ષના કેસને અન્ય વિશ્વસનિય સમર્થનકારી પુરાવાઓથી કોઈ સમર્થન પ્રાપ્ત થયેલ છે કે કેમ? તે બાબત પણ ઉપરોકત મુજબ ના મૌખીક પુરાવાના વિસ્તૃત મુલ્યાંકનની ચર્ચાના આધારે ચકાસવામાં આવેલ છે. ઉપરોકત મુજબની ચર્ચાને આધિન નિર્માણ થયેલ હકીકતો અને સંજોગો ધ્યાને લેતા પણ આક્ષેપિત તહોમતવાળો બનાવ દિવસના સમયે સાંજના આશરે સાડા પાંચ થી છ વાગ્યાના અરસામાં અજવાળામાં લગ્ન પ્રસંગે કન્યા વિદાય સમયે ૧૦૦ થી ૨૦૦ માણસોની હાજરીમાં બનેલ હોવાથી આટલાં બધા નજરે જોનાર સાહેદો હોવા થી ભોગબનનારના મૌખિક પુરાવાને કાયદાના સિદ્ધાંતો મુજબ સમર્થન મળવુ અપેક્ષિત રહેલ હોવા છતાં આવા કોઇ પણ સ્વતંત્ર નજરે જોનાર સાહેદોના મૌખીક પુરાવાઓથી ફરિયાદપક્ષના કેસને કોઇ સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આ કામના ભોગબનનારનો મૌખિક પુરાવો ઉપરોક્ત ચર્ચાને આધિન સંપુર્ણપણે વિશ્વસનિય, માનવાલાયક અને નિષ્કલંક રહેલ નથી અને ભોગબનનારના મૌખિક પુરાવાને અન્ય કોઈ વિશ્વસનિય સમર્થનકારી પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

(૮૨) ઉપરોક્ત મુજબની ચર્ચાને આધીન ફરિયાદી અને ભોગબનનારના મૌખિક પુરાવાઓ સંપુર્ણપણે વિશ્વસનિય, માનવા લાયક અને ખાતરી કરાવનારા રહેલા નથી અને તેમના મૌખિક પુરાવાઓને અન્ય કોઈ વિશ્વસનિય સમર્થનકારી પુરાવાઓથી પણ સમર્થન પ્રાપ્ત થતું નથી અને ઉપરોક્ત હકિકતે ફરિયાદપક્ષના કેસ પરત્વે નિર્માણ થયેલ વ્યાજબી શંકાને નિર્મુળ કરતો કે ખંડન કરતો કોઈ વિશ્વસનિય ખંડનાત્મક પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ નથી.

(૮૩) આ કામે ન્યાયોચિત નિર્ણય માટે કોઈ હકીકત કે બાબત ચકાસવાની રહી ન જાય તેની ખાતરીના ભાગરૂપે આ અદાલત દ્વારા ભોગબનનારના મૌખિક પુરાવાના મુલ્યાંકન સમયે ભોગબનનારના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪ ના નિવેદનને પણ વિચારણામાં લેવામાં આવેલ છે. ભોગબનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪

મુજબનું નિવેદન આંક–૧૬ થી રજુ થયેલ છે. આ કામના ભોગબનનારને તેમની સરતપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ કે, ''તમને જજ સાહેબ પાસે લઇ ગયેલાં? તેના જવાબમાં ભોગબનનારે માત્ર મોઢું હલાવીને ''હા'' પાડેલ છે અને તે નિવેદનમાં કોના અંગુઠાનું નિશાન છે તેવું પુછવામાં આવતાં ભોગબનનારે ફકત ''મારા'' એવો જવાબ આપેલ છે. જે હકીકતના આધારે ભોગબનનારનું સદર ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આંક–૧૬ થી આ કામે રજુ થયેલ છે.

(૮૪) આ કામે ભોગબનનારનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪ મુજબનું નિવેદન કલમ ૧૬૪ ના પ્રબંધો મુજબ નોંધવામાં આવેલ છે અને આ કલમ ૧૬૪ મુજબનું નિવેદન વિદ્ધાન મેજીસ્ટ્રેટશ્રી દ્ધારા નોંધવામાં આવેલ છે. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ અન્વયે નોંધવામાં આવેલ નિવેદનની પુરાવામાં સ્વીકાર્યતા, ગ્રાહયતા અને પુરાવાકીય મૂલ્ય બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત અને આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્ધારા પ્રસ્થાપીત કરવામાં આવેલા સિધ્ધાંતો વિચારણામાં લેવા આવશ્યક જણાય છે. નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ઉચ્ચ અદાલત દ્ધારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ કલમ–૧૬૪ નું નિવેદન મુખ્ય પુરાવો રહેલ નથી અને તે માત્ર મૌખિક પુરાવાને સમર્થનકારી પુરાવો રહેલ છે અને આ નિવેદન માત્ર ભોગ બનનારના અદાલત સમક્ષના પુરાવાને સમર્થન માટે ઉપયોગમાં લઈ શકાય છે અને તે સિવાય તેનું કોઈ પુરાવાકીય મુલ્ય રહેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા બૈજ નાથ સાહુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બીહાર ના કેસના (૨૦૧૦) ૬ એસ.સી.સી. ૭૩૬ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ નું નિવેદન એ મુખ્ય કે સમર્થનકારી પુરાવો નથી અને તે માત્ર સાહેદ દ્ધારા અદાલત સમક્ષ આપવામાં આવતા સોગંદ ઉપરના નિવેદનના સમર્થન માટે કે વિરોધાભાસ માટે જ ઉપયોગમાં લઈ શકાય છે અને આવું નિવેદન એ માત્ર અગાઉનું નિવેદન ગણાય.

(૮૫) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ હેઠળના નિવેદન નોંધવા પાછળ નો હેતુ સાક્ષીને તેના અગાઉના કથનને ફેરવી તેનો ઈન્કાર કરવાની શકયતા ઘટાડવાનો તથા ફરિયાદ પક્ષના પુરાવાની સુદઢતા મજબુત કરવાનો છે. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૬૪ હેઠળનું નિવેદન એ મુખ્ય, મૂળભૂત, નોંધપાત્ર કે સમર્થનકારી પુરાવો નથી અને આવું નિવેદન કાયદાની સ્થાપિત પરિસ્થિતિ મુજબ માત્ર અગાઉનું નિવેદન કહેવાય છે અને પુરાવા અધિનીયમની કલમ–૧૫૭ અને ૧૪૫ ની જોગવાઈઓને આધિન અદાલત સમક્ષના સાહેદના સોગંદ ઉપરના પુરાવાના સમર્થન અથવા વિરોધાભાસની હકીકતોની સાબિતિ માટે જ તેનો

ઉપયોગ કરી શકાય છે. પુરાવાનો એવો કોઈ નિયમ નથી કે સાહેદનું અગાઉનું નિવેદન સાચા અને ખરા તરીકે ઉપયોગ કરવું અને પાછળનું નિવેદન વિરોધાભાસી હોવાથી તેને રદ કરવું. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન ચોકકસપણે સમર્થ મેજીસ્ટ્રેટ દ્વારા કાયદાની પ્રકીયાઓનું અનુસરણ કરીને નોંધવામાં આવે છે અને આવા નિવેદન હેઠળ નિવેદકની સહી પણ લેવામાં આવે છે. પરંતુ જયારે આવું નિવેદન આપનાર સાહેદ દ્વારા તેમની અદાલત સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં આ નિવેદનની હકીકતોથી વિપરીત હકીકત જણાવવામાં આવે અને પ્રતિકુળ અસરોવાળી હકીકતો જણાવવામાં આવે અથવા તો જ્યારે આવુ નિવેદન આપનાર સાહેદનો અદાલત સમક્ષનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વસનિય અને માનવા લાયક રહેલ ન હોય ત્યારે સાહેદના આવા એકમાત્ર કલમ-૧૬૪ અન્વયેના નિવેદનના આધારે ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહીં. જયારે રેકર્ડ ઉપરના પુરાવાઓના આધારે સાહેદના અગાઉના નિવેદન પરત્વે શંકાસ્પદ હકીકતો ઉપસ્થિત થયેલ હોય ત્યારે સાહેદનું કલમ-૧૬૪ નું નિવેદન સાર્વત્રિક રીતે સાચું અને ખરું હોવાનું સ્વીકારી શકાય નહી. જ્યારે કોઈ સાહેદ અદાલત સમક્ષના તેમના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદપક્ષના કેસ પરત્વે વિશ્વસનિય હકીકતો ન જણાવે ત્યારે સાહેદનું કલમ ૧૬૪ મુજબનું નિવેદન સમર્થનકારી સામગ્રી તરીકે ફરિયાદ પક્ષને મદદરૂપ બનતું નથી. પુરાવાના નિયમ અનુસાર સાહેદ દ્વારા અદાલત સમક્ષ સોગંદ ઉપર આપવામાં આવેલ પુરાવો પવિત્ર હોય છે અને તેથી જ તેને નોંધપાત્ર અને સાર્થક પુરાવા તરીકે માનવામાં આવે છે.

(૮૬) ઉપરોકત મુજબની કાયદાની સ્થાપિત પરિસ્થિતિ નજર સમક્ષ રાખી હાથ ઉપરના કેસની હકીકતો અને સંજોગો વિચારણામાં લેતા એ હકીકત સ્વીકૃત રીતે ફલીત થાય છે કે, હાલના કેસમાં ફરિયાદ પક્ષ જે ભોગ બનનાર સાહેદના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪ ના નિવેદન ઉપર આધાર રાખી ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું જણાવે છે તે ભોગ બનનાર સાહેદનો અદાલત સમક્ષનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર સંપુર્ણપણે વિશ્વસનિય, ખાતરી કરાવનારો, માનવા લાયક, નિષ્કલંક અને તમામ શંકાઓથી પર રહેલો નથી. ઉપરોક્ત હકિકતે ફરિયાદી અને ભોગબનનારના મૌખિક પુરાવાઓમાં ફરિયાદપક્ષના કેસની મહત્વની અને મુદ્દાની હકીકતોને પાયામાં અસર કરનારી વિસંગતતાઓ જોવા મળેલ છે અને ફરિયાદી તથા ભોગબનનારના મૌખિક પુરાવાઓ વિશ્વસનિય રહેલા નથી અને અન્ય કોઈ વિશ્વસનિય સમર્થનકારી પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી તેમજ ફરિયાદપક્ષ ધ્વારા સ્વતંત્ર સાહેદ તરીકે તપાસવામાં આવેલા નજરે જોનાર સાહેદો ધ્વારા પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને વિશ્વસનીય સમર્થન આપવામાં આવેલ નથી. ભોગબનનારે તેમના મૌખીક પુરાવામાં ઉપરોકત હકીકતે ભિન્ન ભિન્ન અને અલગ અલગ

હકીકતો જણાવેલ છે અને જે હકીકતો તેમના ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૬૪ ના નિવેદનથી પણ ભિન્ન અને અલગ રહેલ છે. જે બાબત પણ પરસ્પર વિરોધાભાસી રહેલ છે. વિશેષમાં ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર રેકર્ડ ઉપરના પુરાવાઓના આધારે ઉદ્‌ભવેલ હકીકતો અને સંજોગો ચોક્કસપણે ફરિયાદપક્ષના કેસ પરત્વે શંકાનું નિર્માણ કરે છે અને ફરિયાદપક્ષના કેસને શંકાસ્પદ બનાવે છે. કાયદાના નિયમ અનુસાર સાહેદનો અદાલત સમક્ષનો સોગંદ ઉપરનો પુરાવો જ નોંધપાત્ર અને સાર્થક પુરાવો કહેવાય છે અને કલમ ૧૬૪ નું નિવેદન એ મૂળભૂત, સાર્થક કે નોંધપાત્ર પુરાવો રહેલો નથી. હાથ ઉપરના કીસ્સામાં જયારે આંક–૧૬ વાળું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪ નું નિવેદન આપનાર ભોગ બનનાર સાહેદનો મૌખિક પુરાવો વિશ્વસનિય, માનવા લાયક અને નિષ્કલંક રહેલો નથી અને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓના આધારે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકાસ્પદ હકીકતો નિર્માણ પામેલ છે ત્યારે ફરિયાદપક્ષના કેસને ભોગબનનારના આ કલમ ૧૬૪ ના નિવેદનથી પણ કોઈ સમર્થન પ્રાપ્ત થતું હોવાનું કહી શકાય નહી તેમજ ભોગ બનનાર સાહેદના આવા એકમાત્ર કલમ ૧૬૪ અન્વયેના નિવેદનના આધારે ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહીં.

(૮૭) ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર તેમજ ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓના આધારે ફરિયાદપક્ષના કેસ પરત્વે વ્યાજબી શંકાનુ નિર્માણ થયેલ છે અને આ કામે આરોપી સામે આક્ષેપિત તહોમત અંગેના આવશ્યક તત્વો અસ્તિત્વ ધરાવતા હોવાનું અને આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકતો નિ:શંકપણે પુરવાર થયાનું ફરિયાદપક્ષ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર ફરિયાદપક્ષના કેસ પરત્વે નિર્માણ થયેલ શંકાનો લાભ આરોપી મેળવવા હકદાર રહેલા હોય ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નંબર ૦૨ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નંબર ૦૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>આખરી હુકમ</u> :–**

(૧) ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમની ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી **વિષ્ણુકુમાર વિપીનભાઈ બારીયા,** ઉ.વ. ૨૭ રહેવાસી– મુ.વાઘોડીયા, જયઅંબે ચોકડી પાસે, જી. વડોદરા, મુળ રહેવાસી–લફની, ડુમા, મસાબાર, તા. જાંબુઘોડા, જી. પંચમહાલનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ તથા જાતિય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનીયમની કલમ–૧૨ અને ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી વિશ્વાસનીય પુરાવાઓના અભાવે વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીના જામીન તેમજ જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૩)** ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૩૭ (એ) ની જોગવાઈઓને આધીન આ કેસના આરોપીએ આ હુકમ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થાય તો હાજર રહેવા રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના જાત જામીન તથા તેટલી જ રકમના જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૨૯મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

(એસ.આઈ.ભોરણીયા)
સ્પેશ્યલ જજ (પોકસો)અને
એડીશ્નલ સેશન્સ જજ
આણંદ
UIC–00606

તા. ૨૯/૦૬/૨૦૨૬
સ્થળ–આણંદ

સ્ટેનોગ્રાફર:એન.એમ.સિંધી